દૈનિક **મુંબઈ સમાચાર**

૨૦૪ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 274 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 November 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

ગુરુવાર, ૨૦ નવેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દિલ્હી બ્લાસ્ટ કરાવ્યાની પાકિસ્તાનની કબૂલાત

**બલૂચિસ્તાનનો બદલો પહલગામથી દિલ્હી સુધીના ટેરર-કાંડ કરાવીને લીધો: ચૌધરી અનવરઉલ હક**

નવી દિલ્હી : પાકિસ્તાને તે સરહદપાર આતંકવાદને ભડકાવે છે એવી કબૂલાત કરી છે. પાકિસ્તાનના નેતા અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના ભૂતપૂર્વ વડા પ્રધાન ચૌધરી અનવરઉલ હકે કહ્યું હતું કે આતંકવાદી જૂથોએ ભારતમાં ‘લાલ કિલ્લાથી કાશ્મીરના વનમાં’ હુમલા કર્યા હતા. હકની ટિપ્પણીમાં ૧૦ નવેમ્બરે દિલ્હીના સીમાચીહ્નરૂપ સ્મારક લાલ કિલ્લાની નજીક કાર બ્લાસ્ટનો (જુઓ પાનું ૨) ▸▸




## અલ-ફલાહ યુનિવર્સિટીના અધ્યક્ષે ૪૧૫ કરોડ રૂપિયા ઠગાઈથી ભેગા કર્યા

### જાવેદ અહમદ સિદ્દીકી ભાગી જાય એવી ઈડીને શંકા

નવી દિલ્હી: ઍન્ફૉર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ બુધવારે કોર્ટને માહિતી આપી હતી કે પોતાનાં ટ્રસ્ટ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ મારફતે અલ-ફલાહ યુનિવર્સિટીના ચૅરમૅન જાવેદ અહમદ સીદ્દીકીએ અપ્રામાણિક રીતે ૪૧૫ કરોડ રૂપિયાનું ભંડોળ મેળવ્યું હતું.

દિલ્હી હાઈ કોર્ટે બુધવારે અલ-ફલાહ ગ્રૂપના અધ્યક્ષ જાવેદ અહમદ સિદ્દીકીને ૧૩ દિવસની ઈડી કસ્ટડી આપી હતી. જોકે ઈડીએ ૧૪ દિવસની (જુઓ પાનું ૨) ▸▸

## જૈશ-એ-મોહંમદ વધુ ફિદાઈન હુમલાની ફિરાકમાં

**જૈશ-એ-મોહંમદ ડિજિટલી ભીખ માગતું થઈ ગયું છે**

નવી દિલ્હી: દિલ્હી બ્લાસ્ટ સાથે સંકળાયેલા પાકિસ્તાનસ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહંમદ ફિદાઈન ટુકડી તૈયાર કરી ભારતમાં વધુ હુમલા કરવા માટે ભંડોળ એકઠું કરી રહ્યું હોવાનું ગુપ્તચર ખાતાના સૂત્રોએ બુધવારે ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. દિલ્હી બ્લાસ્ટ કેસને મામલે ચાલી રહેલી તપાસ દરમિયાન આ બાબત પ્રકાશમાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ‘સદાપે’ નામથી જાણીતી પાક. ઍપ સહિત અન્ય ડિજિટલ માધ્યમ મારફતે જૈશ-એ-મોહંમદના નેતાઓ ભંડોળ માટે હાકલ કરી રહ્યા છે.

હુમલા માટે મહિલા આત્મઘાતી બૉમ્બરનો ઉપયોગ કરવાની તેઓ યોજના ઘડી રહ્યા હોવાની પણ શક્યતા છે. જૈશ-એ-મોહંમદ સંગઠન મહિલા પાંખ પણ ધરાવે છે. આતંકવાદીઓના આકા મસૂદ અઝહરની બહેન સાદિયા આ એકમનું નેતૃત્વ કરે છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનના બહાવલપુરસ્થિત જૈશ-એ-મોહંમદની છાવણી નેસ્તનાબૂદ કરવા ભારતે હાથ ધરેલા ઑપરેશન સિંદૂર બાદ આ મહિલા પાંખ શરૂ કરવામાં (જુઓ પાનું ૨) ▸▸

## ૩૫થી વધુ હત્યાકાંડ સાથે અનમોલ બિશ્નોઈને સીધો સંબંધ

### એવી એનઆઈએની કોર્ટમાં રજૂઆત: ૧૧ દિવસની કસ્ટડી અપાઈ



નવી દિલ્હી: દિલ્હીની એક કોર્ટે બુધવારે એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાના આરોપી અનમોલ બિશ્નોઈને ૧૧ દિવસની એનઆઈએ કસ્ટડીમાં મોકલ્યો છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અને નજીકના સાથી અનમોલને અમેરિકાથી દેશનિકાલ પર ધરપકડ કર્યા બાદ સાંજે પાંચ વાગ્યે કડક સુરક્ષા વચ્ચે પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કર્યો હતો.

વિશેષ ન્યાયાધીશ પ્રશાંત શર્માએ આરોપીની ૧૫ દિવસની કસ્ટડીમાં પૂછપરછ કરવાની એજન્સીની અરજી પર અનમોલને (જુઓ પાનું ૨) ▸▸

## ‘મોદીને ખતમ કરો’

### આવી ધમકી આપી ડીએમકેના નેતાએ પીએમને નરકાસુર કહ્યા

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તમિળનાડુની મુલાકાત અગાઉ ડીએમકેના એક પદાધિકારીએ મોદીને જાનથી મારી નાખવાની આપેલી ધમકી બાદ રાજ્યમાં મોટો રાજકીય વિવાદ ભડકી ઊઠ્યો છે. ભાજપે ડીએમકેના આ નેતાની તાત્કાલિક ધરપકડ કરવાની માગણી કરી છે. ડીએમકેના દક્ષિણ જિલ્લા સચિવ જયપાલને પક્ષના એક કાર્યક્રમ દરમિયાન આપેલા ભાષણનો વીડિયો વાઈરલ થયા બાદ મંગળવારે આ વિવાદ ભડકી ઊઠ્યો હતો.

ભાજપના વિધાનસભ્ય નૈનાર નાગેન્દ્ર દ્વારા જાહેર (જુઓ પાનું ૨) ▸▸

## ૩.૫ અબજ વૉટ્સઍપ યુઝર્સનો ડેટા લીક થયો

### સાથે જ બે અબજ ઈમેલ ઍડ્રેસ અને ૧.૩ અબજ પાસવર્ડ લીક થયા?

નવી દિલ્હી: બે અબજ ઇમેલ ઍડ્રેસ ૧.૩ અબજ પાસવર્ડ સાથે લીક થયા હોવાનું અને જાહેર થયેલા ‘લૉગઇન’ની વિગત ઓનલાઇન સર્ક્યુલેટ થતી હોવાનું કહેવાય છે. આટલું જ નહીં આઠ વર્ષ જૂની (જુઓ પાનું ૨) ▸▸

## નીતીશ આજે સીએમ બનશે

**શપથગ્રહણ સમારંભમાં મોદી, અમિત શાહ સહિતના મહારથીઓ હાજરી આપશે**



પટણા: બિહારમાં એનડીએના નવા ચૂંટાયેલા વિધાનસભ્યોની અહીં બુધવારે યોજાયેલી બેઠકમાં જનતા દળ (યુ)ના વડા નીતીશકુમાર એનડીએના બિહાર એકમના નેતા ચૂંટાયા હતા.

નીતીશકુમાર ગુરુવારે પટણાના ઐતિહાસિક ગાંધી મેદાન ખાતે બિહારના મુખ્ય પ્રધાન તરીકે દસમી વખત શપથ લેશે. આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિતના મહાનુભાવો (જુઓ પાનું ૨) ▸▸




11 DAYS

Explore VIETNAM

DEP DATES: 25th DEC | 03rd JAN | 22nd JAN | 05th FEB | 21st FEB | 07th MAR | 19th MAR | 11th APR | 23rd APR | 07th MAY | 21st MAY | 04th JUN | 18th JUN | 26th SEP

PACKAGE INCLUSIONS

- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.



SHAH HOLIDAYS

203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.

07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

sales@shahholidays.com www.shahholidays.com

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ મધ્ય પ્રદેશ ફોર્મ્યુલાથી વરસમાં નીતીશને ઘરભેગા કરી શકે

**બિહારમાં** અંતે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ મેલ કરવત મોચીના મોચી કરીને ફરી નીતીશ કુમારને મુખ્યમંત્રી બનાવવાનું નક્કી કરી નાખ્યું. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠક જીતીને સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો પછી એવી અટકળો ચાલેલી કે, ભાજપ આ વખતે નીતીશ કુમારના બદલે પોતાના મુખ્યમંત્રી બેસાડવાની મમતે ચડી શકે છે. એનડીએના સાથી પક્ષોમાં ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી ભાજપની પડખે હોવાથી ભાજપનું પલ્લું ભારે છે. આ કારણે ભાજપ નીતીશને હટી જવા દબાણ કરશે એવું લાગતું હતું પણ ભાજપે એવું કશું નહીં કરીને નીતીશની પસંદગી પર મત્તું મારી દીધું. જેડીયુએ નીતીશને વિધાનસભામાં નેતા ચૂંટ્યા એ પછી મળેલી એનડીએના ધારાસભ્યોની બેઠકમાં પણ મિનિટોમાં તો નીતીશ નેતા તરીકે ચૂંટાઈ આવ્યા તેના પરથી જ સ્પષ્ટ છે કે, ભાજપે પહેલેથી નીતીશ પર કળશ ઢોળવાનું નક્કી કરી નાખેલું.

ભાજપે મત્તું મારતાં ગુરુવારે સવારે નીતીશ કુમારની તાજપોશી થશે ને નીતીશ ૧૦મી વાર બિહારના મુખ્યમંત્રીપદના શપથ લેશે એ નક્કી થઈ ગયું છે. નીતીશની સાથે ભાજપના બે ધારાસભ્ય નાયબ મુખ્યમંત્રીપદના શપથ લેશે એ પણ નક્કી છે. ભાજપ સાથે જોડાણની શરૂઆતથી નીતીશ કુમાર ભાજપને નાયબ મુખ્યમંત્રીપદ આપે જ છે અને ૨૦૦૫માં નીતીશ પહેલી વાર ભાજપના ટેકાથી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ સિલસિલો ચાલે છે. ૨૦૦૫થી ૨૦૧૩ સુધી સુશીલ કુમાર મોદી નાયબ મુખ્યમંત્રીપદે રહેલા. ૨૦૧૩માં નરેન્દ્ર મોદીને વડા પ્રધાનપદના ઉમેદવાર બનાવવાના ભાજપના નિર્ણયથી વંકાઈને નીતીશ લાલુપ્રસાદ યાદવના પડખામાં ભરાયા ત્યારે ભાજપ પાસેથી નાયબ મુખ્યમંત્રીપદ ગયેલું પણ ૨૦૧૭માં નીતીશ પાછા ભાજપના પડખામાં ભરાયા એટલે સુશીલ મોદી પાછા નાયબ મુખ્યમંત્રી બની ગયેલા.

જો કે એ પછી ભાજપે બે વાર નાયબ મુખ્યમંત્રીઓ બદલ્યા છે. ૨૦૨૦માં જેડીયુને બહુ ઓછી બેઠક મળી હોવા છતાં ભાજપે નીતીશને મુખ્યમંત્રી બનાવેલા પણ સુશીલ મોદીને કોરાણે મૂકીને તારકિશોર પ્રસાદ અને રેણુદેવીને નાયબ મુખ્યમંત્રી બનાવેલાં. નીતીશ ૨૦૨૨માં પાછા આરજેડીના પડખામાં ભરાયા ત્યારે ભાજપ પાસેથી મુખ્યમંત્રીપદ ગયેલું. નીતીશ ૨૦૨૪ના જાન્યુઆરીમાં પાછા ભાજપમાં આવ્યા ત્યારે તારકિશોર પ્રસાદ અને રેણુદેવીને રિપીટ કરવાના બદલે ભાજપે નવી ગિલ્લી નવો દાવ કરીને સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહાને મુખ્યમંત્રી બનાવ્યા હતા.

આ વખતે પણ ભાજપ એ સિલસિલો ચાલુ રાખીને સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહાને રવાના કરી દેશે એવું લાગતું હતું પણ ભાજપે બધાંને ખોટા પાડ્યા છે. ભાજપના ધારાસભ્યોએ સમ્રાટ ચૌધરીને નેતાપદે ચૂંટ્યા છે એટલે એક નાયબ મુખ્યમંત્રી તો સમ્રાટ ચૌધરી હશે એ નક્કી છે. ઉપનેતા તરીકે ચૂંટાયેલા વિજય કુમાર સિંહા ચૂંટાયા છે તેથી બીજા નાયબ મુખ્યમંત્રી સિંહા બને એવી પૂરી શક્યતા છે. સમ્રાટ અને સિંહાને ભાજપે જ્ઞાતિનાં સમીકરણો સાચવવા માટે નાયબ મુખ્યમંત્રી બનાવેલા ને એ સમીકરણોને સાચવવા તેમને ફરી રિપીટ કરાય એવી પૂરી શક્યતા છે. ભાજપમાંથી સમ્રાટ અને સિંહાની જોડી રીપીટ થશે તો બિહારમાં ફરી નીતીશ, સમ્રાટ અને સિંહાની ત્રિપુટી આવી જશે.

નીતીશ ફરી મુખ્યમંત્રી બનતાં બિહારમાં હાલ પૂરતું ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે પણ ભાજપ આ સ્થિતિ લાંબો સમય નહીં રાખે એવી અટકળો ચાલી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ નીતીશને એકાદ વર્ષ પૂરતા મુખ્યમંત્રીપદે રાખશે ને પછી મહારાષ્ટ્રની ફોર્મ્યુલા અપનાવીને જેડીયુમાં ભંગાણ પડાવીને નીતિશને રવાના કરી દેશે. ભાજપ ખરેખર એવું વિચારે છે કે નહીં એ ખબર નથી પણ મહારાષ્ટ્રમાં શિવસેનામાં પડાવ્યું એ રીતે બિહારમાં જેડીયુમાં ભંગાણ પડાવવાનું કામ સરળ નથી અને ભાજપ પાસે કારણ પણ નથી.

મહારાષ્ટ્રમાં ભાજપે શિવસેનામાં ભંગાણ પડાવ્યું કેમ કે ભાજપ સત્તામાં નહોતો. મહારાષ્ટ્રમાં શિવસેના પાસે ૬૧ ધારાસભ્યો હતા ને ભાજપે તેમાંથી ૪૧ ધારાસભ્યોને તોડીને એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવાની લાલચ આપીને શિવસેનામાં ભંગાણ પડાવેલું. બિહારમાં નીતીશ પાસે ૮૫ ધારાસભ્યો છે તેથી ભાજપે જેડીયુમાં ભંગાણ પાડવું હોય તો ૫૭ ધારાસભ્યોને તોડવા પડે. બંધારણીય જોગવાઈ પ્રમાણે કોઈ પક્ષના બે તૃતિયાંશ ધારાસભ્યો એક સાથે જાય તો પક્ષપલટાનો ધારો ના લાગુ પડે. હવે આટલા ધારાસભ્યો તોડવા એ નાનીમાના ખેલ નથી.

બીજું એ કે, બિહારમાં ભાજપ સત્તામાં છે ને નીતીશ તેમના માટે કોઈ મુશ્કેલી ઊભી કરી રહ્યા નથી. કેન્દ્રમાં પણ નીતીશના ટેકાથી ભાજપ સરકાર ચલાવે છે તેથી નીતીશને નારાજ કરીને ભાજપ જાતે પેટ ચોળીને શૂળ ઊભું કરે એ વાતમાં માલ નથી. માનો કે ભાજપ જેડીયુમાં ભંગાણ પડાવે તો પણ તેને મુખ્યમંત્રીપદ ના મળે કેમ કે બાગી નેતા જ ગાદી પર બેસવા માગે ને ભાજપે નાયબ મુખ્યમંત્રીપદથી સંતોષ માનવો પડે જે અત્યારે ભાજપ પાસે છે જ. હવે ભાજપ નાયબ મુખ્યમંત્રીપદ માટે આટલા બધા ઉધામા ના જ કરે એ દીવા જેવી ચોખ્ખી વાત છે.

અલબત્ત ભાજપ સત્તામાં ભાગીદાર છે એટલે નીતીશ કુમાર સલામત છે એવા ભ્રમમાં રહેવાની જરૂર પણ નથી કેમ કે ભાજપને સત્તાનો સણકો ઉપડે તો મધ્ય પ્રદેશ ફોર્મ્યુલા અપનાવીને નીતીશને ઘરભેગા કરી નાખે એવું પણ બને. મધ્ય પ્રદેશમાં ૨૦૧૮માં કોંગ્રેસના કમલનાથ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની પાસે કટોકટ બહુમતી હતી જ્યારે ભાજપને બહુમતી માટે ૧૫ જેટલા ધારાસભ્યો ઘટતા હતા. ભાજપે જ્યોતિરાદિત્ય સિંધિયાને સાધીને વીસેક ધારાસભ્યો પાસે બગાવત કરાવી દીધી ને તેમની પાસે રાજીનામાં અપાવી દીધાં તેમાં કમલનાથની સરકાર લઘુમતીમાં આવી ગઈ ને ભાજપ બહુમતીમાં આવી જતાં શિવરાજસિંહ ચૌહાણ પાછા ગાદી પર બેસી ગયા. પેટાચૂંટણીમાં ભાજપે રાજીનામાં પડેલાં તેમાંથી મોટા ભાગની બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી લીધી.

બિહારમાં મધ્ય પ્રદેશ જેવી જ સ્થિતિ છે. એનડીએમાં અત્યારે જેડીયુના ૮૫ ધારાસભ્યો છે જ્યારે ભાજપના ૮૯, ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના ૧૯, જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (હમ)ના પાંચ અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોકશાહી મોરચાના ચાર મળીને કુલ ૧૦૭ ધારાસભ્યો જેડીયુ સિવાયની પાર્ટીના છે. ભાજપ જેડીયુના ૩૦ ધારાસભ્યો પાસે રાજીનામાં અપાવે તો વિધાનસભાની સભ્યસંખ્યા ઘટીને ૨૧૩ થાય ને બહુમતી માટે ૧૦૭ ધારાસભ્યોનો ટેકો જોઈએ. પેટાચૂંટણીમાં ભાજપ રાજીનામાં આપનારા બધા ધારાસભ્યોને ટિકિટ આપીને ફરી લડાવે ને તેમાંથી ૧૬ પણ જીતી જાય તો ભાજપની બહુમતી થઈ જાય ને સરકાર આવી જાય એ જોતાં નીતીશ પર વીમો છે જ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૨૦-૧૧-૨૦૨૫, વિંછુડો.

- ભારતીય દિનાંક ૨૯, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ–૩૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ–૩૦
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૫મો અમરદાદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩૦મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા સવારે ક. ૧૦–૫૮ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.

● –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

- સવારે ક. ૧૧–૩૧, ભરતીઃ મધ્યરાત્રે ક. ૦૦–૨૮
- ઓટઃ સાંજે ક. ૧૭–૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ – અમાવસ્યા. અન્વાધાન, વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ–ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્ર, અગ્નિદેવતાનું પૂજન, મિત્રતા કરવી. નાગકેસરના ઔષધીય પ્રયોગો તીર્થમાં સ્નાન સંધ્યા, નિત્ય થતાં દસ્તાવેજ, પશુ લે–વેંચ, સ્થાવર લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય યુતિ આંખોની કાળજી લેવી, ચંદ્ર–બુધ યુતિ ભાષાનું જ્ઞાન, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ અણધાર્યા ફેરફારો લાવે, સૂર્ય–બુધ યુતિ ગણતરીબાજ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય યુતિ, કાર્તિક અમાસ યોગ, ચંદ્ર–બુધ યુતિ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે. સૂર્ય–બુધ યુતિ થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ–વૃશ્ચિક, વક્રી બુધ–વૃશ્ચિક, વક્રી ગુરુ–કર્ક, શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સંસ્કૃતિને વિકૃતિના ઘોર પંજામાંથી મુક્ત કરવા સમયનો તકાજો

**ઉર્દૂ** ભાષાના એક બોધપ્રદ, હિદાયત આપતા શે’રથી આજના લેખની શરૂઆત કરીશું:

કરો મહેરબાની તુમ,
એહલે ઝમીં પર;
ખુદા મહેરબા હોગા,
અર્શો બરી પર.

- ફૂલ પોતાની ખૂબસૂરતીથી ખીલે છે ત્યારે તે ફૂલની પોતાની સમર્થતા હોય છે.
- જ્યારે દીપક પોતાની જ્યોતિ પ્રગટાવે છે ત્યારે તે તેની રોશનીની સમર્થતા હોય છે.
- એ પ્રમાણે દરેક ઈન્સાનની પોતપોતાની કંઈક ને કંઈક સમર્થતા હોય છે.
- ઘણી વખત વ્યક્તિથી ભૂલથાપ ખવાય જાય છે તેમાં દોષ કોઈનો હોતો નથી, પરંતુ તેને વારસામાં મળેલા યા તેણે પોતે પ્રાપ્ત કરેલ સમજશક્તિ કે વિકૃતિનું એ પરિણામ હોય છે.
- વ્હાલા વાચક બિરાદરો!
- સંસ્કૃતિ અને વિકૃતિના બે અત્યંત ભિન્ન ભિન્ન છેડા હોવા છતાંય તે જીવનમાં એકત્રિત જોવા મળે છે.
- સંસ્કૃતિ નિર્માણ કરી શકાય છે, પણ વિકૃતિ નિર્મિત થઈ જાય છે અર્થાત્ વિકૃતિ કરતાં સંસ્કૃતિ નિઃસંશય શ્રેષ્ઠ છે. વિકૃતિના કારણોમાં દુર્બળતા મુખ્યત્વે ભાગ ભજવે છે.
- દુષ્કૃત્યોની માલિકા પાછળ પ્રેરકશક્તિ હોય છે દુર્બળતા!
- અસમર્થતા અને દુર્બળતાનું મૂળ છે સ્વાર્થ પરાયણતા!
- પોતાના દોષ અને અપરાધ માટે બીજાને અપરાધી અને દોષિત સિદ્ધ કરીને તેની આડમાં છુપાવવાનો પ્રયત્ન કરવા પાછળ તેની દુર્બળતા જ હોય છે.
- સર્વ સામાન્ય માણસ આ પ્રમાણે સંસ્કૃતિ અને વિકૃતિના એકમતિ અણી પરથી માણસ તરીકે જીવવાનો પ્રયત્ન કરે છે, જ્યારે તે આવા પ્રકારના સાધારણ નિયમોથી ઉપર આવીને પ્રકૃતિ અને નિસર્ગતા નિયમોને ઉલ્લંઘવાની કોશિશ કરે છે ત્યારે તેને સંસ્કૃતિ અને વિકૃતિના તીવ્રતમ્ સંઘર્ષમાંથી પસાર થવું પડે છે.
- પ્રકૃતિ યા નિઃસર્ગને બે બાજુઓ હોય છે, બાહ્ય અને આંતરિક!
- બાહ્ય પ્રકૃતિ પર અંકુશ મેળવવું જેટલું અઘરું છે એથીય અઘરું છે આંતરિક ઉપર વિજય મેળવવો.
- માનવજાતિ માટે.

* વિચારો,
* ભાવના,
* વાસના,
* ઈચ્છાશક્તિ વગેરેનું નિયમન કરવું તે નિયમનનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું, તે પ્રમાણે આચરણ કરવું તેનાથી પણ શતપટ અઘરું છે.

- ‘જ્યાં વિશુદ્ધ હેતુ છે, પ્રમાણિકતા છે ત્યાં જરૂર સફળતા પણ પ્રાપ્ત થાય છે...’
- અને આ વિશુદ્ધતા તથા પ્રમાણિકતા મેળવવા માટે આધ્યાત્મિકતા હોવી જરૂરી છે.

* એ આધ્યાત્મિકતા ધર્મ થકી મેળવી શકાય છે.
* ધર્મની આવશ્યકતા મઝહબની અનિવાર્યતા યુગોથી રહી છે અને રહેવાની છે.
* ... વિશ્વના અંતિમ સત્ય તરફ સંકેત કરનાર ધર્મ એક દિશા અને એક માર્ગ બતાવે છે.

- ખરા એક માર્ગી ચાલનારા,
- મઝહબમાં માનનારા વ્યક્તિનું હૃદય મહાસાગર જેવું ઊંડું અને આસમાન જેવું વ્યાપક બને છે.
- આવા ભાગ્યવંતા બહુ ઓછા હોય છે.

* જેની અઢળક શ્રદ્ધા છે તેને આ સ્થિતિ જરૂરથી પ્રાપ્ત થાય છે.
* જેની પાસે ધાર્મિકતાનો અભાવ છે,
* ધર્મનું ખરું જ્ઞાન નથી,
* જેને આધ્યાત્મિકતાનું ભાન નથી,
* જે ફક્ત ઈન્દ્રિય સુખમાં જ માનનારા અને અતિન્દ્રિય સુખનો આસ્વાદ લેવામાં અસમર્થ છે એવી વ્યક્તિની શ્રદ્ધા પણ નિર્બળ હોય છે, તેની દુર્બળતાનું એ કારણ હોય છે. આવા પ્રકારની દુર્બળતાનો શિકાર બનેલી વ્યક્તિ બદલો લેવાની ભાવનાથી પિડાતી હોય છે. બદલો લઈને કોઈનું અહિત કરવાથી પણ તેના અંતઃકરણમાં શાંતિ અને સ્વસ્થતા નિર્માણ થતી હોય તો તે અશક્ય છે.

**બોધઃ**

- ફક્ત ઈસ્લામ શબ્દના અર્થમાં અમન-શાંતિ અભિપ્રેત છે એમ નથી.

* અમૃતનું પાન કરવાથી જ તેના માધુર્યની કલ્પના આવી શકે છે.
* મધની મીઠાશ તેના આસ્વાદમાં જ રહેલી છે તેમ મઝહબની – ધર્મની મીઠાશ, માધુર્ય તેના સેવનથી, તેના આચરણથી જ અનુભવી શકાય છે.

**ધર્મ સંદેશઃ**

- આધ્યાત્મિકતા કેળવીને,
- દુર્બળતા નષ્ટ કરી,
- નૈસર્ગિક સંઘર્ષ ટાળી,
- સંસ્કૃતિને
- વિકૃતિના ઘોર પંજામાંથી મુક્ત થઈને જો વિશુદ્ધતા અને પ્રમાણિકતાનો સહારો લઈ શકીએ તો કેટલું સારું કે જે મઝહબ – ધર્મનો મક્કમ – મજબૂત સ્તંભ – પાયો છે, ધર્મનો મૂળ આધાર છે...! આ સ્તંભ વિના ધર્મ અપૂર્ણ રહે છે.

**સનાતન સત્યઃ**

* અલ્લાહતઆલા જ તમારો માલિક છે અને તે તમારો સૌથી સરસ મદદગાર છે. બંદો અલ્લાહે બતાવેલા માર્ગ પર ચાલવા માટે અમલ કરે કે ના કરે તેને એની કોઈ પરવાહ નથી. બંદો અમલ કરે છે તો તે પોતાના માટે જ કરે છે. (હદીસ શરીફ)
* પ્રાણવાયુ વિના જેમ જીવન શકય નથી તેમ ધર્મ વિના પણ જીવન શકય નથી.

**પ્રેરણાસ્ત્રોતઃ**

* શહેનશાહી હોવા છતાં ફકીરી રાખી શકાય છે.
* માલદારી, શ્રીમંતાઈ હોવા છતાં સાદગી રાખી શકાય છે,
* મહાનતા હોવા છતાં દીનતા; નમ્રતા રાખી શકાય છે.
* અલ્લાહનો બંદો એજ છે કે જે જરૂર કરતાં વધારે કશું રાખતો નથી.

**સાપ્તાહિક સંદેશઃ**

* શરીરના કોઈ એક ભાગમાં દર્દ થતા જેમ આખું બદન બેચેન રહે છે તેમ કોઈ પણ વ્યક્તિનું દુઃખ એ સૌ વ્યક્તિનું દુઃખ બની રહેવું જોઈએ.
* ધર્મનો સ્તંભ જ આ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દિલ્હી બ્લાસ્ટ

ઉલ્લેખ હતો. આના સૂત્રધાર જૈશ-એ-મોહમ્મદના સભ્ય ડૉક્ટર ઉમર અને નબી ‘વાઈટ કોલર મોડ્યુલ’ના સભ્ય હતા અને હુમલા પહેલાં હરિયાણાના ફરીદાબાદમાં આ મોડ્યુલ પકડાયું હતું.

હક કાશ્મીરના વનનો ઉલ્લેખ કરીને એપ્રિલમાં જમ્મુ અને કાશ્મીરના પહલગામના બૈસરન વેલીમાં થયેલા આતંકવાદી હુમલાની વાત કરી હતી.

હક વાયરલ થયેલા વીડિયોમાં કહી રહ્યા છે કે જો તમે બલૂચિસ્તાનમાં લોહી રેડાવશો તો લાલ કિલ્લાથી માંડીને કાશ્મીરના વન સુધી આતંકવાદી હુમલો થશે. અલ્લાહની કૃપાથી અમે આ કર્યું અને તેઓ હજી મૃતદેહો ગણી રહ્યા છે. હક વધુમાં કહે છે કે થોડા દિવસો અગાઉ સશસ્ત્ર માણસો દિલ્હીમાં આવ્યા અને હુમલો કર્યો. તેઓ હજી બધા મૃતદેહો ગણી શક્યા નથી.

પાકિસ્તાન તેની કથળતી આર્થિક સ્થિતિને છુપાવવા અને સરહદપાર આતંકવાદ તરફથી ધ્યાન બીજે દોરવા બલૂચિસ્તાનમાંની અશાંતિ મટે વારંવાર ભારતને જવાબદાર ગણે છે. નવી દિલ્હીએ ઈસ્લામાબાદના આવા દાવાને ફગાવી દીધા છે. પહલગામના હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે રાજદ્વારી પગલાં ભર્યા હતા. આમાં સિંધુ જળ સંધિ સ્થગિત કરવા જેવાં પગલાંનો સમાવેશ થાય છે. નવી દિલ્હી કહે છે કે જો પાકિસ્તાન સરહદપાર આતંકવાદ રોકશે તો જ આ સંધિ પુનર્જિવિત કરાશે. આ પહેલી વાર નથી કે પાકિસ્તાનના રાજકારણીએ સરહદપારના આતંકવાદમાં ઈસ્લામાબાદની ભૂમિકા અંગે વટાણા વેર્યા છે. ■

### અલ-ફલાહ યુનિવર્સિટીના

કસ્ટડી માગી હતી. ઈડીએ દાવો કર્યો હતો કે જાવેદ પાસે ભારત છોડીને ભાગી જવાનું કારણ હતું કેમ કે તેમનાં નિકટનાં પરિવારજનો અખાતના દેશોમાં સ્થાયી થયેલા છે.

ઈડીના જણાવ્યાનુસાર જાવેદ ગંભીર આર્થિક ગુનાનો ઈતિહાસ ધરાવતો હતો અને તે દેશ છોડીને ભાગી જાય કે પછી તપાસમાં સહકાર ન આપે તેવી શક્યતા હોવાને કારણે તેની ધરપકડ કરવી જરૂરી હતી.

અલ ફલાહ ગ્રૂપ, તેની સાથે સંકળાયેલી વ્યક્તિઓ અને અલ ફલાહ યુનિવર્સિટી વિરુદ્ધ દિવસભર હાથ ધરવામાં આવેલી કાર્યવાહી બાદ ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મંગળવારે રાત્રે જાવેદની ધરપકડ કરી હતી.

૧૫ વ્યક્તિનો ભોગ લેનારાં અને એનેકને ઘાયલ કરનારાં ૧૦ નવેમ્બરે કરવામાં આવેલા દિલ્હી બ્લાસ્ટને કારણે ફરીદાબાદસ્થિત અલ-ફલાહ યુનિવર્સિટી તપાસના કેન્દ્રમાં આવી ગઈ હતી.

જાવેદને મધરાતે એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાનના નિવાસસ્થાને હાજર કરવામાં આવ્યો હતો. સુનાવણી રાત્રે એક વાગ્યા સુધી ચાલી હતી. (એજન્સી)

### મોદીને ખતમ કરો

કરવામાં આવેલી આ વીડિયો ક્લિપમાં જયપાલને પીએમ મોદીને બીજા નકરાસૂર લેખાવ્યા હતા અને એમ કહેતા સાંભળવા મળ્યા હતા કે મોદીને ખતમ કરવામાં આવશે ત્યાર બાદ જ તમિળનાડુ સારું થશે.

જયપાલને મોદી પર મત છીનવી લેવાનો પ્રયાસ કરવાનો પણ આક્ષેપ કર્યો હતો અને પોતાના સમર્થકોને મોદી વિરુદ્ધ એકજૂટ થવાનો આગ્રહ કર્યો હતો.

### ૩.૫ અબજ

ટેક્નિકલ ખામી સુધારવામાં મેટા નિષ્ફળ જતા ૩.૫ અબજ વૉટ્સઍપ યુઝરના મોબાઈલ નંબર પણ લીક થઈ ગયા છે. આમ કરોડો વૉટ્સઍપ યુઝર સામે ખતરો ઊભો થયો છે.

સાયબર સિક્યોરિટી રિસર્ચર્સે જણાવ્યું હતું કે આ બધો ડેટા એક ‘બ્રીચ’થી મળ્યો ન હોય શકે, પરંતુ ઓપન વેબસાઇટ્સ અને ડાર્ક-વેબ ફોરમ્સમાંથી લીક થયેલો ડેટા વર્ષો સુધી ભેગો કરાયો હશે.

સિન્થિયન્ટ નામની સાયબર થ્રેટ ઇન્ટેલિજન્સ ફર્મે ‘એક્સપોઝ્ડ લૉગઇન્સ’ માટે અનેક સ્રોતને સ્કેન કરીને આ માહિતી ભેગી કરી છે. અગાઉ, આ કંપનીને લીક થયેલા ૧૮ કરોડ ઇમેલ અકાઉન્ટ મળ્યા હતા.

સિન્થિયન્ટે આખો સંબંધિત ડેટાસેટ ભેગો કર્યો છે અને ‘હેવ આઇ બીન પૉન્ડ’ તૈયાર કરનારા ટ્રૉય હન્ટની સાથે મળીને તેને વેરિફાઇ કર્યો હોવાનું કહેવાય છે.

ટ્રૉય હન્ટે પોતાના એક જૂના ઇમેલ ઍડ્રેસનો ઉપયોગ કરીને ડેટા સાચો છે કે ખોટો તે તપાસ્યો હતો અને નવા ‘કલેક્શન’માંની એન્ટ્રીઝ સાથે ચોરાયેલા પાસવર્ડ્સ મૅચ થતાં હોવાનું સમર્થન આપ્યું હતું. તેણે ‘હેવ આઇ બીન પૉન્ડ’ના સબસ્ક્રાઇબર્સના એક ગ્રૂપને પોતાની વિગત તપાસવા જણાવ્યું હતું અને તેને લીધે ડેટાસેટમાં અગાઉ નહિ દેખાતી ક્રેડન્શિયલ્સનો સમાવેશ થતો હોવાની વાતને સમર્થન મળ્યું હતું.

‘હેવ આઇ બીન પૉન્ડ’એ પોતાની ‘પૉન્ડ પાસવર્ડ્સ સર્વિસ’માં ‘એક્સપોઝ્ડ પાસવર્ડ્સ’નો ઉમેરો કર્યો છે. આ ટૂલ દ્વારા કોઇ પણ વ્યક્તિ પાસવર્ડ્સ જાહેર કર્યા વિના તપાસી શકે છે. આ પ્રોસેસ યુઝર્સના બ્રાઉઝરમાં લૉકલી રન થાય છે અને ઇમેલ ઍડ્રેસ સ્ટોર નથી કરતી.

યુઝર્સ ‘પૉન્ડ પાસવર્ડ્સ સર્ચ પેજ’ પર જઇને પોતાનો એક્ટિવ પાસવર્ડ લીક થયો છે કે નહિ તે તપાસી શકે છે. જો પાસવર્ડ મૅચ થતો હોય તો તેઓએ તાત્કાલિક પોતાનો પાસવર્ડ બદલવો જોઇએ. બિટવૉર્ડન, લાસ્ટપાસ અને પ્રોટોન પાસ જેવા પાસવર્ડ મેનેજર પાસવર્ડ-જનરેશન ટૂલ્સ નિઃશુલ્ક ઑફર કરે છે, જેની મદદથી તમે વધુ સારો પાસવર્ડ રિપ્લેસ કરી શકો છો. સાયબર સિક્યોરિટીના નિષ્ણાતો પાસવર્ડનો ફરીથી ઉપયોગ ટાળવાની સલાહ આપે છે, કારણ કે હુમલાખોરો ચોરાયેલા એક લૉગઇનની ટેસ્ટ અસંખ્ય સાઇટ્સ પર કરી શકે છે. તેઓ દરેક અકાઉન્ટ માટે સ્ટ્રૉંગ અને અલગ પ્રકારનો પાસવર્ડ રાખવાની ભલામણ પણ કરે છે. ■

### ૩૫થી વધુ હત્યાકાંડ

૧૧ દિવસની એનઆઈએ કસ્ટડીમાં મોકલ્યો છે. એનઆઈએ કહ્યું હતું કે, અનમોલ બિશ્નોઈનો ૩૫થી વધુ હત્યાકાંડ સાથે સીધો સંબંધ છે. અનમોલને સાબરમતી જેલમાં રખાય એવી શક્યતા છે.

અગાઉ ખૂનખાર ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલ બિશ્નોઇને અમેરિકાથી બુધવારે ભારત લવાયા બાદ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) દ્વારા તેની ધરપકડ કરાઇ હતી. એનસીપીના નેતા બાબા સિદ્દીકી અને પંજાબી ગાયક સિધુ મૂસેવાલાની હત્યા તેમ જ અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન પર ૨૦૨૪ના એપ્રિલમાં થયેલા ગોળીબારના કેસ સહિતના વિવિધ આરોપના સંબંધમાં અનમોલ બિશ્નોઇ વૉન્ટેડ હતો. તેની અમેરિકામાં અટક કરીને મંગળવારે અમેરિકાથી ભારત રવાના કરાયો હતો અને તે બુધવારે ભારત આવી પહોંચ્યો હતો. અમેરિકામાં ગયા વર્ષના નવેમ્બરમાં તેની અટક કરાઇ હતી. અમેરિકાનો નિવાસી અનમોલ ૨૦૨૨થી નાસતો ફરતો હતો. જેલની સજા ભોગવતા તેના ભાઇ લૉરેન્સ બિશ્નોઇની ગૅન્ગનો પકડાયેલો તે ૧૯મો આરોપી છે.

કોર્ટની બહાર પત્રકારો સાથે વાત કરતા, સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (એસપીપી) રાહુલ ત્યાગીએ જણાવ્યું હતું કે આરોપીને એનઆઈએ કસ્ટડી પૂર્ણ થયા પછી ૨૯ નવેમ્બરે ફરીથી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

‘‘તે આતંકવાદી-ગૅન્ગસ્ટર સિન્ડિકેટનો ખૂબ જ મહત્વપૂર્ણ સભ્ય છે. તેની પાસે કેટલીક ખૂબ જ મહત્વપૂર્ણ માહિતી છે. તે સિન્ડિકેટ ચલાવી રહ્યો હતો, અને એક મુખ્ય સભ્ય હતો,’’ એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે એનઆઈએ એ સિન્ડિકેટની મોડસ ઓપરેન્ડી, ભંડોળના સ્રોત, અન્ય લોકોની સંડોવણી અને કામગીરીનો ખુલાસો મેળવવાના આશયે તેની કસ્ટડી માગી હતી. ‘‘અમે એશોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે તે ભારતથી કેવી રીતે ભાગી ગયો,‘‘ એમ તેમણે કહ્યું હતું. ■

### નીતીશ આજે

હાજર રહેશે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન કેશવપ્રસાદ મૌર્યએ જણાવ્યું હતું કે તારાપુરના વિધાનસભ્ય સમ્રાટ ચૌધરી બિહારમાં નવા ચૂંટાયેલા ભાજપના વિધાનસભ્યોની બુધવારે મળેલી બેઠકમાં ભાજપના વિધાનમંડળ પક્ષના નેતા તરીકે ચૂંટાયા હતા. ભાજપના વિધાનસભ્યોએ પોતાના નાયબ નેતા તરીકે વિજયકુમાર સિંહાને ચૂંટી કાઢ્યા હતા. બિહારમાંના ભાજપના વિધાનસભ્યોની બેઠકમાં હાજર રહેલા મૌર્યએ જણાવ્યું હતું કે ભાજપની વિધાનમંડળ પાર્ટીના નેતા તરીકે સમ્રાટ ચૌધરી અને નાયબ નેતા તરીકે વિજયકુમાર સિંહાને ચૂંટી કાઢ્યા હતા.

બિહારમાં ભાજપના વિધાનમંડળ પક્ષના નેતાની ચૂંટણીમાં મૌર્ય દ્વારા પક્ષના કેન્દ્રીય નિરીક્ષક તરીકેની કામગીરી બજાવી હતી. બિહારમાંના એનડીએના નેતાની ચૂંટણી વખતે જનતા દળ (યુ)ના વિજય ચૌધરીએ નીતીશકુમારના નામની દરખાસ્ત રજૂ કરી હતી અને ભાજપના નેતાઓ સમ્રાટ ચૌધરી તેમ જ વિજય સિંહાએ તેને ટેકો આપ્યો હતો. એલજેપી (આરવી), એચએએમ અને આરએલએમના વિધાનસભ્યોએ પણ આ દરખાસ્તને ટેકો આપ્યો હતો. અગાઉ, નીતીશકુમારને જનતા દળ (યુ)ના વિધાનમંડળ પક્ષના નવા નેતા તરીકે ચૂંટી કઢાયા હતા. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએએ ૨૪૩માંથી ૨૦૨ બેઠક જીતીને સત્તા ફરી કબજે કરી હતી. તેમાં ભાજપને ૮૯, જનતા દળ (યુ)ને ૮૫, એલજેપી (આરવી) ૧૯, એચએએમ પાંચ અને આરએલએમને ચાર બેઠક મળી છે. (એજન્સી) ■

### જૈશ-એ-મોહંમદ

આવી હતી. આત્મઘાતી ટુકડી તૈયાર કરવા માટે જૈશ-એ-મોહંમદ અત્યારે ફન્ડિંગ માટેના પ્રયાસો પણ શરૂ કરી દેવામાં આવ્યાં છે. જૈશ-એ-મોહમ્મદ ડિજિટલ દ્વારા ફન્ડિંગ મેળવી રહ્યું છે. આ ભારતમાં માટે મોટું સંકટ ઊભું કરી શકે છે. ભારતની સુરક્ષા એજન્સીએ આ લોકોને ઝડપી પાડવા માટે વધારે મહેનત કરવી પડી શકે છે.

દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ સુરક્ષા એજન્સીને અનેક પ્રકારના પુરાવા હાથ લાગ્યાં છે, જે દિશામાં અત્યારે કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. અત્યારે સુરક્ષા એજન્સીને એવી જાણકારી મળી છે કે, જૈશ-એ-મોહમ્મદ ભારતના વિરુદ્ધમાં કાર્યો કરવા માટે આત્મઘાતી બોમ્બર તૈયાર કરવા માટે ફન્ડ ઉઘરાવી રહ્યું છે. (એજન્સી) ■

# ગુજરાતના ૬ જિલ્લાના ૧૩ તાલુકામાં ખેડૂતોને આજથી ૧૦ કલાક વીજળી મળશે: કેબિનેટની બેઠકમાં નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં ખેડૂતો માટે અનેક મહત્ત્વનાં નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં રવિ પાકનું વાવેતર ચાલી રહ્યું હોવાથી રાજ્ય સરકારે ૬ જિલ્લાના ૧૩ તાલુકાઓમાં વીજપુરવઠો ૮ કલાકથી વધારી ૧૦ કલાક આપવાનો નિર્ણય કર્યો હતો.

આ અંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આજે ૨૦ નવેમ્બરથી અમદાવાદ, મહેસાણા, પાટણ, સુરેન્દ્રનગર, વાવ-થરાદ અને મોરબી જિલ્લાના કુલ ૧૩ તાલુકાઓમાં ખેતીવાડી ફીડરો પર વીજ પુરવઠો ૮ કલાકથી વધારી ૧૦ કલાક કરાશે. આ નિર્ણયથી અંદાજે ૧,૦૯૦ ગામોના ૪૯ હજારથી વધુ ખેડૂતો લાભાન્વિત થશે. વધુમાં દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકામાં ૮ કલાકની બદલે ૧૨ કલાક વીજપુરવઠો પૂરો પાડવાનો નિર્ણય પણ લેવાયો છે. જેના કારણે ૧૯૧ ગામોના ૯,૭૫૮ ખેડૂતોને સીધો લાભ મળશે.

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી જોરશોરથી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૭૦ હજારથી વધુ ખેડૂતો પાસેથી ૧.૬૨ લાખ મેટ્રિક ટન મગફળી ખરીદાઈ છે, જેનું મૂલ્ય ₹૧,૧૭૭ કરોડ જેટલું થાય છે. ખેડૂતોને ચૂકવણી સીધી તેમના બેંક ખાતામાં જમા થવા માંડી છે.

આ વર્ષે ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ મગફળી વેચાણ માટે નોંધણી કરાવતાં ગયા વર્ષની સરખામણીએ નોંધણીમાં અઢી ગણો વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને વધુ જથ્થો ખરીદી કરવા કરાયેલી રજૂઆતને પગલે ₹૧૫,૦૦૦ કરોડની ખરીદીનો માર્ગ મોકળો થયો છે.

કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનથી ખેડૂતોને સહારો આપવા રાજ્ય સરકારે જાહેર કરેલા ₹૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ માટે અત્યાર સુધીમાં રાજ્યભરના ૧૦ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી છે. તે ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૨૫માં થયેલા અતિભારે વરસાદ માટે જાહેર કરાયેલા ₹૧,૧૩૮ કરોડના વિશેષ રાહત પેકેજ અંતર્ગત પાંચ અસરગ્રસ્ત જિલ્લામાં ૧.૨૫ લાખથી વધુ ખેડૂતોએ અરજીઓ કરી છે.

બંને પેકેજમાં પ્રતિ હેક્ટર ₹૨૨,૦૦૦ (મહત્તમ ૨ હેક્ટર) અને પાટણ-વાવ થરાદ વિસ્તારોમાં જમીન સુધારણા માટે વધારાના ₹૨૦,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ■

## વડા પ્રધાન મોદીએ પીએમ-કિસાન યોજનાનો ૨૧મો હપ્તો રિલીઝ કર્યો, રાજ્યના ૪૯.૩૧ લાખ ખેડૂતોના બેન્ક ખાતામાં ૯૮૬ કરોડની રકમ જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* વડા પ્રધાન નરેન્દ્ર મોદી તામિલનાડુના કોઇમ્બતુર ખાતેથી ૧૯ નવેમ્બરને બુધવારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાનો ૨૧મો હપ્તો રિલીઝ કર્યો હતો. વડા પ્રધાન મોદી દ્વારા દેશભરના ૯ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. જે પૈકી ગુજરાતના આશરે ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૯૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવી હતી. ગુજરાતમાં પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના વરદ્‌હસ્તે ગાંધીનગરમાં ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણી, કૃષિ રાજ્યપ્રધાન રમેશભાઈ કટારા તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૧૧.૬૮ લાખથી વધુની વિવિધ કૃષિ સહાયના મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨૦ હપ્તાના માધ્યમથી કુલ ૩,૯૧,૦૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને પણ ૨૦ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૧,૦૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે. ■

## મહીસાગરના રતનમહાલમાં વાઘ દેખાયો: ટાઈગર ગુજરાતને ઘર બનાવે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* ગુજરાતનું સૌરાષ્ટ્ર સાવજનું ઘર છે જ, ત્યારે હવે રાષ્ટ્રીય પ્રાણી વાઘ પણ ગુજરાતના મહિસાગરના રતનમહાલમાં દેખાતા વન વિભાગ હરકતમાં આવી ગયું છે અને પ્રાણીપ્રેમીઓમાં આનંદ ફેલાયો છે. આ વાઘ ફેબ્રુઆરી મહિનાથી વસેલો હોવાથી હવે તેને અહીંની પ્રાકૃતિક સ્થિતિ અનુકુળ આવી હોય તેવુ જોવા મળી રહ્યું છે. હાલ ગુજરાતમાં એક જ વાઘ છે. જોકે, આગામી સમયમાં વાઘની સંખ્યા ગુજરાતમાં વધે તેવી આશા સેવવામાં આવી રહી છે. મહીસાગરમાં આવેલા રતનમહાલના જંગલમાં વાઘની હાજરીના પુરાવા મળ્યા હતા. જંગલમાં લાગેલા વનવિભાગના કેમેરામાં વાઘ ટ્રેપ થયો હતો. ગુજરાતમાં વાઘ લુપ્ત થયાનાં ઘણાં વર્ષો પછી ફરી જોવા



મળ્યો હતો. રાજ્યના વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન પ્રવીણ માળીએ માહિતી આપી છે કે એક વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં રતનમહાલના જંગલમાં વનવિભાગ દ્વારા સ્થાપિત કેમેરા ટ્રેપમાં વાઘ જોવા મળ્યો હતો.

આ ઉપરાંત પ્રધાન પ્રવિણ માળીએ જણાવ્યું કે વર્ષો પહેલાં ગુજરાતમાં વાઘ ખૂબ સારી સંખ્યામાં વસવાટ કરતા હતા. જોકે, સમય જતા અને ગુજરાતની પ્રાકૃતિક સંરચના બદલાતા તે વિલુપ્ત થઇ ગયા હતા. જો કે હવે ફોરેસ્ટ વિભાગે બાયોડાયવર્સિટી જાળવી રાખવા માટે પ્રયાસો કર્યા છે. જેના કારણે વાઘ ફેબ્રુઆરી મહિનાથી સતત રતનમહાલના જંગલમાં ફરી રહ્યો છે.

વન વિભાગે પ્રાકૃતિક બાયોડાયવર્સિટી જળવાઇ રહે તેના પ્રયાસ સતત કરી રહ્યું છે. જેનાં પરિણામે વાઘ ઘણા લાંબા સમયથી ગુજરાતમાં વસવાટ કરી રહ્યો છે. હવે આવનારા સમયમાં પણ આ વાઘ અહીં જ રહે તેમ જ ગુજરાતમાં વાઘની સંખ્યા વધે તે માટે ગુજરાત સરકાર તરફથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રતનમહાલને કુદરતી બાયોડાઇવર્સિટી ઝોન તરીકે વિકસાવવામાં આવ્યું હતું, અને વન વિભાગ છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં વાઘની સંખ્યા વધારવાના પ્રયાસો કરી રહ્યું છે. આ સફળતાને નિષ્ણાતો ગુજરાતમાં વાઘોના પ્રાકૃતિક પુન:પ્રવેશ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું માની રહ્યા છે. ■

## સાબરમતી જેલમાં હુમલા મામલે હર્ષ સંઘવીએ કહ્યું: દેશદ્રોહીઓ પર આક્રોશ હોવાથી આતંકી પર કેદીઓએ હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* ગુજરાત એટીએસે ૯ નવેમ્બરે પકડેલા આતંકવાદી ડોકટર અહેમદ મોહિયુદ્દીન અબ્દુલ કાદર જીવાની સૈયદ ઉપર સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ હુમલો કરાયો હતો. ૧૦ દિવસના રિમાન્ડ પુરા થતા અહેમદ મોહિયુદ્દીનને સોમવારે સાંજે જ નવી સાબરમતી સેન્ટ્રલ જેલની હાઈ સિક્યોરિટી બેરેકમાં મોકલી દેવાયો હતો. જ્યાં મંગળવારે સવારે ૭ વાગ્યે તે સૂઈ રહ્યો હતો ત્યારે જ અન્ય ૩ આરોપીઓએ તેને ફેંટોનો માર માર્યો હતો. જેમાં તેને આંખના ભાગે ગંભીર ઈજા થતા સિવિલ હૉસ્પિટલ લઈ જવાયો હતો.

આ મામલે આજે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આતંકવાદી પર અમુક લોકો દ્વારા એની પર હુમલો કરવામાં આવ્યો હતો અને એના ચશ્મા નીચે પડી જવાને કારણે એને થોડી ઇજા થઈ હતી.આ મામલે તપાસ ચાલી રહી છે. આ તપાસમાં વધુ વિગતો બહાર આવશે. ડો.અહેમદ સૈયદના ૧૦ દિવસના રિમાન્ડ પૂરાં થતાં તેને સોમવારે સાંજે નવી સાબરમતી સેન્ટ્રલ જેલની હાઈ સિક્યોરીટી બેરેકમાં રખાયો હતો. મંગળવારે સવારે તે સૂતો હતો ત્યારે એક દાઢીવાળો માણસ તેમજ તેની સાથે આવેલા અન્ય ૨ માણસ ડો.અહેમદ સૈયદ ઉપર તૂટી પડ્યા હતા.

આ સમગ્ર મામલે અહેમદ મોહિયુદ્દીન અબ્દુલ કાદર જીલાની (જાતે સૈયદ) (ઉં.વ. ૪૦, રહે. સાબરમતી મધ્યસ્થ જેલ, રાણીપ, અમદાવાદ મૂળ વતન રાજેન્દ્રનગર ઉઝરપલ્લી ફોર્ટ કોલોની, હૈદરાબાદ, તેલંગાણા)એ ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે ૧૮ નવેમ્બર ૨૦૨૫ની સવારે ૭ વાગ્યા આસપાસ સાબરમતી સેન્ટ્રલ જેલમાં એક દાઢીવાળો શ્યામ શખસ તથા તેની સાથેના બે શખસે ફરિયાદી અહેમદ મોહિયુદ્દીન અબ્દુલ કાદર જીલાની સૈયદને કોઈ કારણસર ફેટોથી માર માર્યો, જેમાં તેને આંખના ભાગે વાગતાં ઈજા થઈ છે, જેથી આ ત્રણેય શખસ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી આગળની વધુ તપાસ ચાલુમાં છે. ■

## ગુજરાતની મહિલાઓ માટે પહેલી પિંક બસ સુરતના રસ્તાઓ પર આજથી દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* સુરતના માર્ગો પર ગુજરાતની પહેલી મહિલાઓ માટે અને મહિલા દ્વારા ચલાવવામાં આવતી પિંક બસ ૨૦ નવેમ્બર ૨૦૨૫ ગુરૂવારથી દોડશે. સુરત મનપા દ્વારા શહેરમાં દોડતી બીઆરટીએસ બસમાં પણ ફક્ત મહિલાઓ મુસાફરી કરી શકે તે ઉદ્દેશ્યથી પિંક બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૦ મહિના પૂર્વે પાલિકાનાં તંત્ર દ્વારા શહેરમાં પિંક બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ૨૦ મહિનાની શોધખોળ બાદ હવે મહિલા ચાલક મળતાં આવતીકાલથી શહેરની પહેલી પિંક બસ શહેરનાં રસ્તાઓ પર દોડતી નજરે પડશે, જેમાં મહિલા ચાલકની સાથે સાથે મહિલા કન્ડકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ બસમાં માત્ર મહિલાઓ જ મુસાફરી કરી શકશે. પહેલો રૂટ ઓએનજીસીથી સરથાણા સુધીનો રહેશે, જેનું આવતીકાલે લોન્ચિંગ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે મહિલા મુસાફરો માટે પણ પિંક બસ દોડાવવા માટે વહીવટી તંત્ર ૨૦ મહિના સુધી લાંબો ઈંતજાર કરવો પડ્યો હતો. ૨૦ મહિનાની શોધખોળને બાદ અંતે ઈન્દૌરમાં રહેતી અને બસચાલક તરીકે ફરજ બજાવતી ઇન્દોરની યુવતી નિશા શર્મા સુરત અને ગુજરાતની પહેલી મહિલાઓ માટે અને મહિલા દ્વારા ચલાવવામાં આવતી પિંક બસની ડ્રાઇવર બની છે. ■

## સુરત બેરોજગાર રત્નકલાકારોના શિક્ષણ ફીના ફોર્મ રદ, એક હજારથી વધુ આરટીઆઈ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* ગુજરાત સરકાર દ્વારા બેરોજગાર રત્નકલાકારોના બાળકોના અભ્યાસ અર્થે શિક્ષણ સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સુરતમાંથી ૨૬ હજાર ફોર્મ રિજેક્ટ થયા છે, જે ક્યા કારણે રીજેક્ટ થયા છે તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. એવામાં સુરતમાં ડાયમંડ વર્કર યુનિયન દ્વારા આરટીઆઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ડાયમંડ વર્કર યુનિયનના નેજા હેઠળ છેલ્લા પાંચ દિવસમાં જ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ૧૦૦૦થી વધુ આરટીઆઈ અરજીઓ દાખલ કરવામાં આવી છે.

ડાયમંડ વર્કર યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જે શિક્ષણ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ શિક્ષણ રાહત પેકેજમાં સુરત ખાતે ૭૪ હજારથી વધુ ફોર્મ ભરાયા હતા. જેમાં ૫૦ હજાર રત્નકલાકારોના બાળકોના ફોર્મ પાસ કરવામાં આવ્યા છે. જ્યારે કોઈ પણ નાના ઈશ્યુના કારણે ૨૬ હજાર રત્નકલાકારોના ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા હતા. આ બાબતે અમે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કર્યો ત્યારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માહિતી આપવામાં આવી નથી, ત્યારે અમે એક અભિયાન શરૂ કર્યું છે.

તેમણે વધુમાં જાણાવ્યું હતું કે ડાયમંડ વર્કર યુનિયન દ્વારા તમામ જે ૨૬ હજાર રત્નકલાકારોના ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા હતા. એમના માટે એક આરટીઆઈનું અભિયાન શરુ કર્યું છે. જેમાં તમારું ફોર્મ કેમ રિજેક્ટ થયું છે, એના કારણો શું છે, ક્યાં અધિકારીએ તમારું ફોર્મ રિજેક્ટ કર્યું છે, અને ક્યાં નિયમના આધારે ફોર્મ રીજેક્ટ થયું છે અને સુરત ડાયમંડ એસોસિએશને જો ભલામણ પત્ર આપ્યું હોય તો એની નકલ અમે જે ફોર્મ ભર્યું છે તેની નકલ સાથેની આખી માહિતી માટે આ અભિયાન શરૂ કર્યું છે.

આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧ હજાર કરતા પણ વધારે રત્નકલાકારોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે આરટીઆઈ નાંખવામાં આવી છે. આ બાબતે ગુજરાત સરકારને પણ વિનંતી છે કે, ૨૬ હજાર ફોર્મ રીજેક્ટ કર્યા છે તેને પાસ કરવામાં આવે, જમીનથી લઈને કાગળ સુધીની લડાઈ રત્નકલાકારો માટે ડાયમંડ વર્કર યુનિયન લડશે. ■

## દિલ્હી મુંબઈ એક્સપ્રેસ-વે પર વડોદરા નજીક કારે પાંચ શ્રમિકને ઉડાડ્યા, બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* વડોદરાના પાદરા નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું કામ ચાલી રહ્યું છે. અહીં કામ કરી રહેલા મજૂરોને એક પૂરપાટ ઝડપે આવતી કારે અડફેટે લીધા હતા, જેમાંથી બે મજૂરનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા જ્યારે ત્રણ મજૂરો સદ્‌નસીબે બચી ગયા હતા.

અહીંના પાદરાના સરસવણી ગામ પાસ હાઈ-વે પર મજૂરો સમારકામ કરી રહ્યા હતા. બુધવારે સવારે વડોદરાથી ભરૂચ તરફ જતા રસ્તા પર એક કારચાલકે કાર પરનું નિયંત્રણ ગુમાવી દીધું હતું અને કાર સીધી કામ કરી રહેલા મજૂરોમાંથી પાંચ મજૂર પર ફરી વળી હતી. જેમાં દિલીપ દહિયા અને મનોજ કુમારના નામના બે મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જોકે તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા.

પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને પકડવા ટીમ રવાના કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## વડોદરાના જ્વેલરને ભ્રષ્ટાચારના કેસમાં જપ્ત કરેલી સોનાની લગડી પરત કરવાનો સીબીઆઈ કોર્ટનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* રેલવેની નોકરીની લાલચ આપી લાંચ રુશ્વત લેનારા એક અધિકારીએ રૂ. ૫૮ લાખની રકમને સોનાની લગડીમાં કન્વર્ટ કરવાનું કામ એક જ્વેલરને સોંપ્યું હતું અને જ્વેલરે અન્ય એક જ્વેલર પાસેથી સોનાની લગડી લીધી હતી. હવે આ કેસમાં અધિકારી અને એક જ્વેલર સામે તો કાર્યવાહી થઈ છે, પરંતુ જ્વેલરના હાથમાંથી પૈસા અને લગડી બન્ને ગયા હોવાનો કિસ્સો એક અહેવાલ દ્વારા પ્રકાશમાં આવ્યો હતો.

નોકરી આપવા માટે રૂ. ૫૮ લાખની રિશ્વત લેનારા અધિકારીએ વડોદરાના ધનરાજ જ્વેલરના રાજેન્દ્ર લાડલાનો સંપર્ક સાધ્યો હતો અને લાડલાએ સોનાની લગડી હરિકૃષ્ણા જ્વેલર્સ પાસેથી ખરીદી હતી. આ લગડી વેસ્ટર્ન રેલવેના ડેપ્યુટી ચીફ કમર્શિયલ મેનેજર એસ.કે. તિવારીને જ્યારે લાડલા આપવા ગયો ત્યારે સીબીઆઈના છટકામાં પકડાઈ ગયો હતો. સીબીઆઈએ સોનાની ૬૫૦ ગ્રામની લગડી જપ્ત કરી હતી અને હરિકિષ્ણા જ્વેલર્સને આપેલા રિશ્વતના પૈસા પણ પરત લીધા હતા.

હરિકૃષ્ણા જ્વેલર્સના માલિક અમૃતલાલ સોનીએ સીબીઆઈ કોર્ટમા અપીલ કરી હતી અને પોતાની ૬૫૦ ગ્રામની લગડી પરત આપવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે લાંચ રિશ્વતના ગુના સાથે તેઓ સંડોવાયેલા નથી અને તેમણે માત્ર સોનાની લગડી વેચી છે. હવે જ્યારે તેમની પાસેથી લગડીની રકમ પણ સીબીઆઈએ જપ્ત કરી છે ત્યારે તેમને ભારે નુકસાન ગયું છે.

સીબીઆઈ કોર્ટે સોનીની અપીલ નકારી હતી અને જણાવ્યું હતું કે રિશ્વતનો કેસ સાબિત કરવા માટે અને પૈસાને સોનાના સ્વરૂપમાં આપવામાં આવ્યા છે તે સાબિત કરવા માટે સોનાની લગડી મહત્ત્વનો પુરવો છે. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું હતું કે સોનીએ આ સોનું લાડલાને વેચી દીધું હતું, આથી તે હવે પોતાની માલિકીનું હોવાનું કહી શકે નહીં. કોર્ટે એમ પણ કહ્યું હતું કે જપ્ત કરાયેલી સંપત્તિ સીબીઆઈ પાસે સુરક્ષિત છે. આ સાથે સોનાનો ભાવ દિવસે દિવસે વધી રહ્યો છે. સોનાની વધતી-ઘટતી કિંમતને ધ્યાનમાં રાખી અરજદારને તે આપી શકાય તેમ નથી, કારણ કે અરજદારે પોતે જ સ્વીકાર્યું છે કે આ લગડી તેમણે લાડલાને વેચી દીધી હતી. ■

## અમેરિકામાં ગુજરાતીના હત્યારાને પકડવા ઈનામની રકમ વધારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* અમેરિકામાં વર્ષ ૨૦૨૧ની આવી જ ઘટનામાં ગુજરાતી-અમેરિકન અમિત પટેલની જ્યોર્જિયાના કોલમ્બસમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, પરંતુ એફબીઆઈને આ કેસમાં હજી સુધી કોઈ સફળતા મળી શકી નથી. વર્ષોની તપાસ છતાં કોઈ ધરપકડ થઈ નથી અને પટેલનો હત્યારો હજી પણ પોલીસની પક્કડમાં આવ્યો નથી. આ અજાણ્યા હત્યારાને પકડવા માટે એફબીઆઈએ ઈનામની રકમ ૧૫,૦૦૦ ડોલરથી વધારીને ૨૦,૦૦૦ ડોલર કરી હોવાનું જાણવા મળ્યું હતું. ૪૫ વર્ષીય અમિત પટેલને ડિસેમ્બર ૨૦૨૧માં બ્યુએના વિસ્ટા રોડ પર આવેલી સિનોવસ બેંકની બહાર ગોળી મારવામાં આવી હતી. તેઓ બેંમાં કામકાજે ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. પોલીસ રિપોર્ટ મુજબ, હત્યા પાછળનો હેતુ લૂંટનો હતો. અમિત પટેલ બેંક પર પહોંચ્યા કે તરત જ એક કાર તેમની બાજુમાં આવીને ઊભી રહી, જેમાં બે હુમલાખોર હતા.

એક હુમલાખોર બહાર નીકળ્યો હતો અને તેણે અમિત પટેલ પાસેથી રોકડ રકમ ભરેલી બેગ ખેંચી લેવાનો પ્રયાસ કર્યો હતો જ્યારે તેમણે પ્રતિકાર કર્યો ત્યારે ઝપાઝપી થઈ હતી, જે બાદ હુમલાખોરે ગોળીબાર કર્યો અને પટેલને છાતીમાં વાગી હતી. તેઓ બેંકના મુખ્ય દરવાજા પાસે જ ઢળી પડ્યા હતા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. જે બાદ આરોપીઓ રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. બેંક પોલીસ સ્ટેશનની નજીક હોવા છતાં, હત્યારાઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. ગુનામાં વપરાયેલી કાર બાદમાં ફેનિક્સ સિટીમાં સળગાવેલી હાલતમાં મળી આવી હતી, જેના કારણે સંભવિત ફોરેન્સિક પુરાવાઓ નષ્ટ થઈ ગયા હતા. જુલાઈ ૨૦૨૫માં આ ઘટનાના સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવ્યા હતા. ફૂટેજમાં આરોપીએ માસ્ક પહેર્યો હતો અને વાહન પર નંબર પ્લેટ ન હોવાને કારણે તેને ટ્રેસ કરવું લગભગ અશક્ય બની ગયું હતું. આમ હત્યાના આટલા લાંબા સમય સુધી આરોપીની કોઈ ભાળ ન મળતાં એફબીઆઈ દ્વારા ઈનામની રકમ ૧૫,૦૦૦ ડોલરથી વધારીને ૨૦,૦૦૦ ડોલર કરવામાં આવી હતી. ■

## સુરતમાં ૧૦૦ કરોડથી વધારેની છેતરપિંડીના આરોપીની અઢી કરોડની સંપત્તિ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* શહેરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોરેટ (ઈડી)એ થોડા દિવસ પહેલા મોટી કાર્યવાહી કરી હતી. ઈડીએ ૧૦૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં ચાર લોકોની ધરપકડ કરી હતી. આ ચાર આરોપી લોકોને ઈડી અને સુપ્રીમ કોર્ટના નામે નોટિસ મોકલતા હતા. ઈડીએ આ કેસની તપાસ સુરત પોલીસના એસઓજીમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે કરી હતી. ઈડીએ મની લોન્ડરિંગ કેસ અંતર્ગત ચાર આરોપીઓ મકબુલ અબ્દુલ રહેમાન ડૉક્ટર, કાશિફ મકબૂલ ડૉક્ટર, મહેશ મફતલાલ દેસાઈ અને ઓમ રાજેન્દ્ર પંડ્યાની ધરપકડ કરી હતી.

ઈડીએ પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ હેઠળ મકબૂલ અબ્દુલ રહેમાન ડૉક્ટર અને તેમના પરિવારની ₹૨.૧૩ કરોડની ત્રણ સ્થાવર સંપત્તિઓને હંગામી ધોરણે જપ્ત કરી હતી. આ કાર્યવાહી ₹૧૦૦ કરોડથી વધુના સાયબર ક્રાઇમ ફ્રોડની ચાલી રહેલી તપાસ અંતર્ગત કરવામાં આવી હતી.

સુરત એસઓજીની તપાસના આધારે ઈડી દ્વારા શરૂ કરાયેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે મકબૂલ ડૉક્ટર, તેના પુત્રો કાશીફ અને બસ્સામ અને તેમના સાથીદારોએ સાયબર કૌભાંડો આચર્યા હતા. આ કૌભાંડોમાં ડિજિટલ અરેસ્ટ ફ્રોડ, ફોરેક્સ સ્કેમ્સ, અને સુપ્રીમ કોર્ટ તેમ જ ઈડી વગેરેના નામે નકલી કાયદાકીય નોટિસો જારી કરવાનો સમાવેશ થતો હતો. ગેરકાયદેસર રીતે મેળવેલા પૈસાને છુપાવવા માટે આરોપીઓએ કથિત રીતે તેમના કર્મચારીઓ અને ભાડે રાખેલા વ્યક્તિઓના નામે બેંક ખાતા ખોલાવ્યા હતા. આ ખાતાઓને પ્રિ-એક્ટિવેટેડ સિમ કાર્ડ્સ દ્વારા ઓપરેટ કરવામાં આવતા હતા. એજન્સીના તપાસ દરમિયાન એવું પણ જાણવા મળ્યું હતું કે, આરોપીઓએ આ રકમને હવાલા ઓપરેટરો મારફતે ક્રિપ્ટોકરન્સીમાં ફેરવી હતી.

આ મામલે મકબૂલ ડૉક્ટર, કાશીફ ડૉક્ટર, મહેશ મફતલાલ દેસાઈ અને ઓમ રાજેન્દ્ર પંડ્યા એમ કુલ ચાર આરોપીની પીએમએલએ હેઠળ ઑક્ટોબર મહિનામાં ધરપકડ કરવામાં આવી હતી. હાલ આ કેસની તપાસ ચાલી રહી છે, જે અંતર્ગત ₹૨.૧૩ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. ■

## વારી એનર્જીની વાપી, ચીખલી તથા મુંબઈ સ્થિત ઓફિસ-ઘર પર ઈન્કમટેક્સના દરોડા, પચીસ ટીમોએ સર્ચ હાથ ધર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* ગુજરાતનાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં આવકવેરા વિભાગનું સૌથી મોટું એકશન હોય તેમ ઈન્કમટેકસ સોલાર ક્ષેત્રની જાણીતી કંપની વારી એન્જિનિયરીંગ પર દરોડા કાર્યવાહી હાથ ધરી હતી. મુંબઈ, ચીખલી તથા વાપીનાં ૨૫ અધિકારીઓનાં કાફલાએ મંગળવારે સવારે નવસારી જિલ્લાના ચીખલીમાં કંપનીના ૫.૪ GW સોલાર સેલ ગીગા ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, અધિકારીઓએ વારી એનર્જીના ચેરમેન અને એમડી હિતેશ દોશીના મુંબઈ નિવાસસ્થાન તેમજ તેમના ભાઈ કિરીટ દોશીના વાપી નિવાસસ્થાનની તપાસ કરી હતી.

ભારતના રિન્યુએબલ એનર્જી મિશનમાં વારી એનર્જીની ગણના ફલેગશિપ કંપની તરીકે થાય છે તેના પર ઈન્કમટેકસ દરોડાને પગલે સમગ્ર સોલાર ઉદ્યોગ ક્ષેત્રમાં ખળભળાટ સર્જાયો હતો. કંપની દ્વારા દરોડા ઓપરેશન વિશે શેરબજારને પણ જાણ કરી હતી અને તપાસમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યાનું કહ્યું હતું.

કંપની તથા ડાયરેકટરોના નાણાકીય વ્યવહારો વગેરેની ચકાસણી કરવામાં આવી હતી. ડિજિટલ રેકર્ડ, દસ્તાવેજો તથા માલ મિલકત સંબંધી વિગતો પણ મેળવવામાં આવી હતી. મુંબઈનાં નિવાસે પણ સર્ચ કરાયું હતું. ■

નવમાં પાનાનું ચાલુ

## કાંદિવલીમાં ધોળેદહાડે

ચારકોપ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તથા ડીસીપી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. ચારકોપ પોલીસે આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ ક્રાઇમ બ્રાન્ચ પણ મામલાની તપાસ કરી રહી છે. ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ પોલીસ તપાસી રહી છે અને આરોપીઓને પકડવા પોલીસની ટીમ તૈયાર કરવામાં આવી છે.

## ભાજપને હવે

પવારના નેતૃત્વ હેઠળ ભાજપ, શિવસેના અને એનસીપી મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિ ગઠબંધનના ઘટકપક્ષો છે. ક્રાસ્ટોએ દાવો કર્યો હતો કે ભાજપે સ્પષ્ટ શબ્દોમાં સંદેશ આપ્યો છે કે તેમને 'હવે શિંદેની જરૂર નથી.' મંગળવારે શિંદે સિવાય શિવસેનાના પ્રધાનોએ સાપ્તાહિક કેબિનેટની બેઠકમાં હાજરી આપી ન હતી, કારણ કે ભાજપ દ્વારા રાજ્યના કેટલાક ભાગોમાં તેમના પક્ષના નેતાઓ અને કાર્યકરોને સામેલ કરવામાં આવ્યા હતા, જેના કારણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા મહાયુતિમાં અશાંતિ વધુ તીવ્ર બની હતી. શિંદેના નેતૃત્વમાં ફડણવીસ અને સેનાના પ્રધાનો વચ્ચેની બેઠકમાં બાદમાં સમાધાન થયું. પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું કે મહાયુતિના સાથી પક્ષોએ એકબીજાના નેતાઓને સામેલ કરવાથી દૂર રહેવું જોઈએ તે નક્કી કરવામાં આવ્યું છે.

## બીએમસીની ચૂંટણી

શેખ અને જ્યોતિ ગાયકવાડનો પણ સમાવેશ થતો હતો. શરદ પવાર સાથેની મુલાકાત બાબતે તેમણે કહ્યું હતું કે 'તેઓ (શરદ પવાર) એક સિનિયર નેતા છે અને હું તેમને મળવા ગઈ હતી, જેથી બીએમસીની ચૂંટણીઓની ચર્ચા કરી શકાય. મેં તેમને મુંબઈ મનપાની ચૂંટણીમાં સાથે રહેવાની વિનંતી કરી હતી. વાસ્તવમાં પાર્ટીના સ્થાનિક કાર્યકર્તાઓને તક મળી શકે તે માટે કૉંગ્રેસે બીએમસીની ચૂંટણી એકલેપંડે લડવાનું નક્કી કર્યું છે. ૨૨૭ સભ્યોની એશિયાની સૌથી શ્રીમંત પાલિકાની ચૂંટણીઓ જાન્યુઆરી ૨૦૨૬માં યોજાવાની ધારણા છે. ૨૦૧૭માં મહાનગરમાં યોજાયેલી છેલ્લી ચૂંટણીઓમાં, કોંગ્રેસે ખરાબ પ્રદર્શન કર્યું હતું, ફક્ત ૩૦ બેઠકો જીતી હતી. કોંગ્રેસ અને એનસીપી (એસપી) વિપક્ષી જૂથ મહા વિકાસ આઘાડી (એમવીએ)ના મુખ્ય ઘટકપક્ષો છે, જેમાં શિવસેના (યુબીટી) ત્રીજો ભાગીદાર છે. સેના (યુબીટી)એ મંગળવારે કોંગ્રેસને સંયમ રાખવા અને બીએમસી ચૂંટણીમાં એકલા ન જવા કહ્યું હતું, ચેતવણી આપી હતી કે આ પગલું ભાજપને મદદ કરશે અને એમવીએને નબળું પાડશે.ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ કોંગ્રેસને તેના નેતા રાહુલ ગાંધીના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને 'પાઠ શીખવવા'ના નિવેદનની યાદ અપાવી હતી. 'જો વિપક્ષ એક રહે તો જ આ પાઠ શીખવી શકાય છે,' એમ પાર્ટીના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે. રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને ધ્યાનમાં લેવામાં આવે તો ઉત્તર ભારતીય અને મુસ્લિમ મતદારોમાં સંભવિત ઘટાડો થવાની કોંગ્રેસની ચિંતાઓને પણ સંપાદકીયમાં હળવાશથી લેવામાં આવી છે, અને કહ્યું છે કે સેના (યુબીટી) અને મનસે ત્યાં ચૂંટણી ન લડી રહ્યા હોવા છતાં, બિહારમાં પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો હતો.

## મેટ્રો-થ્રીમાં

પ્રતિનિધિઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા અને મેટ્રો-થ્રીમાં મુસાફરી કરતા દિવ્યાંગો માટે ટિકિટ ભાડામાં છૂટ આપવાની માગ કરી હતી. આ માગણીને ધ્યાનમાં લેતા એમએમઆરસી એ ૨૮ ઓક્ટોબરના રોજ જાહેરાત કરી હતી કે તે આગામી ૧૦ દિવસમાં દિવ્યાંગોને ટિકિટ ભાડામાં ૨૫ ટકા છૂટ આપશે. જોકે દસ દિવસ પછી પણ આ સુવિધા લાગુ ન થતાં દિવ્યાંગોમાં નારાજગી જોવા મળી હતી.

# લંડનમાં નોકરી અપાવવાને બહાને દંપતી સાથે ૨૭ લાખ રૂપિયાની ઠગાઇ: મહિલાની ધરપકડ

મુંબઈ: લંડનમાં નોકરી અને યુનાઇટેડ કિંગડમના વિઝા અપાવવાને બહાને દંપતી સાથે ૨૭ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. મહિલાની ઓળખ આકાંક્ષા રાજેન્દ્ર તિવારી તરીકે થઇ હોઇ પોલીસ આ કેસમાં બીજા આરોપીની શોધ ચલાવી રહી છે.

એન્જિનિયરિંગ કન્સલટન્ટ વિકાસ વિદુરકુમાર ખાતીવેદાએ કાંદિવલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની પત્ની મોનિકા દહલ લંડનમાં નોકરી કરવા માગતી હતી. મુંબઈમાં નોકરી અને વિઝા સેવા આપતી એજન્સીઓની શોધ કરતી વખતે સોશિયલ મીડિયા પર ખાનગી કંપની વિશે તેને જાણવા મળ્યું હતું.

કંપનીએ યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુરોપ તથા અન્ય દેશોમાં નોકરી અને વિઝા સેવાઓ ઓફર કરવાનો દાવો કરતી અનેક સ્ટોરી પોસ્ટ કરી હતી. આથી મોનિકાએ તેમાં આપેલા નંબર પર કૉલ કર્યો હતો અને આકાંક્ષા તિવારી સાથે તેની વાતચીત થઇ હતી.

દંપતી બાદમાં કાંદિવલીમાં રઘુલીલા મોલ ખાતે તિવારીને ઓફિસમાં મળ્યું હતું. તિવારી તેમ જ કંપનીનો માલિક હોવાનો દાવો કરનારા રોહિત સોનગરાની સૂચના મુજબ તેમણે જૂન, ૨૦૨૪ અને મે, ૨૦૨૫ દરમિયાન ૨૭ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

જોકે રૂપિયા આપ્યા છતાં મોનિકા માટે વર્ક વિઝા અને તેના પતિ માટે ડિપેન્ડન્ટ વિઝા આપવામાં આવ્યા નહોતા. બંને આરોપી બાદમાં તેમને ટાળવા લાગ્યા હતા.

દરમિયાન કંપનીની કાંદિવલીની ઓફિસ બંધ થઇ ગઇ અને તે મલાડ શિફ્ટ કરવામાં આવી છે, એવું દંપતીને જાણવા મળ્યું હતું, પણ આરોપીઓ ત્યાં મળ્યાં નહોતાં.

પોતે છેતરાયે હોવાનું ધ્યાનમાં આવતાં તેમણે કાંદિવલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરીને તિવારીની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

## સુધરાઈ કરશે

મધ્યમાં આવેલું શિવાજી પાર્ક રાજકીય રેલીઓ માટે પણ તમામ રાજકીય પક્ષોની મનગમતી જગ્યા છે. આ ઉદ્યાનમાં ૧.૩ કિલોમીટરનો પ્રોમોનેડ, અને ચાલવા માટે અલાયદી વ્યવસ્થા છે. જીમની સાથે યોગ કેન્દ્ર પણ આવેલું છે. સૌથી નોંધપાત્ર જગ્યા શિવાજી પાર્ક જીમખાના છે. ઉદ્યાનની આસપાસના ઘણા વૃક્ષો ૮૦ વર્ષથી જૂના છે, જે તેના ઐતિહાસિક આકર્ષણમાં વધારો કરે છે.

પાલિકાએ ૨૦૨૧ની સાલમાં શિવાજી પાર્ક માટે બ્યુટિફિકેશન યોજના હાથ ધરી હતી, જેમાં બેઠકની જગ્યામાં સુધારો કરવામાં આવ્યો હતો અને પીવાના પાણીના ફુવારા સહિત હેરિટેજ માળખાઓને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતાય

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ નવી યોજના હેઠળ પેરિફરલ કટ્ટાને ફરી બેસાડવામાં આવશે. વૃક્ષોના બેસિનનું સમારકામ, બેસાડવા માટે નવી બેન્ચ બેસાડવામાં આવશે. શિલ્પો અને ભીંતચિત્રોને સાફ કરીને ફરી રંગવામાં આવશે. ત્યાં બેસાડેલી લાઈટમાં વધારો કરવામાં આવશે.

## મહારાષ્ટ્રનો દોષી

ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સક્ષમ અધિનિયમ, એ અનુક્રમે ભારતીય દંડ સંહિતા (આઈપીસી), ફોજદારી કાર્યવાહી સંહિતા (સીઆરપીસી) અને ભારતીય પુરાવા અધિનિયમનું સ્થાન લીધું છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે નવા કાયદાઓ રાજ્યના કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવાની મંજૂરી આપે છે અને ઈ-એફઆઈઆરની પણ જોગવાઈ કરે છે, જેના કારણે ગુનેગારો માટે અન્ય રાજ્યોમાં ભાગી જઈને કાર્યવાહીથી બચવાનું મુશ્કેલ બને છે.

ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં ગુનેગારોને દોષી ઠેરવવાનો દર ૨૦૧૩માં માત્ર નવ ટકા હતો તે હવે વધીને ત્રેપન ટકા થયો છે, અને નવા કાયદાઓ હેઠલ તેને ૯૦ ટકા સુધી વધારી શકાય તેમ છે.

## મહાયુતિનો

પણ આપવામાં આવ્યું હતું, પરંતુ શિંદેના નજીકના વર્તુળોએ માહિતી આપી હતી કે તેઓ કાર્યક્રમમાં ગેરહાજર રહેશે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર હાજર રહ્યા હતા. શિંદેની ગેરહાજરી ખૂબ ચર્ચામાં રહી હતી. છેલ્લા કેટલાક દિવસોના ઘટનાક્રમને જોતાં, શિંદેની ગેરહાજરી ચર્ચાનો વિષય બની હતી. દિલ્હી ગયેલા શિંદે કાલે બિહાર જશે. એનડીએ સરકારનો શપથ ગ્રહણ સમારોહ કાલે પટણામાં યોજાશે. શિંદે પોતાના પટણા પ્રવાસ દ્વારા સંદેશ આપશે કે તેઓ એનડીએ સાથે મજબૂત રીતે જોડાયેલા છે. બીજી તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ આ શપથગ્રહણમાં હાજર રહે એવી શક્યતા વચ્ચે ત્રણેય વચ્ચે શું થાય છે તેના પર નજર રહેશે.

શિંદેની સેના અને ભાજપ વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચી ગયો છે. કલ્યાણ-ડોમ્બિવલીના શિવસેનાના ભૂતપૂર્વ કોર્પોરેટરો ભાજપમાં જોડાયા. પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણની હાજરીમાં પાર્ટી પ્રવેશ સમારોહ યોજાયો હતો. આના કારણે શિંદેની સેનામાં ભારે નારાજગી ફેલાઈ હતી. શિંદેના ગઢ થાણે અને શ્રીકાંત શિંદેના લોકસભા મતવિસ્તાર કલ્યાણમાં આ ઘટનાઓ બનતી હોવાથી શિંદેની સેનામાં અશાંતિ વધી ગઈ. વધુમાં, ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની હાજરીમાં પાર્ટી પ્રવેશથી સંદેશ મળ્યો કે રાજ્યમાં ભાજપનું નેતૃત્વ આ બધા પાછળ છે. આને કારણે, શિંદે સેના ખૂબ જ અસ્વસ્થ છે.

બીજી તરફ એકનાથ શિંદે દિલ્હી રવાના થયા હોવાની જાણકારી મળતાં જ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને બીજા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર વચ્ચે મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન વર્ષા પર બેઠક થઈ હતી. એકનાથ શિંદે નારાજ છે તે બાબતે બંને નેતાઓએ ચર્ચા કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એટલું જ નહીં, આવી જ રીતે એકનાથ શિંદેની નારાજી વધતી રહે તો શું રસ્તો કાઢવો એના પર પણ બંનેએ ચર્ચા કરી હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું હતું.

બીજી તરફ શિંદે સેનાના પ્રધાન પ્રતાપ સરનાઈક દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે મહાયુતિમાં કોઈ વિખવાદ નથી અને કુટુંબમાં નાના-મોટા વિવાદ થાય છે એવો જ વિવાદ છે. અત્યારે સમાધાન થઈ ગયું છે અને નિર્ણય લેવામાં આવ્યો છે કે એકબીજાની પાર્ટીના નેતાઓને પક્ષપ્રવેશ આપવો નહીં તેનું પાલન કરાશે.

## બુધવારે પારો ૧૬.૨ ડિગ્રી

રહ્યો છે. બુધવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૬.૦૨ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા પાંચ ડિગ્રી ઓછું હતું. ઉપનગરમાં ઠંડક વધારે જણાઈ હતી, તેની સામે શહેર વિસ્તારમાં ઠંડકનું પ્રમાણ થોડું ઓછું જણાયું હતું.

કોલાબામાં સવારના લઘુતમ તાપમાનનો પારો ૨૧.૬ ડિગ્રી નોધાયો હતો. બુધવારના સાંતાક્રુઝમાં નોંધાયેલા ૧૬.૨ ડિગ્રી તાપમાન સાથે જ છેલ્લા એક દાયકાનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. છેલ્લા ૧૦ વર્ષમાં આ અગાઉ ૨૦૧૪ની સાલમાં નવેમ્બરમાં અને એ બાદ ૨૦૧૬ની સાલમાં ૧૧ નવેમ્બરના ૧૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો ૨૦૧૨ની સાલમાં નવેમ્બર મહિનામાં ૧૪.૬ ડિગ્રી જેટલું નીચું તાપમાન નોંધાયું હતું. ગયા વર્ષે નવેમ્બરમાં પણ સૌથી નીચું લઘુતમ તાપમાન ૧૬.૫ ડિગ્રી ૨૯ નવેમ્બરના નોંધાયું હતું. નવેમ્બર મહિનાનું અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન ૧૯૫૦માં ૧૩.૩ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં નવેમ્બર મહિનાના દિવાળી પૂરી થવાની સાથે જ શિયાળાની હળવી ઠંડીનો અનુભવ મુંબઈગરા કરી રહ્યા છે. નવ નવેમ્બરના મોસમનો પહેલી વખત લઘુતમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રીથી નીચે ૧૯.૬ ડિગ્રી નોંધાયો હતો અને ત્યારથી લઘુતમ તાપમાન ધીમે ધીમે સરેરાશ તાપમાન કરતા નીચે ગયો છે. જોકે નવેમ્બરના પહેલા અઠવાડિયામાં તાપમાન નીચું નોંધાવા માટે કમોસમી વરસાદ જવાબદાર રહ્યો હતો. મુંબઈમાં સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર દરમ્યાન હળવા શિયાળાનો અનુભવ થતો હોય છે.

છેલ્લા આખા અઠવાડિયા દરમ્યાન લઘુતમ તાપમાન ૧૮-૧૯ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું, જેમાં ૧૬ નવેમ્બરે પહેલી વખત ૧૮ ડિગ્રીથી નીચે તાપમાન નોંધાયું હતું ને ૧૯ નવેમ્બર બુધવારના ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

બુધવારે એક દાયકાનું સૌથી નીચું લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો આ મહિનાની શરૂઆતમાં બે નવેમ્બરના દિવસનું મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી છેલ્લા એક દાયકાનું સૌથી નીચું નોંધાયું હતું.

**ઉત્તર-પૂર્વીય પવનોને કારણે ઠંડી વધી**

મુંબઈ સહિત રાજ્યમાં શિયાળાની આકરી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે આ ઠંડી માટે હિમાલયથી ઉત્તર અને ઉત્તર-પૂર્વીય તરફથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનો જવાબદાર હોવાનું હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. મધ્ય મહારાષ્ટ્રના કેટલાક ભાગમાં પણ છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. મંગળવારે રાતના પૂર્વીય પવનો મધ્ય મહારાષ્ટ્ર અને આંતરિક મુંબઈ મેટ્રો રિજનથી ઠંડા પવનો મુંબઈ સુધી આવ્યા હતા અને તેને કારણે સવારે લઘુતમ તાપમાનમાં તીવ્ર ઘટાડો થયો હતો.

## પાર્થ પવારને ક્લીન ચિટ

નામ પહેલાથી જ આરોપી તરીકે નોંધાયેલા છે.

હવે તપાસ રીપોર્ટ જેહર થયા બાદ સરકારે અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીને રૂ.૪૨ કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચુકવવા માટે નોટિસ પણ પાઠવી છે, કંપનીને સાત દિવસમાં જવાબ આપવા પણ કહેવામાં આવ્યું છે. (પીટીઆઇ)

## પોલીસ ડાયરીમાં

પોલીસ અધિકારીઓને ચેવલેની ધરપકડ કરવાનો પડકાર ફેંકું છું.

તેમણે એવો દાવો કર્યો હતો કે ૧૬મી તારીખે બોટનિકલ ગાર્ડન તરફથી એક પત્ર લખવામાં આવ્યો હતો કે કેટલાક લોકો અહીં આવ્યા હતા અને અમને કહ્યું હતું કે આ જગ્યા અમારી છે અને આપણે આ જગ્યા ખાલી કરી દેવી જોઈએ. આ વાત કહેવામાં આવી હતી. આ લોકો પોલીસ સ્ટેશને પણ ગયા હતા. ત્યારબાદ, જ્યારે પોલીસવાળા ત્યાં પહોંચ્યા, ત્યારે તેમને માહિતી મળી હતી કે કોઈ દસ્તાવેજો ન હોવા છતાં, અમેડિયાના માણસોએ ગુંડાગીરી જેવું વર્તન કર્યું હતું. અંજલિ દમણિયાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે અહીં બાઉન્સરને પણ ડ્યૂટી પર રાખવામાં આવ્યા હતા.

**પોલીસ ડાયરીમાં શું લખ્યું છે?**

આ કેસમાં હવે અજિત પવારે રાજીનામું આપવું પડશે. કારણ કે હું તમને પોલીસ સ્ટેશન ડાયરીમાં ઉલ્લેખ સંભળાવી રહી છું. '૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ સાંજે ૪:૨૮ વાગ્યે, જ્યારે અમે ઉપરોક્ત વિષય પર મુંઢવા પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા, ત્યારે મુંઢવા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી કે એડવોકેટ તૃપ્તિ ઠાકુરે ફોન કરીને કહ્યું હતું કે અમારા સુરક્ષા કર્મચારીઓને બોટનિકલ ગાર્ડનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવતી નથી, તેથી મદદ માટે પોલીસ મોકલો. અધિકારીઓના આદેશ પર, અમે સબ-ઇન્સ્પેક્ટર મુંડે સાથે સ્થળ પર ગયા હતા. તે સમયે બોટનિકલ ગાર્ડનના વડા બાળાસાહેબ કદમ (ઉંમર ૫૭ વર્ષ), મહેશ પૂજારી અને ફિલ્ડ ઓફિસર સેફ સિક્યુરિટી સર્વિસીસના ચાર ગાર્ડ હાજર હતા. તેમણે અમને કહ્યું હતું કે ઉમેશ મોરેએ તેમને નિયુક્ત કર્યા છે, પરંતુ આ જગ્યા બોટનિકલ ગાર્ડનના કબજામાં હોવાથી, બાળાસાહેબ કદમે અમને કહ્યું. અમેડિયાના લોકોએ આ વ્યવહાર અંગે પોલીસને ફોન કર્યો હતો. તેઓ એવી માગણી કરે છે કે આ જગ્યા ખાલી કરવામાં આવે,' એમ અંજલી દમણિયાએ પત્રકારોને કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે હવે મારી એક મોટી માગણી એ છે. આ સમય દરમિયાન પાર્થ પવારનું ટાવર લોકેશન ક્યાં હતું? આ જાણવું જોઈએ. તેમનો સીડીઆર મંગાવવો જોઈએ. અમે શોધી કાઢીશું કે તે ૨.૫ કિમીના અંતરે ક્યાં હતો.

## જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી (તંબોલી વાડો ઘીમટો), હાલ ગોરેગાંવ, કિરિટભાઈના ધર્મપત્ની શ્રીમતી સુધાબેન (ઉં.વ. ૭૮) તે તા. ૧૯-૧૧-૨૫, બુધવારના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. હેમચંદ ભીખાચંદ શાહના દીકરી. તે નિલેશ અને કેયૂરના માતુશ્રી. જિનાલી અને ખૂશ્બૂના સાસુ. જસવંતીબેન, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. રક્ષાબેનના ભાભી. સ્વ. અરવિંદભાઈ, સ્વ. જયવંતભાઈ, હર્ષદભાઈ, સ્વ. ઈન્દિરાબેન, સ્વ. ભારતીબેન, સ્વ. ચિત્રાબેન અને પ્રજ્ઞાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડિયાના ભચીબેન લખમણ ડાઘા (ઉં.વ. ૧૦૩) તા. ૧૮-૧૧-૨૫, મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. ભચીબેન ખેતા દુદા ડાઘાના પુત્રવધૂ. સ્વ. લખમણ ધર્મપત્ની. સ્વ. કરમાબેન અને સ્વ. વિશાબેન રણમલ શાહની દીકરી. સ્વ. પ્રેમજી, સ્વ. વેલજી, સ્વ. મોતીલાલ, શામજી, માનુબેન, લાડુબેન, અમૃતબેન, જોરબેન, દિવાળીબેન, પુનઈબેન, કેસરબેનના માતુશ્રી. શાંતાબેન, લક્ષ્મીબેન, અમૃતબેન, કંચનબેન, સ્વ. રામજી, સ્વ. ખેતશી, લાલજી, સ્વ. હીરજી, સ્વ. વાલજી, સ્વ. પ્રેમજી, સ્વ. પોપટના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસસ્થાનઃ તુલસી વિલા, ૧લે માળે, ડૉ. કે.એન. રોડ, ગામદેવી, મુંબઈ-૭.

**શ્રી વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારી હાલે મુલુંડના સ્વ. કામલબેન સુરજી ભીમશી ગાલાના સુપુત્ર શાંતિલાલના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ. ૬૩) તા. ૧૮-૧૧-૨૫, મંગળવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. હિમાંશુ, કિંજલના માતુશ્રી. અમિત, નિકીતાના સાસુ. સૌર્યના દાદી. આધોઈના સ્વ. જમનાબેન પોપટલાલ કાનજી ચરલાના સુપુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૦-૧૧-૨૫, ૩.૩૦થી ૪.૩૦, પ્રાર્થના સ્થળ: યોગી સભાગૃહ ૪, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી, હાલ કાંદિવલી (પશ્ચિમ), સ્વ. પ્રભુલાલ રૂપાણીના પુત્ર પ્રમોદભાઈ (ઉં.વ. ૭૫) ગં. સ્વ. રેણુકાબેનના પતિ. વિશાલભાઈ, દર્શનાબેનના પિતાશ્રી. ધવલભાઈ દોશી અને અ. સૌ. ભાવિકાના સસરા. રાજકોટ નિવાસી સ્વ. રતિલાલ કશલચંદ મેહતાના જમાઈ. તે સ્વ. ભાનુભાઈ, સ્વ. શશીકાંતભાઈ, સ્વ. અનિલભાઈ, લલિતભાઈ, સ્વ. મંજુલાબેન ગાંધી, સ્વ. જસવંતીબેન માવાણી, ગં. સ્વ. પ્રફુલાબેન તેજાણી, અનશન આરાધક નીરૂબેન દામાણીના ભાઈ. મંગળવાર, તા. ૧૮-૧૧-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે).

**ઝાલા. દશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી સ્વ. સરોજબેન ચૂડગરના પતિ. કીર્તિકાન્ત (ઉં.વ. ૮૧) તે ૧૬/૧૧/૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. સંજીવ, સુનિલ, નિકેતાના પિતા. સ્વ. ઝવેરચંદભાઈ, બિપીનભાઈ, ગુણવંતભાઈ, કુમુદબેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ભોકરવા નિવાસી હાલ વસઈ રમેશચંદ્ર (ફતન) કેશવલાલ ભીમજીભાઈ બિલખિયાના ધર્મપત્ની ભાવનાબેન (ઉં.વ. ૬૬) તે ૧૮/૧૧/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે જયશ્રી નિતેશ જસાણી, રાહુલના માતુશ્રી. ગં.સ્વ. મંજુલાબેન મનહરલાલ, ગં. સ્વ. દમયંતીબેન ચંદ્રકાંત, સ્વ. દિનેશભાઇ, કિરણબેન કનૈયાલાલ, પ્રીતિબેન બિપીનકુમાર, સ્વ. બીનાબેનના ભાભી. પિયરપક્ષે ધારી નિવાસી પ્રાણલાલ જયંતીલાલ કોઠારીના દીકરી. મનીષ, મુકેશભાઈ, જીજ્ઞેશ, સંગીતા શૈલેષ શાહના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાલનપુરી (સ્થા) જૈન**

શ્રીમતી સુધાબેન દિનેશચંદ્ર મહેતા (ઉં.વ. ૮૨) તે દિનેશચંદ્ર ચીમનલાલ મહેતાના ધર્મપત્ની. શેફાલીબેન સંજયભાઈ ભણસાલી, સપનાબેન મનોજભાઈ મહેતા, શીતલભાઈ મહેતા, સમ્રાટ મહેતા (બોબી)ના માતુશ્રી. સંજયભાઈ ભણસાલી, મનોજભાઈ મહેતા, નિજા મહેતા, નમ્રિતા મહેતાના સાસુ. સ્વ. પ્રભાબેન તથા સ્વ. કાંતિભાઈ કચરાભાઈ મહેતાના દીકરી તા.૧૮ નવેમ્બર ૨૦૨૫ મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૧૧-૨૫ ગુરુવારના સમય : સાંજે ૫.૩૦ થી ૭.૦૦ સ્થળ : વાય. બી. ચવ્હાણ ઓડિટોરિયમ, નરીમાન પોઇન્ટ, મંત્રાલયની પાસે, મુંબઈ ૪૦૦૦૨૧. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના પ્રવિણ પ્રેમજી સાવલા (ઉં.વ. ૬૮) તા. ૧૭/૧૧/૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ પ્રેમજીના પુત્ર. માકુબાઇ પાસુ દેરુના પૌત્ર. ગુંદાલાના પાચીબાઇ રાયશીના દોહિત્ર. નાનજી, સાકર (દમયંતી), નિર્મળા, કુસુમ (હીના) સરોજના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જતીન સાવલા, ૧૪/ડી, માધવ ભુવન લોઅર પરેલ.

મોટી રાયણના શ્રી શામજી ભાણજી છેડા (ઉં.વ. ૮૬) તા. ૧૮-૧૧-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. ખેતબાઈ ભાણજીના પુત્ર. રતનબેનના પતિ. હર્ષા, ભાવના, પ્રજ્ઞા, નિલેશ, વિપુલના પિતાશ્રી. નેણબાઈના ભાઈ. નાગલપુર લક્ષ્મીબેન લક્ષ્મીચંદના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ). ટા. ૨ થી ૩.૩૦. નિ. શામજી છેડા, ૫૦૧/૫૦૨, આસોપાલવ, રોડ નં. ૦૬, જવાહર નગર, ગોરેગામ (વે).

વિઢ (હાલે હૈદ્રાબાદ)ના કલ્યાણજી કારૂભાઈ ગોસર (ઉં.વ. ૮૯) તા. ૧૭-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. દેવકાબાઈ કારૂભાઈ દેવજીના સુપુત્ર. રતનબેનના પતિ. સં.પ. હર્ષશીલાશ્રીજી મ.સા., દિનેશ, ગુણવંતી, ભારતીના પિતાશ્રી. મુલચંદ, નાનજી, માપર જેતબાઈ હરશી, નારાણપુર હીરબાઈ હીરાલાલ, ચાંગડાઈ કેસરબેન ધનજીના ભાઈ. બાડા લીલબાઈ મેઘજી દેવશીના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ ગોસર : ૧-બી, કનકદુર્ગા ભવન, ૩-૪-૨૫૫, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭.

નાની તુંબડીના શ્રુતી કિશોર સાવલા (ઉં.વ. ૬૭) તા. ૧૫/૧૧/૨૫ના અવસાન પામેલ છે. સાકરબેન / શાંતાબેન લાલજી ચાંપશી સાવલાના પુત્રવધૂ. સ્વ. કીશોરના ધર્મપત્ની. અમદાવાદના હીરાબેન હરિકૃષ્ણભાઈ દવેના સુપુત્રી. અલકાબેન નવીનચંદ્ર ઓઝા, સ્વ.ભાવના ધનશ્યામ દવે, ભરતભાઈના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુકેશ મુરજી, ૧૦-શેલરાજ બંગલો, સેટેલાઇટ, રામદેવ નગર, અમદાવાદ-૩૮૭૪૧૧.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી, હાલ (પવઈ) રજનીકાંતભાઈ ગાંધી (ઉં.વ. ૮૪) ૧૮-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. છોટાલાલ મણિલાલ ગાંધીના સુપુત્ર. મધુબેનના પતિ. તે સ્વ. રાજા, ચૈતાલી અને જીમિતના પિતા. સીમાના સસરા. રાહુલના દાદા. તે સ્વ. માણેકભાઈ, સ્વ. મનમોહનભાઈ, સ્વ. બટુકભાઈ, સ્વ. ધર્મચંદભાઈ, સ્વ. અંબાલાલભાઈ, સ્વ. લીલીબેન, સ્વ. સરલાબેન, સ્વ. રંજનબેન અને સ્વ. ચંદનબેનના ભાઈ. તે સાવરકુંડલાવાળા સ્વ. છબીલદાસ દુર્લભદાસ શેઠના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બગસરા નિવાસી હાલ મુંબઈ ગીરીશભાઈ દુર્લભજી ગઢાણીના ધર્મપત્ની મીતાબેન (ઉં.વ. ૭૨) તે ૧૮/૧૧/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે તેજસ, ધ્વનિના માતુશ્રી. નિશિતા કિરીટભાઈ સંઘવી, સ્વીટીના સાસુ. દિત્યા, સાનવી નિષ્કાના દાદી. પિયરપક્ષે જૂનાગઢ નિવાસી સ્વ. પ્રાણલાલ મણિલાલ દોશીના દીકરી. પ્રાર્થનાસભા ૨૧/૧૧/૨૫ના રોજ ૫ થી ૭ કલાકે મહેશ્વરી ભવન, સમર્થ આંગન, ઓશિવારા પોલીસ સ્ટેશન પાસે, ન્યુ લિંક રોડ, અંધેરી વેસ્ટ.

## હિન્દુ મરણ

મૂળ બરડીયા હાલ જેતપુર નિવાસી રમેશભાઈ રેવાશંકરભાઈ મહેતા (ઉં.વ. ૬૮)નું તા. ૧૮/૧૧/૨૫ મંગળવારના ગુરુચરણ થયેલ છે. જેઓ ભાનુશંકર ભાઈના નાનાભાઈ તથા મુકેશભાઈ, દીપકભાઈ તથા ભરતભાઈના મોટા ભાઈ. મનીષભાઈ, પિયુષભાઈ તથા સિદ્ધિબેન પ્રતીકકુમાર બોરીસાગરના પિતાશ્રી. દિવ્યાંગ તથા ધ્રુવીનના દાદા. જેમનું બેસણું તેમના નિવાસ સ્થાન જેતપુર મુકામે રાખેલ છે. સ્થળ: પંચવટી સોસાયટી બ્લોક નંબર બી/૮, ધોરાજી રોડ, જેતપુર.

જિતેન્દ્રભાઈ શંકરલાલ બ્રહ્મભટ્ટ (જીતુભાઈ બારોટ) (ઉં.વ. ૭૦) તે પારુલબેનના પતિ. ખ્યાતિ અને વિરંચીના પિતા. ભૂમિકાના સસરા અને વેદાંગના દાદા. ૧૭ નવેમ્બરે શ્રી સ્વામી શરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૦ નવેમ્બર, ૫થી ૭. એંપાયર બેંકવેટ્સ, ટાઈમસ્ટાર હાઉસ, એસ.વી. રોડ, ઉદ્યોગ નગર, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ.

**લેઉવા પટેલ**

તારાપુર, હાલ મુંબઈ નિવાસી સ્વ. નવીનચંદ્ર ભાઈલાલભાઈ પટેલના ધર્મપત્ની ગં.સ્વ. પ્રમિલાબેન (ઉં.વ. ૯૦) તે સ્વ. ચંદ્રકાંતભાઈ તથા ભરતભાઈના ભાભી. સ્વ. જિતેન્દ્રભાઈ, કાર્તિકેયભાઈ, બિપિનભાઈ, જગતભાઈ તથા સ્વ. હસુમતીના બેન. જાગૃતિ રાજીવ પટેલ, ગીતાંજલી, વિક્રમ, નમ્રતા સિદ્ધાર્થ ચેટરજી તથા ચિન્મયના મમ્મી. અ.સૌ. અમીતાના સાસુ. ધ્રુવ તથા અનુજના દાદી. તે તા. ૧૮-૧૧-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી પ્રવિણકુમાર અમૃતલાલ ભુતા (ઉં.વ. ૮૬) તે બુધવાર, તા. ૧૯-૧૧-૨૫ના શ્રીજીચરણ થયા છે. તે ઉર્મિલાબેનના પતિ. તે સુનિલ તથા નિમિષાના પિતાશ્રી. તે જાગૃતિ તથા ભાવિનકુમાર વળિયાના સસરા. તે સ્વ. કનુભાઈ ભુતા, સ્વ. જશુમતીબેન પ્રાણજીવનદાસ પારેખ, સ્વ. શાંતાબેન તુલશીદાસ મહેતાના ભાઈ. તે ઈંદીરાબેન ભુતાના જેઠ. તે સસરા પક્ષે સ્વ. ચત્રભુજ નથુભાઈ પટેલના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૧-૧૧-૨૫, શુક્રવારના ૫થી ૭. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વેસ્ટ) લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ બામણાસા, હાલ વિલેપાર્લે છોટાલાલ માધવજી વર્ધન (ઉં.વ.૭૫) તા. ૧૮-૧૧-૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે અરુણાબેનના પતિ. તે સ્વ. સાકરબેન માધવજી વર્ધનના પુત્ર. તે ક્ષિતિજ અને અપેક્ષા ગૌતમ શાહના પિતાશ્રી. તે નેહલ અને ગૌતમ શાહના સસરા. તે સ્વ. લીલાધર, ગોવિંદભાઈ, સ્વ . નવીનીતભાઈ, પ્રભુદાસ, સ્વ. વિજયાબેન રામજી વિઠલાણી, સ્વ. કાંતાબેન અમરશી કારિયા અને પ્રભાબેન વૃંદાવનદાસ વિઠલાણીના ભાઈ. સ્વ. કંચનબેન બાબુલાલ ગોકલદાસ ઠકરાર (ખાર)ના જમાઈ. તેમની પ્રાર્થનસભા તા. ૨૦-૧૧-૨૫, ગુરુવારના ૫.૩૦થી ૭.૦૦. સ્થળ: સરદાર પટેલ બાગ, પાર્લેશ્વર રોડ, જૈન દેરાસર પાસે, વિલેપાર્લે (ઈસ્ટ).

**કપોળ**

મોટા ઝીંઝુંડાવાળા હાલ મીરારોડ ગો.વા. પ્રભાવતીબેન નટવરલાલ જયંતીલાલ સંઘવીના પુત્ર કેતન (ઉં.વ. ૬૧) શુક્રવાર, તા. ૧૪-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. અ.સૌ. વર્ષા રસિકલાલ કાચરીયા, અજય તથા સંદીપના ભાઈ. ગો.વા. કોકીલા (કેતકી)ના દેર તથા અ.સૌ. તૃપ્તિના જેઠ. કેયૂર, અંકિત, અ.સૌ. હિર રાજ વળીયા, દીપના કાકા. અ.સૌ. ભામીની ઉત્કર્ષકુમાર મહેતા તથા ભાવિનના મામા. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ગંગાબાઈ ગોપાલજી ગણાત્રા ગામ તેરા હાલે મુલુંડવાળાના પૌત્રવધૂ અ.સૌ. રૂપલબેન (ઉં.વ. ૫૩) તે ગં.સ્વ. મીનાબેન સુરેશ ગણાત્રાના નાના પુત્રવધૂ. તે જીતેનભાઈ સુરેશ ગણાત્રાના ધર્મપત્ની. તે ટ્વિંકલબેનના માતુશ્રી. ગં.સ્વ. અનુસૂયાબેન હંસરાજ દેવચંદ કોઠારી ગામ કોટડા રોહાવાળાની પુત્રી. તે જ્યોતિબેન સુનીલ ગણાત્રા, સ્વ. નમ્રતાબેન સંજય ગણાત્રાના દેરાણી. તે આરતીબેન કેતન ઠક્કરના ભાભી. તા. ૧૮-૧૧-૨૫ને મંગળવારના શ્રીરામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૧૧-૨૫, ગુરુવારના ૫થી ૭. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર સંદતર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ભુજ હાલ મુંબઈ કલવા નિવાસી સ્વ. જયાબેન તથા ગોપાલજી રતનશી પોપટના પુત્રવધૂ. સ્વ. કિશોરભાઈના ધર્મપત્ની પ્રભાબેન (ઉં.વ. ૭૬). સ્વ. માણેક લાલજી ઠક્કરના પુત્રી. કૃપાલી સચિન ઉર્વીલના માતા. દમયંતી હરીશ કતીરા, સ્વ. સુરેશ ગોપાલજી પોપટ, દક્ષા નવીન ઠક્કરના ભાભી. ગં.સ્વ. રેખા સુરેશ પોપટના જેઠાણી. તા. ૧૬-૧૧-૨૫ ને રવિવારના અક્ષરનિવાસી થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૧૧-૨૫ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ સુધી ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આઈયા બેન્કવેટ હોલ, ૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી**

ડુંગર નિવાસી હાલ વસઈ ધર્મેશભાઈ ગંગાદાસ શેઠના ધર્મપત્ની સંગીતાબેન (ઉં.વ. ૫૮), સોમવાર, ૧૭/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. ચિ. પ્રતિક તથા હિંજલના માતોશ્રી. સ્વ. જયેશભાઈ તથા ઉપેન્દ્રભાઈના ભાભી. પિયર પક્ષે પ્રાણલાલ ભાઈચંદ વોરાની દીકરી. ચિ. રિયા તથા ઋષભ કુમાર પારેખના સાસુ. બંને પક્ષની પ્રાર્થના સભા ગુરૂવાર તા. ૨૦/૧૧/૨૫ના ૩થી ૫ના શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય માણેકપુર વસઇ (વેસ્ટ).

**વાયડા વણિક**

દિપકભાઈ દલાલ (ઉં.વ. ૮૫) તે સ્વ. ખુશમનબેન તથા સ્વ. જયંતિલાલ દેવીદાસના પુત્ર. સ્વ. સોમીબેન અને સ્વ. અંબાલાલ મહેતાના જમાઈ. શ્રીમતી મીનાબેનના પતિ. પાર્થ તથા રુચિના પિતાશ્રી. અ. સૌ. રૂપલ અને આશીષભાઈના સસરાજી. ચિ. શ્લોક અને પ્રાપ્તિના દાદા મંગળવાર, તા. ૧૮/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૨૦/૧૧/૨૫ના સાંજે ૫.૩૦ થી ૭.૩૦ વાગે એસસીએન સ્પોર્ટ્સ ક્લબ મલ્ટી પરપઝ હોલ, સરાફ ચૌધરી નગર, આઇસીઆઇસીઆઇ બેંકની સામે, ઠાકુર કોમ્પલેક્ષ, કાંદીવલી ઈસ્ટ.

**વિસા શ્રીમાળી ૧૦૮ સમાજ**

કુસુમબેન રતિલાલ શાહ (ઉં.વ. ૮૯) મૂળ વતનઃ સાલડી હાલ - મલાડ. મુંબઈ પ્રદીપભાઈના માતુશ્રી સ્વ. ઉર્મિલાબેનના સાસુ. પૂ પ.કિર્તિરત્ન મ.સા.ના સંસારીબેન. પૂ.સા. ભાવિતગિરા શ્રી જી મ.સા. તથા પૂ.સા વીશ્રુતગિરા શ્રીજીના સંસારી દાદી. અદિતી, દશીલના નાની. સ્વ. મફતલાલ ભીખાભાઇ શાહના ભાભી. સ્વ. કંચનબેનના દેરાણી. પિયર પક્ષે - ચીમનભાઈ લીલાચંદ શાહ નંદાસણ પ્રાર્થના સભા સાથે રાખેલ છે, તા. ૧૮/૧૧/૨૫ને અરિહંત શરણ થયા છે. પ્રાર્થનાસભાઃ તા. ૨૦/૧૧/૨૫, ગુરુવાર, સમયઃ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦, સ્થળઃ પારેખ હોલ, જીતેન્દ્ર રોડ, મલાડ-ઈસ્ટ.

**કપોળ**

પાલીતાણા નિવાસી હાલ દહિસર શાંતાબેન ગોકલદાસ હકાણીના પુત્રી તરુણાબેન (ઉં.વ. ૭૭) તે ૧૭/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નયન, બકુલ, સ્વ. રજની, દીપનના મોટાબેન. ભાવના દિલીપભાઈ મોદી, સ્વ. દક્ષા જતીન દલાલના મોટાબેન. રશ્મિ, ગીતા, મીતાના નણંદ. દેવ, કૌશલ, સેજલ, સમ્રાટ, કરણના ફઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ ૪૦૪, ગોવિંદ નંદનવન, માનવ કલ્યાણની ઉપર, દહિસર ઈસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

ખોખરડા નિવાસી હાલ વસઈ સ્વ. ભાઈશંકર લાલજીભાઈ જોષીના પુત્ર સતિષભાઈ (ઉં.વ. ૬૬) તે ભાસ્કર તથા મુકેશભાઈના મોટાભાઈ. યામિનીબેનના જેઠ. સ્વ. હંસાબેન જયંતીલાલ પંડ્યાના ભાઈ. ભાનુબેન અશ્વિનભાઇ જોશીના ભાઈ. ઉર્વશી અનિલભાઈ પૂજારી, સોનલ તથા હરસિદ્ધના મોટાબાપા. ૧૮/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી ૨૧/૧૧/૨૫ના રોજ ૪ થી ૬ કલાકે સ્વાતિ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૫, સમતા નગર, આંબડી રોડ, ગોકુલ પાર્ક, વસઈ વેસ્ટ.

**સૌરાષ્ટ્ર બાજખેડાવાળ બ્રાહ્મણ**

મોટા આંકડિયા નિવાસી હાલ સાંતાક્રુઝ (મુંબઈ), ગં.સ્વ. ગુણવંતીબેન નવીનચંદ્ર મહેતા (ઉં.વ. ૯૧). તા. ૧૬/૧૧/૨૫ રોજ કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. નવીનચંદ્ર રતિલાલ મહેતાના ધર્મપત્ની તથા સ્વ. શ્રી મોરારજીભાઈ વ્યાસ (વર્ધા)ના દિકરી. સતીશ, કિરણ, કશ્યપ અને દક્ષેશના માતુશ્રી. વર્ષા, માયા, જાગૃતિ અને હીનાના સાસુ. તીરથ, તુલસી, કથા, કથન, ધાર્મિક, વિધિ અને ધ્રુવના દાદી. પ્રાર્થનાસભા તા. ૨૧/૧૧/૨૫ ને શુક્રવારે સાંજે ૫ થી ૭ વાગે, સીતા સીંધુ ભવન, વિહાર હોટલની સામે, રોડ નં. ૮, પ્રોફેસર રામ પંજવાની ચોક, નહેરુ રોડ, સાંતાક્રુઝ-ઇસ્ટ.

**અવધિ સહસ્ત્ર બ્રાહ્મણ**

મુંબઈ સ્થિત નટુભાઈ બધેકા (ઉં.વ. ૯૧) તા. ૧૫ નવેમ્બર ૨૫ના દેવલોક પામ્યા છે. તે ભારતીબેન બધેકાના પતિ. અંજની, માધવી અને મેહુલના પિતાશ્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાન ૪૫/૫ વસુંધરા બિલ્ડિંગ, ભુલાભાઈ દેસાઈ રોડ, મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦૦૨૬.

## પારસી મરણ

મની ફલી માર્શલ તે ફલી કે. માર્શલના ધણિયાની. તે મરહૂમો ટેમીના તથા કૈખશરૂ મિસ્ત્રીના દીકરી. તે સ્યામક ને બેહાફ્રીદના મમ્મી. તે ફ્રેડી એચ. માનકેજી તથા મરહૂમ માહરૂખ એસ. માર્શલના સાસુ. તે રોશની મિસ્ત્રી તથા મરહૂમ ધન ડેનીઅલ્સના બહેન. તે અરીશ એસ. માર્શલના બપયજી. તે મરહૂમો રતી તથા કૈખશરૂ માર્શલના વહુ. (ઉં.વ. ૯૧) રે.ઠે.: ૪/૩૨, એ. એચ. વાડિયા બાગ, જી. ડી. આંબેકર માર્ગ, કાલાચોકી, મુંબઈ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧૧-૨૦૨૫ને બપોરે ૩.૪૫ વાગે, મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

પેરીન બમન ઈરાની તે મરહૂમ બમન દારાબ ઈરાનીના વિધવા. તે મરહૂમો શીમીનદોખી તથા ખોદાદાદ યઝદેગરદીના દીકરી. તે દિલશાહ હનોઝ પંથકી ને બીનાઈફર નરયોસંગ બીલ્લીમોર્યાના મમ્મી. તે હનોઝ એચ. પંથકી ને નરીયોસંગ ઈ. બીલ્લીમોર્યાના સાસુ. તે રૂસ્તમ યઝદેગરદી, ઝરીન માસહરગી, પરવીન ઈરાની તથા મરહૂમો સોરાબ ફરોખ ને બેહરૂઝના બહેન. તે રેહાન એચ. પંથકી ને ડેલીકા એન. બીલ્લીમોર્યાના મમઈજી. (ઉં.વ. ૭૦) રે.ઠે.: સી-૧૫, મલબારી બિલ્ડિંગ, ૧લે માળે, ન્યુ ખેરઘાટ કોલોની, હ્યુજીસ રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧૧-૨૦૨૫ બપોરે ૩.૪૫ વાગે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં.૧માં.

ગયોર્મદ જાલ કોલાબાવાલા તે મનીજેહ ગયોર્મદ કોલાબાવાલાના ખાવીંદ. તે મરહૂમો હીરાબાઈ તથા જાલ બેહરામજી કોલાબાવાલાના દીકરા. તે મરહૂમ ડોલીના ભાઈ. તે બપઈ બેહરામ સુનાવાલાના મામા. તે કેરશી રૂસી માખણયાના માસા. તે કયોર્મઝ ડોશુ ભમગરા ને મરઝયાન ડોશુ ભમગરાના ફૂવા. (ઉં.વ. ૯૨) રે.ઠે.: ૮૧૧, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧૧-૨૦૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની વાડિયા બંગલીમાં.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દોથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# પુરુષ




## સત્તા- સિદ્ધિ ને અંદરનો ખાલીપોઃ... આ છે આધુનિક ભારતીય પુરુષનો બર્નઆઉટ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

આજનું કોર્પોરેટ ભારત  વિશ્વની સૌથી ઝડપી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે, પરંતુ તેની સફળતાની ગાથાની પાછળ એક ચિંતાજનક અને વણઉકેલાયેલી સમસ્યા છુપાયેલી છેઃ કર્મચારીઓમાં વ્યાપક બર્નઆઉટ (Burnout- તન મનથી નિચોવાઈ જવું  થાકી જવું ) ....

તાજેતરના અહેવાલો મુજબ, ભારતીય કર્મચારીઓમાંથી લગભગ ૫૯% કર્મચારી આવા બર્નઆઉટનો સામનો કરી રહ્યા છે  અને આ સ્થિતિનું આર્થિક પરિણામ ઘણું મોટું છે. કર્મચારીઓની ઉત્પાદકતામાં ઘટાડો અને નોકરી છોડવાના વધતા વલણને કારણે દેશને વાર્ષિક આશરે ૩૫૦ બિલિયન- ૩૫૦ કરોડ ડૉલર (આજે ૧ ડૉલર = આશરે ૮૯ રૂપિયા) જેટલું પ્રચંડ નુકસાન થઈ રહ્યું છે, જે આપણા કુલ જીડીપીના ૮% જેટલું છે. આ માત્ર આંકડા નથી,પરંતુ ભારતની કાર્યકારી શક્તિના સ્વાસ્થ્ય પરનો એક ગંભીર ચેતવણીનો સંકેત છે. આ સમસ્યાના કેન્દ્રમાં ઘણીવાર આધુનિક ભારતીય પુરુષ કર્મચારી જોવા મળે છે, જેના ખભા પર માત્ર કારકિર્દીની મહત્ત્વાકાંક્ષાનું જ નહીં, પણ પરંપરાગત રીતે 'ઘર ચલાવવાની અને સફળ થવાની' સામાજિક અપેક્ષાઓનું પણ ભારે વજન હોય છે.  તેના માટે વર્કપ્લેસ પરનો તણાવ માત્ર એક અસુવિધા નથી, પરંતુ તેની ઓળખ અને અસ્તિત્વ પરનો હુમલો છે.

ભારતીય પુરુષ માટે સફળતાની વ્યાખ્યા ઘણીવાર તેના પગાર ધોરણ, પદ અને સંપત્તિ સાથે  સંકળાયેલી હોય છે. આ સામાજિક દબાણ તેને સતત હાંસલ કરવા- ઉતાવળે પામવા -વધારાના કલાકો કામ કરવા અને અશક્ય સમયમર્યાદા પૂરી કરવા માટે મજબૂર કરે છે.

આ અહેવાલ મુજબ, લગભગ અડધા કર્મચારીઓએ વર્કપ્લેસના તણાવને તેમની સૌથી મોટી માનસિક સ્વાસ્થ્ય સમસ્યા ગણાવી છે. પુરુષમાં આ તણાવ ઘણીવાર ગુસ્સો,ચીડિયાપણું,અનિદ્રા અને ક્યારેક તો હાઈ બ્લડ પ્રેશર અથવા પાચન સંબંધિત રોગોમાં પરિવર્તિત થાય છે.

આપણે જે બર્નઆઉટની વાત કરીએ છીએ  એ માત્ર થાક નથી. તે એક એવી સ્થિતિ છે જ્યાં વ્યક્તિ પોતાની જોબ  સાથેનું  ભાવનાત્મક જોડાણ ગુમાવી દે છે, નકારાત્મકતા અનુભવે છે, અને સિદ્ધિની ભાવનામાં ગંભીર ઘટાડો અનુભવે છે. ભારતીય સમાજમાં પુરુષને તેમની લાગણીઓ વ્યક્ત કરવા માટે ઓછી છૂટ હોય છે, પરિણામે, એ  આ બર્નઆઉટની લાગણીઓને દબાવી દે છે. આનાથી પરિસ્થિતિ વધુ વણસે છે, કારણ કે દબાવેલો તણાવ આખરે કાર્યક્ષમતાના અભાવ અને કંપનીમાંથી રાજીનામું આપી દેવાના સ્વરૂપમાં બહાર આવે છે, જે  સીધી રીતે ઉદ્દીને નુકસાન પહોંચાડે છે. એક કાર્યક્ષમ પુરુષ કર્મચારી જ્યારે તણાવમાં હોય છે ત્યારે તેની નિર્ણય લેવાની  ક્ષમતા ઘટે છે,સર્જનાત્મકતા ઓછી થાય છે અને ભૂલોનું પ્રમાણ વધે છે, જે સંસ્થાકીય પ્રગતિને ધીમી પાડે છે.

આ  રીતે જીડીપીને થતું ૮% જેટલું નુકસાન અને કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્યને થતી હાની અટકાવવા માટે, વ્યક્તિગત અને સંસ્થાકીય સ્તરે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. ભારતીય પુરુષ કર્મચારીઓ આ મુશ્કેલી સામે લડવા માટે કેટલાક વ્યવહારુ ઉપાયો અપનાવી શકે છે. સૌ પ્રથમ, તેમણે સ્પષ્ટ સીમાઓ નક્કી કરવી (Set Boundaries)જોઈએ. તમારા કામના કલાકો સ્પષ્ટપણે નક્કી કરો. સાંજે ૬ કે ૭ વાગ્યા પછી ઓફિસના ઈમેલ અને કોલનો જવાબ આપવાનું ટાળો. આ 'પાવરિંગ ડાઉન' સમયગાળો તમારા મગજને આરામ આપે છે અને કૌટુંબિક જીવનને સંતુલિત કરે છે. 'ના'કહેવાની કળા શીખો, ખાસ કરીને જ્યારે વધારાનું કામ તમારા અંગત સમયમાં દખલ કરતું હોય. આ ઉપરાંત, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે. તણાવને અસરકારક રીતે નિયંત્રિત કરવા માટે નિયમિત કસરત અને પૂરતી ઊંઘ અનિવાર્ય છે. દિવસમાં માત્ર ૩૦ મિનિટની શારીરિક પ્રવૃત્તિ,જેમ કે દોડવું કે જીમમાં જવું, એન્ડોર્ફિન મુક્ત કરીને માનસિક તાણ ઘટાડવામાં મદદ કરે છે. માઈન્ડ ફુલનેસ કે ધ્યાન જેવી પદ્ધતિઓ પણ મનને શાંતિ આપે છે.

ત્રીજું, તમારે સપોર્ટ નેટવર્ક બનાવીને વાતચીત કરવી જોઈએ. પરંપરાગત વિચારધારાથી વિપરીત, લાગણીઓ વ્યક્ત કરવી એ નબળાઈ નથી, પરંતુ શક્તિ અને પરિપક્વતાની નિશાની છે. મિત્રો,પરિવાર અથવા વ્યાવસાયિક માનસિક સ્વાસ્થ્ય સલાહકાર સાથે તમારા તણાવ વિશે ખુલ્લી વાત કરો. પુરુષોએ એકબીજાને ટેકો  આપવા માટે 'બડી સિસ્ટમ' બનાવવી જોઈએ, જ્યાં એ બધા  નિર્ણયના ભય વિના તેમની મુશ્કેલીઓ શેર કરી શકે.

ચોથો મહત્ત્વનો ઉપાય છે કામમાં 'માઈક્રો- બ્રેક્સ' લેવા. લાંબા સમય સુધી સતત કામ કરવાથી ઉત્પાદકતા ઘટે છે. દર ૯૦ મિનિટે ૫-૧૦ મિનિટનો નાનો બ્રેક લો. આ બ્રેક દરમિયાન તમારી ડેસ્ક પરથી ઊભા થઈ થોડું ચાલો અથવા દૂરની વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. આ 'રીસેટ' બટન દબાવવા જેવું છે જે તમારા ફોકસને પાછું લાવે છે. અંતે, શોખ અને અંગત રસને પુનર્જીવિત કરવો જરૂરી છે. કામ સિવાયની પ્રવૃત્તિઓ જે તમને આનંદ આપે છે તે બર્નઆઉટની દવા છે.

સપ્તાહના અંતે તમારા શોખ,જેમ કે ગિટાર વગાડવું,રસોઈ કરવી કે પ્રકૃતિમાં સમય વિતાવવો,તેના માટે સમય કાઢો. આ પ્રવૃત્તિઓ જીવનમાં સંતુલન લાવે છે અને તમને કામની બહાર એક આગવી  ઓળખ આપે છે. કંપનીઓએ  પણ તેમના કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમોમાં રોકાણ કરવું જોઈએ, લવચીક કાર્ય કલાકો (Flexible Working Hours)ઓફર કરવા જોઈએ અને 'ટોક્સિક' કાર્ય સંસ્કૃતિને સમાપ્ત કરવી જોઈએ.

જો ભારતે તેના જીડીપીને ૮% જેટલું મોટું નુકસાન અટકાવવું હોય અને તેની કાર્યકારી વસતિનું જીવનધોરણ સુધારવું હોય તો બર્નઆઉટને માત્ર એક વ્યક્તિગત સમસ્યા નહીં, પણ એક રાષ્ટ્રીય કટોકટી તરીકે જોવું પડશે. ભારતીય પુરુષ કર્મચારીએ સમજવું પડશે કે તેનું મૂલ્ય તેના કામના કલાકોથી નહીં, પરંતુ તેની કાર્યક્ષમતા અને સ્વસ્થ જીવનશૈલીથી નક્કી થાય છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## તને દીકરો તો મને વહાલી દીકરી!

ડિયર હની,

માતાને દીકરો વ્હાલો છે અને પિતાને દીકરી તરફ વધુ લાગણી હોય છે. આ વાત સદીઓથી થતી આવે છે અને એમાં વજૂદ પણ છે ને  દમ પણ છે. આપણને પહેલું સંતાન દીકરી હતી એનું મને ગૌરવ રહ્યું છે. બીજું સંતાન દીકરો આવ્યો અને જાણે આપણો પરિવાર  સંપૂર્ણ બની ગયો. જો કે, આજે ય સમાજમાં મોટાભાગના પરિવારોમાં દીકરાની બોલબાલા વધુ છે. દીકરો હોય તો વંશ આગળ વધે એવી માનસિકતા હજુ ય કાયમ છે. દીકરી તો સાસરે જતી રહે એટલે દીકરો તો હોવો જ જોઈએ. આવી માનસિકતા એ આજની વાસ્તવિકતા છે. જોકે હવે  આ દૃશ્ય બદલાવું જોઈએ, પણ કમનસીબે બદલાતું નથી.

સવાલ એ છે કે, માતાને દીકરો અને પિતાને દીકરી વધુ વહાલી કેમ હોય છે...? એનાં વૈજ્ઞાનિક કારણો જાણવા જેવાં છે.

સિગ્મંડ ફ્રોઈડનાં માટે વિપરીત લીંગનાં  આકર્ષણ માટેના મનોવૈજ્ઞાનિક કારણો હોય છે. દીકરા માટે ઇડિપસ કોમ્પ્લેક્સ કામ કરે છે. આ સિદ્ધાંત ગ્રીક પૌરાણિક કથાના રાજા ઇડિપસ પર આધારિત છે. ફ્રોઈડના મતે, લગભગ ત્રણથી છ વર્ષની ઉંમર દરમિયાન, દીકરો પોતાની માતા પ્રત્યે વધુ આકર્ષણ અનુભવે છે અને અચેતન મનમાં પોતાના પિતાને હરીફ તરીકે જુએ છે. દીકરો માતાના સ્નેહ અને ધ્યાનને સંપૂર્ણપણે પોતાના માટે ઈચ્છે છે. આ કોમ્પ્લેક્સના સફળ નિરાકરણ પછી  દીકરો ધીમે ધીમે પિતાની ભૂમિકાને સ્વીકારે છે અને માતા પ્રત્યેનું આકર્ષણ સમાપ્ત કરીને પિતાની જેમ વર્તન કરવાનું શરૂ કરે છે.

આ જ રીતે દીકરી માટે ઇલેક્ટ્રા કોમ્પ્લેક્સ કામ કરે છે. આ સિદ્ધાંત પણ ગ્રીક પૌરાણિક કથાની ઇલેક્ટ્રા પર આધારિત છે, જેણે તેના પિતાના મૃત્યુનો બદલો લેવા માટે તેની માતાને હણી  નાખી હતી. ઇડિપસ કોમ્પ્લેક્સના સ્ત્રી સમકક્ષ તરીકે, દીકરી પોતાની માતા સાથે સ્પર્ધા અનુભવે છે અને પિતા પ્રત્યે વિશેષ આકર્ષણ (અને સ્નેહ) અનુભવે છે. એ કારણે દીકરી પોતાના પિતા પાસેથી સ્નેહ અને ધ્યાનની અપેક્ષા રાખે છે તેથી ઘણીવાર માતાને અવગણે છે અથવા તેની સાથે સ્પર્ધા કરે છે. આ કોમ્પ્લેક્સના નિરાકરણ પછી, દીકરી પણ ધીમે ધીમે માતા સાથે પોતાનું જોડાણ સ્થાપિત કરે છે અને માતા જેવી સ્ત્રી તરીકેની ભૂમિકાને સ્વીકારવાનું શીખે છે.

આ  સદીઓ જૂનો સિનારિયો  છે. હવે ઘણાં  યુગલ પહેલું સંતાન દીકરી ચાહે છે. આ એક બદલાવની ધીમી શરૂઆત છે. સંતાન  દત્તક લેવામાં પણ દીકરીની ડિમાંડ વધી છે. અગાઉ અનાથાલયોમાં  દીકરાની બહુ ડિમાંડ રહેતી હતી. આજે એ દૃશ્ય બદલાઈ ગયું છે. હવે જેમને સંતાન ના થતું હોય એવાં  યુગલ દીકરી દત્તક લે છે. શા માટે આવું બન્યું?

આજે ઘણા પરિવારોમાં  જોવા મળે છે કે, દીકરો પરણી જાય એ પછી મા- બાપની ઉપેક્ષા કરે છે.  મા-બાપ વૃદ્ધ બને એ પછી એમને વૃદ્ધાશ્રમમાં મુકીએ આવે છે એવા કિસ્સાઓનો પાર નથી. અને પછી એમને ઘેર પાછા લાવવાનું કદી વિચારતા નથી. ઘણા મા-બાપનો અનુભવ છે આવા કિસ્સાઓમાં દીકરીઓ વધુ સારસંભાળ લે છે. એ પરણીને સાસરે હોય છતાં પોતાના મા -બાપની વધુ ખેવના કરે  છે.

તાજો રાજકીય કિસ્સો જોવો હોય તો બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવનો છે. એમની તબિયત લથડી. કિડની ખલ્લાસ થઇ ને એમનું જીવન જોખમાયું હતું ત્યારે એમની દીકરી રોહિણીએ કિડની આપી. અને વિદેશમાં એ ટ્રાન્સપ્લાન્ટ થયું અને આજે લાલુ યાદવ જીવે છે તો એનો યશ એમની દીકરી રોહિણીને આપવો. આપણે જનતા નથી કે, બીજા દીકરા કે દીકરીઓની કિડની લાલુ યાદવને મેચ થતી હતી કે નહિ, પણ રોહિણી એ માટે તૈયાર થઇ એ વાતની નોંધ તો લેવી જ પડે. અલબત,  એ વાત સાચી કે, માણસ એક કિડની પર જીવી શકે છે, પણ કોણ કિડનીનું દાન કરવા તૈયાર થાય છે? અને પિતાને કિડની અપ્યા પછી દીકરી રોહિણી સાથે કેવો હીણો વ્યવહાર થયો?

કારણો સાચાં શું છે એ આપણે જાણતા નથી, પણ વાત એ છે કે હજુ ય આપણે દીકરી અને દીકરા વચ્ચે ભેદભાવ કરીએ છીએ. દીકરી પર કેટલાંક બંધનો હોય છે અને દીકરાને આપોઆપ અમુક  છૂટછાટ મળી જાય છે. દીકરી ઘેર મોડી  આવે તો એણે સાંભળવું પડે છે, કારણો આપવા પડે છે પણ દીકરાને  એવા પ્રશ્નો ઓછા પુછાય છે.

આપણી જ વાત કરીએ તો ઘણીવાર તું દીકરાને ખીજાય - ગુસ્સો કરે અને એ રિસાય તો તું જ એને મનાવવા જતી,  પણ દીકરી પર તે કોઈકવાર હાથ પણ ઉપાડી લીધો છે. તારા મનમાં કોઈ ખરાબ ભાવ નહિ જ હોય પણ  ક્યાંક આપણે જ ભેદભાવ કરી નાખીએ છીએ. આ વાત આપણે સ્વીકારીએ કે ના સ્વીકારીએ પણ વાસ્તવિકતા છે. જાણતા -  અજાણતા આવો ભેદભાવ થઈ જાય છે.


આનો  અંત ક્યારે આવશે?

તારો બન્ની

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## પાડોશી છે પરેશાન...




'બચાવો, બચાવો'ની બૂમ સંભળાઈ હેમાલીને. હેમાલી તેની દીકરીને સ્કૂલે જવા માટે તૈયાર કરી રહી હતી. દીવાનખાનામાં બેસીને દીકરીના વાળ ઓળીને ચોટલા બનાવી રહી હતી ત્યાં 'બચાવો, બચાવો'નો આર્તનાદ સંભળાયો. હેમાલીએ દીકરીને કહ્યું, 'આ તો ઐયર અંકલનો અવાજ છે, કેમ બૂમો મારી રહ્યા છે કોણ જાણે?'

અવાજ વધતો ચાલ્યો. હેમાલીને લાગ્યું કંઈક થયું છે તેથી દીકરીના ચોટલા વાળવાના પડતા મૂકીને મા-દીકરી બંને દરવાજા તરફ દોડ્યા. દરવાજો ખોલ્યો ને જે દૃશ્ય જોયું તેનાથી બંને સ્તબ્ધ થઈ ગયા. અવાજ સાંભળીને બાજુના ફ્લેટવાળો શાહ પરિવાર પણ બહાર આવી ગયો હતો. બધાં ઐયર અંકલને આ રીતે જોઈને સ્તબ્ધ થઈ ગયાં. હાઈરાઈઝ ટાવરના ૨૦મા માળના આ ત્રણ પાડોશી. હેમાલીના ઘરની બહાર જે પેસેજ હતો ત્યાં એક બારી હતી. ઐયર અંકલ બારીમાંથી નીચે ઊતરીને ૧૯મા માળના છજ્જા પર ઊભા હતા. બારીમાંથી છજ્જા પર એ કઈ રીતે ઉતર્યા હશે? જો કે ઐયર અંકલ પોણા છ ફૂટ ઊંચા, હટ્ટાકટ્ટા હતા. મિલિટ્રીમાં હતા તેથી તેમને માટે બારીમાંથી છજ્જા ઉપર ઊતરવાનું મુશ્કેલ નહીં હોય.

બધાએ મળીને વોચમેનને નીચેથી બોલાવ્યા અને માંડ માંડ બારીમાંથી અંકલને ઉપર ખેંચ્યાં. હવે સવાલ એ ઉપસ્થિત થયો કે અંકલ આ રીતે છજ્જા પર ઉતર્યા શા માટે? દેખીતી રીતે જ લાગે કે આત્મહત્યાનો ઈરાદા હશે. જો આત્મહત્યાનો જ ઈરાદો હતો તો પછી 'બચાવો, બચાવો'ની બૂમો કેમ મારી? હકીકતમાં અંકલ સાથે વાત કરતા ખબર પડી કે આત્મહત્યાને ઈરાદે જ એ  ઉતર્યા હતા, પરંતુ છજ્જા પરથી નીચે જોતા તેમની હિંમત ચાલી નહીં અને ગભરાઈ ગયા. થોડા વખતથી ઐયર અંકલ બીમાર રહે છે.

ઐયર અંકલ અને તેમનાં પત્ની બહુમાળી ટાવરના વીસમા માળે રહે છે. એક દીકરો અને દીકરી છે. મિલિટરીમાં કામ કરેલું એટલે શિસ્તના સખત આગ્રહી. તેમને બધું વ્યવસ્થિત જોઈએ. કંઈ આઘુંપાછું, જેમ તેમ ન ચાલે. પોતાના ઘરમાં તો ઠીક ૨૦મે માળના પેસેજમાં પણ કોઈને ચપ્પલ ન રાખવા દે. બાળકોની સાઈકલ પણ ન રાખવા દે. ભૂલેચુકે હેમાલીએ કે શાહ પરિવારનાં બાળકોએ સાઈકલ રાખી હોય તો તેમની બેલ મારીને સાઈકલ ત્યાંથી હટાવવા માટે જણાવે. કોઈ માને નહીં તો સેક્રેટરીને ફોન કરીને પણ સામાન હટાવીને જ જંપે. નીચે ઊતરે તો વોચમેન સાથે પણ વાતવાતમાં કચકચ કરે. બધાં ઐયર અંકલથી પરેશાન હતા,  પણ વડીલ હોવાને કારણે  માન જાળવતા. આવો સ્વભાવ હોવાને કારણે તેમનો દીકરો વહુ સાથે ન જ રહે એ તો સમજી શકાય તેવી જ વાત છે.

છેલ્લા થોડા મહિનાથી ઐયર અંકલ માંદા રહે છે. બેલેન્સ નથી જળવાતું અને મગજમાં પણ થોડી તકલીફ છે. આજ સુધી તો સવારમાં વહેલા ઊઠીને ચાલવા જતા. સવારે ચાલવા નીકળે ત્યારે આન્ટીને જોઈતી ચીજવસ્તુ એ લાવી આવે. એકદમ વટમાં હોય. તેમનાથી બધાં ડરે. આન્ટી પણ પતિથી ડરતાં . આવું કરવાની ટેવ તેમને જ્યારથી અંકલ સાથે પરણ્યા ત્યારથી પડી ગઈ હતી એટલે તેમના માટે આ બધું સહજ હતું. ઐયર અંકલની તબિયત બગડી  ત્યારથી મુસીબત થઈ ગઈ - ખાસ કરીને પાડોશીઓને મુસીબત થઈ ગઈ છે. અંકલ કડક સ્વભાવના પણ આન્ટી મીઠા બોલા. મીઠું મીઠું બોલીને બધાં પાસેથી કામ કઢાવવામાં હોશિયાર. હેમાલીના પતિને, 'તું તો મેરે બેટા જૈસા હૈ કહી કહીને કામ ચીંધી દે.'

હમણાં થોડા દિવસ પહેલાં અંકલ પડી ગયા. બેલેન્સ જળવાતું નથી તેથી પડી જાય છે. તેમને ડોક્ટરે કોઈનો હાથ પકડ્યા વગર ચાલવાની ના પાડી છે. પણ ના, કોઈની વાત માને તો મિલિટ્રીમેન ઐયરનો અહમ ઘવાઈ જાય. તેથી એ ઘરમાં બેડરૂમથી ડ્રોઈંગરૂમ સુધી આંટા મારતા  રહે. એક  દિવસે એ ઘરમાં પડી ગયા. પડ્યા એટલે આન્ટીએ બંને પાડોશીની બેલ મારી કારણ કે આન્ટી તો આટલા હટ્ટાકટ્ટા માણસને ઊભા કરી શકે તેમ જ ન હતા. બંને ઘરના પુરુષોએ સાથે મળીને માંડ માંડ અંકલને ઊભા કરીને સોફા પર બેસાડ્યા. હેમાલીના પતિના હાથનો મસલ ખેંચાઈ ગયો અંકલનું વજન ઊંચકતા. અંકલના દીકરાને ફોન કર્યો કે, 'તારા પપ્પા પડી ગયા છે' તો તેણે સામેથી જણાવ્યું કે, 'પ્લીઝ આપ ફલાણી દવા લેકે પપ્પા કો દે દો ઔર ડોક્ટર કો ફોન કરકે ઘર પે બુલા લો.' બાપ એનો પડી ગયો છે અને ભાઈ સાહેબ પાડોશીઓને ઓર્ડર કરે છે. છતાં માનવતાને નાતે હેમાલીના પતિએ ડોક્ટરને ફોન કર્યો. ડોક્ટરે કહ્યું, 'હું નહીં આવી શકું, તમે પેશન્ટને લઈને આવી જાવ.' ડોક્ટરે આમ કહ્યું એટલે હેમાલીના પતિએ ફરીથી અંકલના દીકરાને ફોન કર્યો તો દીકરાએ કહ્યું, 'મૈં તો આજ આ નહીં સકતા, આપ અપની ગાડીમેં પાપા કો લે જાઓ ડોક્ટર કે પાસ.' મીઠાબોલા  આન્ટી પણ બોલ્યાં, 'બેટા, લે જા અંકલ કો ડોક્ટર કે પાસ. તું તો મેરે બેટે જૈસા હૈ. બેટા..' બેટા કરીને હેમાલીના પતિને કલચમાં લઈ લીધો. આજે ડોક્ટર પાસે જવું એટલે એક-બે કલાક તો કન્સલ્ટિંગમાં  વેઈટ કરવું જ પડે. હેમાલીના પતિનો આખો દિવસ બગડ્યો. તે કામ પર જઈ ન શક્યો. તેની જરૂરી મીટિંગ કેન્સલ કરવી પડી. ઉપરથી થોડી થોડી વારે અંકલનો દીકરો ફોન કરી કરીને સલાહ-સૂચન કર્યા કરે. હેમાલી અને એનો પતિ પરેશાન થઈ ગયા.

છાશવારે આવું બનતું રહે છે ,  પણ માનવતાને નાતે પાડોશીઓ તેમની મદદ કરતા રહે છે. હવે શાહ પરિવાર અને હેમાલીએ અંકલના  દીકરાને જણાવી દીધું છે કે, 'ભાઈ, તારે તારા પિતાનું ધ્યાન રાખવું હોય તો રાખ અમારાથી નહીં થઈ શકે.'

પાડોશી તરીકે પણ માનવતાની એક મર્યાદા તો  હોય કે નહીં  ? ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# એક દિવસ હું હિન્દી સિનેમા પર રાજ કરીશ

(ભાગઃ ૪)

**નામઃ મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)**
સમયઃ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળઃ બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમરઃ ૩૬ વર્ષ

'નીલકમલ' પૂરું થતા ફિલ્મના ટાઈટલનો વારો આવ્યો. મારા અબ્બાને ભય હતો કે, 'મધુબાલા' નામ તો દેવિકારાણીએ આપ્યું છે એટલે કદાચ, એ પોતે આપેલું નામ વાપરવા નહીં દે, પરંતુ દેવિકારાણી દીર્ઘદ્રષ્ટિ ધરાવતી વ્યાપારી સ્ત્રી હતી. એણે મધુબાલા નામ વાપરવાની છુટ આપી એટલું જ નહીં, 'નીલકમલ'ના પ્રીમિયરમાં પોતે હાજર રહેશે એવું વચન આપ્યું. એમને કદાચ ખબર હતી કે, એક દિવસ હું હિન્દી સિનેમા પર રાજ કરીશ અને ત્યારે બોમ્બે ટોકિઝને મારી જરૂર પડી શકે છે. જોકે, 'નીલકમલ'માં મધુબાલા નામ ન વાપરી શક્યા કારણ કે, કોન્ટ્રાક્ટની તારીખ પૂરી થવાની વાર હતી. પૃથ્વીરાજ કપૂરના દીકરા રણબીર રાજ કપૂરને કેદાર શર્માએ કહ્યું, 'ઈતના બડા નામ મત રખિયે. સિર્ફ રાજ કપૂર હી કાફી હોગા.' એમણે માની લીધું, એટલે 'બેબી' કાઢીને 'મુમતાઝ જહાન' અને હીરોનું નામ 'રાજ કપૂર' રાખવામાં આવ્યું. ૮ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે 'નીલકમલ' લેમિંગ્ટન સિનેમામાં પ્રદર્શિત થઈ, પરંતુ આઝાદીનો જુવાળ હતો અને ફિલ્મ એટલી સ્લો હતી કે લોકો એ ફિલ્મ જોવા આવ્યા નહીં. મારી પહેલી ફિલ્મ નિષ્ફળ ગઈ... ત્રણ મહિના સુધી કોઈ નિર્માતા કે દિગ્દર્શક અમારા ઘર સુધી ફરક્યા પણ નહીં. અબ્બા ડરી ગયા હતા. એમણે અનેક નિર્માતા, દિગ્દર્શકોને મળવાનું શરૂ કરી દીધું. એ વખતે એમને મોહન સિંહા નામના એક નિર્દેશક મળ્યા. એમણે એક-બે ફિલ્મો બનાવી હતી. રણજિત સ્ટુડિયોમાં કામ માટે ચક્કર મારતા હતા, એમની પાસે નિર્માતા તો હતો, પરંતુ કોઈ હીરોઈન એમની સાથે કામ કરવા તૈયાર નહોતી, કારણ કે એ કોઈ મોટા ગજાના દિગ્દર્શક નહોતા. અબ્બાએ એમને રાજી કરી લીધા કે એ મારી સાથે ફિલ્મ કરે. 'નીલકમલ' માટે મને ૨૫ હજાર રૂપિયા મળ્યા હતા, પરંતુ અબ્બાનો લોભ વધી ગયો હતો. એમણે મોહન સિંહા પાસે ૩૦ હજાર રૂપિયાનું પારિશ્રમિક નક્કી કરાવ્યું, સામે મોહન સિંહા પણ ઓછો નહોતો. એણે એક વર્ષ માટે કરાર કર્યો કે, મધુબાલા કોઈપણ સંસ્થામાં ફિલ્મ સાઈન કરે, પરંતુ દિગ્દર્શક મોહન સિંહા જ હોવો જોઈએ. ટૂંકમાં, મને કામ મળે તો એને મળે જ એવી ગોઠવણ એણે કરી લીધી. એક જ વર્ષમાં એણે મારી પાસે પાંચ ફિલ્મો કરાવી. પાંચે પાંચ એક જ વર્ષમાં રિલીઝ કરી અને બધી ફ્લોપ થઈ ગઈ. અબ્બા અકળાઈ ગયા. સ્વભાવ મુજબ એમણે ઝઘડો કર્યો અને મોહન સિંહા સાથેનો કોન્ટ્રાક્ટ પૂરો થઈ ગયો. આ સમય દરમિયાન બજારમાં એક એવી વાત ફેલાઈ ગઈ હતી કે, અતાઉલ્લા ખાન પોતે જ કરેલા કોન્ટ્રાક્ટનો આદર કરતા નથી. વાતો થવા લાગી કે, એમની સાથે કોન્ટ્રાક્ટ કરવાનો કોઈ મતલબ જ નથી કારણ કે, એ પૈસા માટે કોન્ટ્રાક્ટ બ્રેક કરતાં અચકાતા નથી! આવી વાતોની મારી કારકિર્દી પર ખૂબ અસર થઈ. કામ ઘટી ગયું, પરંતુ મારા અબ્બુ એમ વાત છોડે? એમણે પારિશ્રમિક વધારી દીધું અને બજારમાં એવી વાત ફેલાવી કે મધુબાલા પાસે ડેટ જ નથી... આ વાતની અસર થઈ. '૪૮માં મેં ઘણી ફિલ્મો કરી. 'અમર પ્રેમ', 'પરાઈ આગ', 'લાલ દુપટ્ટા' અને 'અપરાધી'. કરદારની 'દુલારી', જે.કે. નંદાની 'સિંગાર' અને ઓલ ઈન્ડિયા પિક્ચર્સની 'પારસ' જેવી ફિલ્મો '૪૮ના અંત સુધી પ્રદર્શિત થઈ... મીનરવા મુવી ટોનની 'દૌલત' પણ '૪૯ના જાન્યુઆરીમાં પ્રદર્શિત થઈ. મારી ગણતરી એ ગ્રેડની હીરોઈનમાં થવા લાગી એટલું જ નહીં, એ સમયમાં કોઈને નહોતું મળતું એટલું પારિશ્રમિક હું મેળવવા લાગી. આજે હોસ્પિટલના બિછાના પર પડી પડી વિચારું છું તો સમજાય છે કે, અબ્બુએ મારો વિચાર કર્યો જ નહીં. વધુને વધુ પૈસા કઈ રીતે મેળવી શકાય એ વિશે જ એ વિચારતા રહ્યા. એ પૈસાનું એમણે શું કર્યું એની મને આજે પણ ખબર નથી કારણ કે, જ્યારે મને ટ્રીટમેન્ટ માટે લંડન લઈ જવાની વાત આવી ત્યારે મારા ખાતામાં એટલા પૈસા નહોતા એ જાણીને મને આઘાત લાગ્યો હતો...



૧૯૪૮ પછી, હિન્દી ફિલ્મ જગતમાં 'મધુબાલા' એક એવું નામ બની ગઈ કે, લગભગ તમામ નિર્માતા-દિગ્દર્શકો અને હીરો એની સાથે કામ કરવા માગતા હતા. હું સ્વભાવે તોફાની અને બાલિશ હતી. મારી સાથે કામ કરતાં લગભગ તમામ હીરો સાથે ફ્લર્ટ કરતી રહેતી. બસ, એક અશોક કુમાર હતા જેમને હું ભાઈ માનતી અને એ પણ મને નાની બાળકી જેવી જ ટ્રીટમેન્ટ આપતા. એક દિવસ એમણે મારા અબ્બુને કહેલું, 'અભી બહોત છોટી હૈ, ઉસસે ઈતના કામ મત કરાઈએ. ખેલને કી ઉંમર હૈ' પરંતુ, મારા અબ્બુએ એમની વાત કાને ધરી નહીં. અશોક કુમાર (દાદા મુનિ) હોમિયોપથીના જાણકાર હતા. મારી તબિયત વારંવાર બગડી જતી. મને ઝીણો તાવ આવવા લાગતો. ક્યારેક સેટ પર ચક્કર આવતા. એ વખતે તો બધાને એમ જ લાગતું હતું કે, હું વધુ પડતું કામ કરું છું માટે વિકનેસ આવી જાય છે, પરંતુ અશોક કુમારે મારા પિતાને કહેલું, 'આના ટેસ્ટ કરાવો. આ ઉંમરે આવી રીતે વારંવાર બીમાર પડવું નોર્મલ નથી.' મારા અબ્બુએ વાત કાને ન ધરી. જો ત્યારે જ તપાસ કરાવી હોત તો કદાચ, આજે હું અહીં ન હોત! અબ્બુને ખૂબ પૈસા જોઈતા હતા. ગાડી, બંગલો, એશોઆરામની જિંદગી, એમનો જુગાર અને ભોજન-પાર્ટીના શોખ મારી કમાણીમાંથી જ પૂરા થતા હતા...

ને બીજી તરફ હું હતી, સાચું પૂછો તો મને પોતાને આવાં કોઈ સપનાં કે મહત્ત્વકાંક્ષાઓ નહોતી. મારો પરિવાર સારી રીતે જીવે એટલું કમાઈ શકું એ સિવાય મારી કોઈ ઝંખનાઓ પણ નહોતી. મોંઘાં વસ્ત્રો, દાગીના ખરીદવાનો મને ક્યારેય શોખ નહોતો. એને બદલે ઘરમાં વધુ સગવડ થાય એવી ચીજો ખરીદવામાં મને આનંદ આવતો. જેવા બોમ્બે ટોકિઝના પૈસા આવવા માંડ્યા કે તરત જ મેં અબ્બાને કહ્યું કે, આપણે કોઈ સારી જગ્યાએ રહેવા જતા રહીએ. હવે નાની એક રૂમમાં રહેવાના દિવસો પૂરા થયા હતા. અબ્બાને પણ લાગ્યું કે નિર્માતાઓ ઘરે મળવા આવતા હોય એવા સમયે વાર્તા સાંભળવા, લોકોની મહેમાનગતિ કરવા એક અલગ કમરો હોવો જોઈએ. એમણે બાંદ્રામાં થોડા ફ્લેટ જોયા. હું તો મારા કામમાં વ્યસ્ત હતી. એમણે જાતે જ નક્કી કરી લીધું અને 'નીલકમલ'ના મારા શુટિંગ દરમિયાન શિફ્ટિંગ પણ પતી ગયું. એક દિવસ સ્ટુડિયો પરથી નીકળીને અમારા મઝગાંવ ડોક નજીક આવેલા ઘર તરફ જવાને બદલે અબ્બાએ ગાડી બાંદ્રા તરફ લેવડાવી ત્યારે મને નવાઈ લાગી. મેં પૂછ્યું, 'આપણે ક્યાં જઈએ છીએ?' અબ્બાએ કહ્યું, 'નવા ઘરે...'


બાંદ્રાનો એ ફ્લેટ અદભુત હતો. સરસ મજાની બાલ્કની, જેના પરથી મુખ્ય રસ્તો દેખાતો હતો. આકાશ દેખાતું હતું. ઘરનો સૌથી મોટો રૂમ મારે માટે રાખવામાં આવ્યો. એક તરફ પાર્ટીશન કરીને મારું ડ્રેસિંગ ટેબલ અને વસ્ત્રો સજાવી દેવામાં આવ્યા હતા. સરસ મજાનો મોટો પલંગ અને વાંચવા માટે નાનકડી આરામ ખુરશી પણ ગોઠવી દેવામાં આવી હતી. મને રડવું આવી ગયું. ક્યાં દિલ્હીની ઝૂંપડપટ્ટી, અને ક્યાં આવું મજાનું ઘર! હવે ઘરમાં ફોન હતો. અમારે નિર્માતાઓના ફોન રિસીવ કરવા માટે કરિયાણાની દુકાને જવું પડતું નહોતું... જિંદગી સુંદર હતી! બસ, આટલા બધા વ્યસ્ત દિવસોમાં હું થાકી જતી. મારો શ્વાસ રુંધાવા લાગતો. ક્યારેક અબ્બુને કહેવાનું મન થતું કે, હવે આપણી પાસે બધું છે, હું કામ ઓછું કરવા માગું છું. થોડો આરામ કરવા માગું છું, પરંતુ અબ્બુને કંઈ કહેવાની અમારી કોઈની હિંમત નહોતી. એમનો ગુસ્સો સહન કરવાની અમારા કોઈની તૈયારી નહોતી!

અબ્બુ ઘરમાં દાખલ થાય એની સાથે જ સોંપો પડી જતો. સહુ પોતપોતાના રૂમમાં જતા રહેતા. એ જમવા બેસે ત્યારે અમારી કામવાળી અને અમ્મી જ હાજર રહેતા... ભાગ્યે જ કોઈ દિવસ એવો રહેતો જે દિવસ અબ્બુ ગુસ્સો કર્યા વગર જમી લે! એ ઘર મોટું હતું. સગવડો ખૂબ હતી, પરંતુ વાતાવરણ તો એ જ હતું... અમારા દિલ્હીના ઝૂંપડપટ્ટીના ઘરમાં જે ડર અને ભયનો માહોલ હતો એ અમે આ ઘરમાં આવીને પણ બદલી શક્યા નહીં.

(ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# માસ્ટર ઑફ ઑલ, પણ...




'જે કશામાં નથી હોતા એ જ માસ્ટર ઑફ ઑલ હોય છે.' આ વિધાન જરા પણ ખોટું નથી. અમારા ઍપાર્ટમેન્ટમાં કુલ બે માસ્ટર ઑફ ઑલ છે. જે હંમેશાં કોઈપણ પ્રશ્ન હલ કરવાના સમયે હાજરાહજૂર થઈ જાય છે. હવે તો કેટલીક સંસ્થાઓમાં પણ એકાદ બે આવા માસ્ટર ઑફ ઑલ હાજરાહજૂર હોય છે કે જે ના હોય, તો સંસ્થામાં બધાનાં મોં બેસણામાં બેઠાં હોય એવાં લટકી પડ્યાં હોય.

ચાર ચોપડી નાપાસ એવા ચંપકકાકા અમારાં ઍપાર્ટમેન્ટમાં માસ્ટર ઑફ ઑલની માનદ્ ઉપાધિ ધરાવે છે અને આ ઉપાધિને ઉજ્જવળ કરવા ચંપકકાકા કોઈ ગમે તેટલા મેણાં ટોણાં મારે તો પણ સ્થિતપ્રજ્ઞ રહીને પોતાની સલાહ આપવાની તેમજ આગળ પડીને પોતાની કાર્યદક્ષતા પુરવાર કરવાની એક પણ તક ચૂકતા નથી. એકવાર અમારાં ઘરની મીઠા પાણીની પાઇપ ફાટી ગઈ. પ્રશ્ન અમારો હતો અને અમે એ શાંતિથી પાર પાડવાના હતાં. પણ કામવાળી - જેનું નામ ચંપા. એણે એની ચંપાગીરી કરી અને ચંપકકાકાને બોલાવી લાવી પોતાની વફાદારી પુરવાર કરતાં બોલી, 'મીઠાં પાણી વિના કાંઈ લાંબું થોડું ચાલવાનું? કપડાં, વાસણ, કચરા, પોતાં ખારાં પાણીમાં કરવાથી એકે કામમાં ભલીવાર રહેતો નથી. એટલે મારે ચંપકકાકાને બોલાવવા પડ્યા.'

ધરાર ના પાડવા છતાં ચંપકકાકાએ પાણીની પાઇપની એવી કાપાકાપી કરી કે મીઠાં પાણીની સાથે સાથે ખારા પાણીની પણ બધી પાઇપમાં આવતા પાણી બંધ થઈ ગયાં. અમારાં ઘરની સાથે સાથે ઍપાર્ટમેન્ટમાં પણ બધાનાં પાણી બંધ થઈ ગયાં. એ તો જ્યારે બધા ફ્લેટની બહેનોએ દોડતી આવીને ફરિયાદ શરૂ કરી, ત્યારે ચંપકકાકાને બહેનોના ભરોસે છોડતાં અમે કહ્યું કે 'આ કૃત્ય આપણા માસ્ટર ઑફ ઑલનું છે. અમારું નહીં.'

કોઈ એક માણસ કોઈ એક સ્કીલમાં માસ્ટરી પ્રાપ્ત કરે એ જ બહેતર. પણ અહીં તો હવે બધા જ કામમાં નિપુણતા પ્રાપ્ત કરવાની હોડ જો લાગી છે. જે પાઇપ સો રૂપિયામાં રિપેર થવાનો હતો એ કામ અમને હજાર રૂપિયામાં પડ્યું અને બે દિવસ આખું ઍપાર્ટમેન્ટ પાણી વગર રહ્યું.

એક દુર્વાસા સમાન આચાર્ય પોતાને 'માસ્ટર ઑફ ઑલ' સમજે પણ અને મનાવડાવે પણ. શિક્ષકોને મીટિંગમાં વારંવાર એક જ વાત ગાંઠે બંધાવે કે 'મને જુઓ, હું એક સાથે હજાર કામ ચપટીમાં કરી નાખું છું. ક્લાર્ક નહીં આવે તો એકાઉન્ટ પણ સંભાળું અને મીટિંગ પણ કરું. વર્ગોની વિઝિટ લેવા પણ જાઉં. વાલી - વિદ્યાર્થીની વાતો સાંભળું અને એમના પ્રશ્નોનું નિરાકરણ પણ કરું. જ્યારે તમે એક વર્ગમાં છોકરા સાચવો છો એમાં હાંફી જાઓ છો?'

યોગાનુયોગ એક દિવસે એકી સાથે સાત શિક્ષકો રજા ઉપર. એટલે સાહેબે બૂમ બરાડા શરૂ કર્યા. અમે ધીમે રહીને સાહેબને યાદ કરાવ્યું, 'સર, આપ તો માસ્ટર ઑફ ઑલ છો. તમે એક કામ કરો. આજે તમે પણ થોડા તાસમાં બાળકોને તમારાં ઉત્કૃષ્ટ જ્ઞાનનો લાભ આપો ને. અને હા, તમે તો શક્તિશાળી છો. તો એક કામ કરો. પ્રવચનના મોટા ઓરડામાં ત્રણ વર્ગનાં બાળકોને સાથે બેસાડીને જ ભણાવો. જેથી વધારેમાં વધારે બાળકોને તમારાં ઉત્તમ જ્ઞાનનો લાભ મળે અને વાલી- વિદ્યાર્થી બંને ખુશ થશે એ નફામાં!'

સર તો હોંશે હોંશે પોતાનાં જ્ઞાનનો લાભ આપવા કૃષ્ણની જેમ બાળકોના સારથિ બની રાતોરાત બાળકોને અલભ્ય જ્ઞાન આપીને દરેકને પ્રગાઢ જ્ઞાની બનાવી દેવા 'ત્રણ આઠમાના વર્ગો ભેગા કરીને તેમને ત્રણ તાસ સળંગ જ્ઞાન આપશે.' એવી જાહેરાત કરીને ડસ્ટર અને ચોક લઈને (પહેલી જ વાર) યોદ્ધાની જેમ રણે ચઢ્યા. પણ બોલવાનું શરૂ કર્યા બાદ તેમણે એમની વિદ્વતા પુરવાર કરવા માટે અતિ ઉત્તમ જ્ઞાન પીરસી દેવાની લ્હાયમાં ભદ્રંભદ્રની ભાષામાં, સંસ્કૃત પ્રચુર શબ્દોમાં વિષય બહારનું પ્રકાંડ જ્ઞાન રેલાવવાનું શરૂ કર્યું.

'ઉત્તમ કામથી જ માનવી હંમેશાં મહામાનવ તરફ ગતિ કરી શકે છે. કર્મ એટલે શું એ હું તમને ડિટેલમાં સમજાવીશ. પણ હા, કોઈને કંઈ પ્રશ્ન હોય તો વારાફરતી અવશ્ય પૂછી શકો છો. દરેક પ્રશ્નોના મારી પાસે ઉત્તમ જવાબો તૈયાર હોય છે.'

રાજ ઊભો થતાં બોલ્યો, 'સર, આજે ત્રણ વર્ગોને ભેગા કરીને કેમ ભણાવો છો?'

પાછળથી એક ટપુડો મોં છુપાવી બોલ્યો, 'બધા સરથી કંટાળીને પિકનિક પર ગયા છે. એટલે બીજા ટીચરોનું જ્ઞાન આજે બધાને ભેગા કરીને આપી દેવાના લાગે છે.'

'એ કોણ પાછળથી બોલ્યું? જે હોય તે ઊભો થાય. અને રાજુ, આ તે તારો કંઈ પ્રશ્ન છે? સાવ નકામો!'

ત્યાં તો ફરી પાછળથી એકે કહ્યું, 'હવે પ્રશ્ન એટલે શું, એ કેવો હોવો જોઈએ એના ઉપર ભાષણ શરૂ! સમજ્યાં બધાં?'

અને એ સાથે જ આખા પ્રવચન હોલમાં હસાહસ શરૂ થઈ અને કેટલાકે તો કાગળના તીરની ફેંકાફેંક શરૂ કરી. કેટલાકે સૂત્રો પોકાર્યા. 'ગુડ ક્વેશ્ચન સર... ગુડ ક્વેશ્ચન... રાજુ, તુમ આગે બઢો...'

'સ્ટોપ... સ્ટોપ... નો નોઇઝ... સોરી. હું ભૂલી ગયો હતો કે તમે બધા અંગ્રેજી માધ્યમના સ્ટુડન્ટ છો. એટલે સંસ્કૃતમય ભાષા સમજમાં ન આવે. હવે લ્યો, હું અંગ્રેજી મિશ્રિત ગુજરાતીમાં ભણાવીશ.'

ત્યાં નામચીન ટપોરી બોલ્યો, 'પહેલાં માતૃભાષા તો શીખો. પછી સર અંગ્રેજી ફાડો.'

ડસ્ટર ટેબલ પર ઠોક્યું. પણ સાંભળે કોણ? દુર્વાસાનો ગુસ્સો એવો ઉછળ્યો કે ડસ્ટર સીધું પેલા ટપોરી પર ફેંક્યું અને નામચીન ટપોરી દુર્વાસાના હાથનો માર ખાઈ ચૂક્યો હોવાથી ડસ્ટર વાગે એ પહેલાં નીચો નમી ગયો અને ડસ્ટર સીધું પ્રથમ નંબર લાવતા સાવ દુબળા પાતળા એવા સાહિલને વાગ્યું અને વાગ્યું તો એવું કે સીધી લોહીની ધારા કપાળથી દદડવા લાગી અને બૂમ પડી, 'મારી આંખ તો ગઈ...!'

હોલમાં દોડાદોડી થઈ ગઈ. એક બહાદુરે સીધો સાહિલની મમ્મીને ફોન કરી દીધો. 'આન્ટી, સાહિલની આંખ તો ફાટી જ ગઈ સમજો. પ્રિન્સિપાલ સાહેબે સીધું ડસ્ટર માર્યું. બોલો!'

અને સાહિલનું આખું ફળિયું સાજનમાજન બનીને સ્કૂલમાં... આગ પણ જલદી ઠંડું પાણી છાંટીને કાબૂમાં લેવાય. પણ આ આગ તો કેવી? (આપણે ક્યાં અજાણ છીએ?)

મામલો થાળે પડતાં માસ્ટર ઑફ ઑલ જેવા આચાર્યની જગ્યાએ પ્રાઇવેટ સ્કૂલના નવા આચાર્ય આવી ગયા. બસ, એમને માસ્ટર ઑફ ઑલ ન બનવાની સલાહ સાથે બેસ્ટ લક કહીએ. કારણ કે એણે દેશની નવી પેઢી તૈયાર કરવાની છે.

જરા બચકે... જરા હટકે... જરા ધીમે...! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ઊફ્ફ, યે જો હોર્મન્સ હૈ...

## આવાં આકર્ષણના આક્રમણ વચ્ચે ખુલ્લા મને ચર્ચાતી લાગણીઓ સાચી દિશા દર્શાવી શકે છે.



હજુ તો માત્ર નવ જ થયાં છે. અત્યારમાં ઘરની લાઈટ્સ બંધ જોઈ સમીરને નવાઈ લાગી. કદાચ મા-દીકરી બહાર ગયા હશે એમ માની ચાવીથી ઘર ખોલતાંવેંત સામે અદભુત દૃશ્ય જોવા મળ્યું. શ્રીજા આજે પોતાના રૂમમાં ભરાયેલી નહોતી.

એ સ્વાતિની લગોલગ બેઠી હતી. સામે ટેબલ પર તાંસળો ભરીને પોપકોર્ન છલકાતાં હતાં. ડ્રોઈંગરૂમમાં સ્માર્ટ ટીવીની સ્ક્રીન પરથી રેલાય રહેલા આછા અજવાળામાં પતિ-પત્નીની નજર મળી. ઈશારામાં જ બન્ને એ વાત કરી લીધી.

મા-દીકરીને વર્ષો પછી આમ સાથે કંઈક જોતાં જોઈ સમીર એમાં ખલેલ પહોંચાડ્યા વગર સીધો રસોડામાં ગયો. હળવેથી પાણી પી જમવાની થાળી પીરસી પાસે સોફા પર આવીને બેસી ગયો. આજે ઘણા સમયે એ ત્રણેય ડ્રોઈંગરૂમમાં સાથે છે એ વાત સુખદ હતી. જોકે હજુ સમીરના મનમાં આ બદલાવ કેમ આવ્યો એ સવાલ શમતો નહોતો. ટીનએજ સંતાનના માતા-પિતાએ ફરજિયાત એમની માફક હોર્મોન ઈન્ડ્યુસ્ડ રોલર કોસ્ટર રાઈડની પરાણે મજા માણવી પડતી હોય છે એ આનું નામ.

ટીવી પર ચાલી રહેલી ફિલ્મ પોતાની તરુણાવસ્થા સમયની હતી એ ખ્યાલ સમીરને પાંચ-દસ મિનિટ જોયા પછી આવ્યો. એણે હાથથી સ્વાતિને ઈશારો કર્યો, 'આજે આ ફિલ્મ કેમ?' સ્વાતિએ શ્રીજા તરફ આંખ ફેરવી. હાથથી જ ફરી ઈશારો કર્યો, 'પછી કહું.' સમીરને એ ઈશારાનો અર્થ સમજવામાં સમય ન લાગ્યો. સમીરને યાદ આવ્યું, શ્રીજા છેલ્લાં થોડાં અઠવાડિયાંથી બહુ જ બદલાઈ ગઈ હતી. ચુપચાપ રહેતી, ભણવામાં એકાગ્રતા ઓછી થયેલી. કોઈ વાત પૂછો તો ચીડાયેલા જવાબો મળતા. કદાચ સ્કૂલનું સ્ટ્રેસ હશે કા મિત્રો સાથે ઝઘડો માની એ બહુ એમાં પડતો નહીં.

આજે સ્વાતિએ 'ટેન થિંગ્સ આઈ હેટ અબાઉટ યુ' નામની ફિલ્મ પસંદ કરી એ પાછળનું કારણ હતો ઈશાન. સ્વાતિ માટે આ નામ અજાણ્યું નહોતું , પરંતુ એને એ ખ્યાલ નહોતો આવ્યો કે થોડાં સમયથી શ્રીજાના વર્તનમાં આવેલા નાનાં-મોટાં ફેરફારોનું મૂળ આ છોકરો હશે. શ્રીજાબેનને સ્કૂલમાં થયેલો આકર્ષણનો એ પહેલો-વહેલો અનુભવ , જેના વિશે આજે સાંજે એણે સ્વાતિ પાસે મન ખોલીને વાત કરેલી , કારણ કે, ઈશાન તરફના આકર્ષણના ઉતાર-ચડાવથી બચવા શ્રીજા જે થઈ શકતું હોય એ કરવા તૈયાર હતી. એ સમજી ચૂકેલી કે લાગણીઓ પોતાના હાથમાં નથી અને લાગણીઓના નામે એ જાતની મેન્ટલ સેનેટી ગુમાવવા માગતી નહોતી. એટલી પાછી મેચ્યોર પણ ખરી. અને તોય આ હોર્મોન છે, જે જસ્ટ માનતા નથી. ઈશાનને જોઈ હૃદયનો ધબકારો ચૂકી જવાય છે. આંખોમાં ચમક આવી જ જાય છે. એની નજીક જતાં શ્વાસ થંભી જાય છે અને ભણવામાં ધ્યાન નથી રહેતું તો નથી જ રહેતું. એટલેજ આજે સ્વાતિએ ઈરાદાપૂર્વક ફિલ્મ પસંદ કરેલી. એને ખ્યાલ ટીનએજ લાગણીઓની ગૂંચવણને ક્યારેક અન્ય કોઈની વાર્તા કે ઉદાહરણ થકી સરળતાથી ઉકેલી શકાતી હોય છે.

ફિલ્મના રોમેન્ટિક સીન ચાલતાં શ્રીજાના ગાલ પર આછો ગુલાબી રંગ ચડી આવતો. ક્યારેક એ ફિલ્મમાં એટલી ગરકાવ થઈ જતી કે પોપકોર્નની મુઠ્ઠી હાથમાં જ રહી જતી...

સમીર આ બધું શાંતચિત્તે નિરીક્ષણ કરતો રહ્યો. એના હૃદયે પિતાસહજ સ્નેહ, ચિંતા અને કાળજીનું મિશ્રણ અનુભવ્યું. 'આકર્ષણ છે,' સમીરે મનમાં કહ્યું :

'હોર્મોન્સ..ઉફ્ફ! અને આ હોર્મોન્સના હથોડા સમજવા કોઈ મેન્યુઅલ માર્કેટમાં હાથવગું નથી.' ટીનએજર સંતાનના માતા-પિતા બનવાનું એટલે ફરજિયાત એમના જીવનના આટાપાટામાં લપેટાવું... એમ વિચારતો સમીર ત્યાંજ બેસી રહ્યો. ફિલ્મ પૂરી થવા આવી ત્યારે સ્વાતિએ ધીમેથી શ્રીજાનો હાથ પકડી કહ્યું :

'જો, ફિલ્મમાં કેટલું બધું થાય છે. ગેરસમજ, ઉત્સુકતા, ઉતાવળ, ખુશી, ગૂંચવણ. એ બધું નોર્મલ છે, હા? '

શ્રીજાએ માથું તો હલાવ્યું, પણ એની આંખોમાંથી મૂંઝવણ સ્પષ્ટ ડોકાતી હતી. એને પોતાની લાગણીઓનો ગભરાટ હતો.

ટીવી બંધ થતાં રૂમમાં શાંતિ છવાઈ ગઈ. સમીરે પણ આગળ સરકી કહ્યું :

'શ્રીજા, અમે તને સમજીએ છીએ. જે લાગણીઓના ઉછાળ તારી અંદર ચાલે છે એ ઘણા સામાન્ય છે. આ ઉંમરે દરેકને થાય, પણ એના લીધે ટેન્શનમાં જીવવું નહીં...'

શ્રીજાએ થોડા મૂંઝાતા મને સમીર પાસે પણ એજ વાત કરી, જે સ્વાતિને કરેલી :

'ઈશાનને જોઈને અજીબ ફિલિંગ થાય છે. ભણવામાં ધ્યાન નથી રહેતું. Strangely, હું ગભરાઈ જાઉં છું. મને ના ગમે એવું થતું નથી, પણ મને આ બધું નવું-નવીન લાગે છે.'

સ્વાતિએ એના વાળ પર હાથ ફેરવ્યો :

'આ લાગણીઓ તારી છે. તું એને નિયંત્રિત કરી શકે છે. ઈશાનની હાજરીથી પરેશાન થવાની જરૂર નથી. એની સાથે મિત્રતા કેળવ. વાત કર. જરૂર લાગે તો પ્રોજેક્ટસ અને સ્ટડી પણ કર. બાકી બધું ધીમે-ધીમે સમજાય જશે.'

સમીરે ઉમેર્યું : 'અને તું એકલી નથી. અમે છીએ ને? યુ કેન શેર યોર ફિલિંગ્સ વીથ અસ, બેટા.'

એ શબ્દો સાંભળતાં શ્રીજાના ચહેરા પર પહેલીવાર હળવું સ્મિત ફેલાયું. જાણે હૃદયનો કોઈ મોટો બોજ હટી ગયો હોય. પેરેન્ટ્સ પાસેથી જ્યારે શબ્દો, સુરક્ષા અને સમજ મળે ત્યારે ટીનએજર સંતાનો શાતા અનુભવતા હશે એનો સ્વાનુભવ થયો જાણે.

આખરે, ત્રણેય મળીને બાઉલમાં બચેલા પોપકોર્ન પૂરા કર્યા. ઘરનો માહોલ ફરી સામાન્ય બન્યો, અને શ્રીજા હવે મોટી થઈ ગઈ છે એનો અહેસાસ સમીરને પહેલીવાર થયો. શ્રીજાએ પોતાની અંદરના પ્રથમ આકર્ષણને વાચા આપી હતી. સ્વાતિએ ટીનએજ દીકરીના હૃદયમાં પહોંચવાનો એક નવો રસ્તો શોધ્યો હતો અને સમીરે એક પિતા તરીકે ટીનએજની ઝંઝાવાતમાં દીકરીને સહારો આપવા તૈયાર થવાનું નક્કી કર્યું હતું. ત્યારે બહાર ભલે રાતનો અંધકાર છવાયેલો રહ્યો, પણ અંદર વિશ્વાસની નવી સવાર ઊગી ચૂકી હતી. ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# આ લાડકીનું જીવન જ એક સ્ટન્ટ છે!






ક્યારેક ભાગ્ય આપણને બીજો કોઈ વિકલ્પ જ ન આપે ત્યારે શું કરવું? હિન્દીમાં કહેવત છે : ‘આગે કુઆ પીછે ખાઈ!’ જ્યારે આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આપણી પાસે હિંમતવાન બનાવ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી હોતો. પણ એક મહિલા એવી છે, જેના માટે તેનું જીવન જ એક સ્ટન્ટ છે! જે લાડકીની આજે વાત કરવી છે તે એક ફિલ્મી વ્યક્તિ ખરી, પણ એ હીરોઈન, ડાન્સર, ગાયિકા કે ડિરેક્ટર નથી. એ છે ભારતની પહેલી વ્યવસાયિક મહિલા સ્ટન્ટ કલાકાર રેશ્મા પઠાણ.

રેશ્માએ ૧૯૬૮માં માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરે સ્ટંટ ડબલ તરીકે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે તેમની પાસે એકમાત્ર વિકલ્પ એ હતો કે કાં એ હિંમતવાન બને અથવા પોતાના પરિવારને ભૂખે મરવા દે. એ સમયે તેના પિતા એટલા બીમાર રહેતા હતા કે કોઈ કામ કરવાની સ્થિતિમાં નહોતા. તેની માતા ચોખાની ચોરી કરતી, જેમાં રેશ્મા તેમને મદદ કરતી હતી. રેશ્મા એ સમયે અન્ય છોકરીઓથી અલગ હતી. ટોમ બોય કહીએ તેવી છોકરા જેવી તેને બધી રમતો ને એના જેવા તોફાન કરવા ગમતા. એ સમયે તેને વિસ્તારમાં પાર્ક કરેલા ટ્રકો, છત અને ફુવારાઓ પર અવનવાં કરતબો કરવામાં રોમાંચનો અનુભવ થતો



હતો. આ રોમાંચ તેના માટે થોડા રૂપિયા કમાવાનું સાધન પણ બની ગયો. પરિવારનું ગુજરાન ચલાવવા માટે, રેશ્મા દોરડા પર કલાબાજી બતાવીને રાહદારીઓનું મનોરંજન કરતી. આખો દિવસ જીવ જોખમમાં મૂક્યા પછી ક્યારેક દિવસમાં ચાર આના, તો ક્યારેક આઠ આનાની પણ તંગી પડતી. આવા જ એક દિવસે નસીબજોગે સ્ટંટ ડિરેક્ટર એસ અઝીમે તેને કરતબ કરતા જોઈ રેશમાને પૂછ્યું કે ‘ફિલ્મોમાં સ્ટન્ટ કરીશ?’ રેશ્માને તો આમેય આવા બધા ખેલ કરવામાં મજા આવતી જ હતી. તેમાં પણ જો તેને રૂપિયા મળતા હોય તો એનાથી રૂડું શું?! તે સમયે, ફિલ્મ ઉદ્યોગમાં કામ કરવું એ મહિલાઓ માટે શરમજનક વ્યવસાય માનવામાં આવતો હતો. ‘સારા ઘરની દીકરીઓ આવાં કામ ન કરે’ તેવું મનાતું. રેશ્મા રૂઢિચુસ્ત પરિવારની હતી એટલે તેના પિતાએ ઘસીને ના પડી દીધી.

રેશ્માના પિતાને અઝીમે ખાતરી આપી કે પોતે અંગત રીતે રેશ્માનું ધ્યાન રાખશે. આખરે ખૂબ મનાવ્યા પછી તેના પિતાએ હા પાડી.



આ રીતે રેશ્માનું ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પદાર્પણ થયું. અઝીમ આ વ્યવસાયમાં તેના ગુરુ બન્યા.

તેની પહેલી ફિલ્મ હતી ‘એક ખિલાડી બાવન પત્તે’માં વિખ્યાત લક્ષ્મી છાયાના બોડી ડબલ બનવાનું હતું. તે વખત હીરોઈનના બોડી ડબલ પણ પુરુષો જ થતાં કેમકે મહિલાઓ તો સ્ટન્ટ કરતી નહોતી. જે છોકરો બોડી ડબલ બનેલો તે ૧૫-૧૬ રીટેક બાદ પણ યોગ્ય સીન ન કરી શક્યો પછી સ્ટન્ટ માસ્ટર અઝીમે એ સીન રેશ્માને સમજાવ્યો અને રેશ્માએ પહેલા જ ટેકમાં પરફેક્ટ શોટ આપ્યો અને સેટ તાળીઓથી ગુંજી ઉઠ્યો.



રેશ્માનો સંઘર્ષ એનાથી પૂરો નહોતો થયો. સ્ટન્ટ કલાકાર તરીકે તે યુનિયનમાં નોંધણી કરાવવા ગઈ ત્યારે કોઈ તેનું સાંભળવા તૈયાર નહોતું. ત્યાં લોકો કહેતા કે જો છોકરી સ્ટંટ કલાકાર બનશે તો યુનિયનનું નામ ખરાબ થશે!



જોકે તેને મોટો બ્રેક રમેશ સિપ્પીના આઇકોનિક ફિલ્મ ‘શોલે’ (૧૯૭૫)માં મળ્યો. હેમા માલિનીના સ્ટંટ ડબલ તરીકે, તેણે ડાકુઓ ટાંગો ચલાવતી બસંતીનો પીછો કરે છે એ દૃશ્ય ભજવ્યું હતું. એક ખતરનાક ટેક દરમિયાન, ટાંગાનું એક પૈડું યોજના મુજબ તૂટી ન શક્યું, અને ગાડી એક ખડક સાથે અથડાઈ. રેશ્મા હવામાં ઊંચે ઉછળી અને ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ. તેના પગ પર ૧૭ ટાંકા લેવાની જરૂર હતી, છતાં તેણે હોસ્પિટલમાં દાખલ થવાનો ઇનકાર કર્યો. એને ભય હતો કે જો એને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો એનો રોલ કોઈ બીજો કરી લેશે... વિચાર કરો, કમાવાની કેવી મજબૂરી હશે કે એ ફિલ્મમાં પણ પોતાને મળેલી તક ચાલી ન જાય તે માટે એ જીવનું જોખમ લેવા તૈયાર હતી!

એ ઘાયલ થઈ એના બીજા દિવસે પણ હજુ લોહી વહેતું હતું . એનાથી ચાલી શકાતું નહોતું, છતાં તે સેટ પર પાછી આવી. શોટ દરમિયાન તેના ટાંકા ખુલી ગયા, પણ તેણે કોઈને કહ્યું નહીં. પછી તો આ પ્રકારની એની મક્કમતા રેશમાની ઓળખ બની ગઈ. ‘શોલે’ ના એ દૃશ્ય પછી, ધર્મેન્દ્રજીએ તેને બોલાવી ૧૦૦ રૂપિયા આપ્યા. તે સમયે તે ખૂબ મોટી વાત હતી. આ ૧૦૦ રૂપિયાની નોટ રેશ્માએ લગભગ એક દાયકા સુધી કિંમતી સંપત્તિની જેમ સાચવી રાખી.





૧૯૮૪માં નાણાકીય સંઘર્ષ દરમિયાન એ નોટ રેશ્માએ ક-મને વટાવવી પડી....

જોકે ‘શોલે’ના એના સ્ટંટ પછી એ ફિલ્મ ઉદ્યોગમાં ‘શોલે ગર્લ’ તરીકે જાણીતી જરૂર થઈ ગઈ.

આમ છતાં, ઇન્ડસ્ટ્રીમાં તેને જાતિવાદ, ઉત્પીડન અને અસમાન વેતનનો પણ ભોગ બનવું પડ્યું, પરંતુ સંજોગો તેને હરાવી ન શક્યા. રેશ્માએ ૪૦૦ થી વધુ ફિલ્મોમાં દિગ્ગજ અભિનેત્રીઓ માટે બોડી ડબલ તરીકે હજારો સ્ટંટ કર્યા. તેણે ઘોડાગાડી ચલાવવાથી લઈને ઘોડેસવારી, ઊંચી ઇમારત પરથી કૂદકો મારવો, તલવારબાજી કરવી, દોરડા પર ચાલવું, ચાલતા વાહનમાંથી છલાંગ મારવી જેવાં સ્ટંટ કર્યા છે. એની હીરોઇનનું લિસ્ટ પણ લાંબું છે, દુર્ગા ખોટે, મીનાકુમારીથી લઈને શ્રીદેવી, રેખા, હેમા માલિની, અમૃતા સિંહ વગેરે વગેરે. તેણે સૌથી વધુ ફિલ્મો હેમા માલિની માટે કરી છે.

રેશ્માની તેની હિંમત અને સંઘર્ષનો એક કિસ્સો જાણવા જેવો છે. અમૃતા સિંહની એક ફિલ્મ માટે તેણે પહેલા માળથી છલાંગ લગાવી હતી. ત્યારે એ પાંચ મહિનાની ગર્ભવતી હતી! ભગવાનની કૃપાથી તેને કે બાળકને કોઈ નુકસાન ન થયું.

તેના જીવન પર ‘શોલે ગર્લ’ નામની એક દસ્તાવેજી ફિલ્મ પણ બની છે. એ પછી લોકોમાં રેશ્મા વધુ જાણીતી થઈ. કાર્યક્રમોમાં બોલાવીને એને સન્માનિત કરતા થયા. નામ તો મળ્યું, પણ એક સ્ટન્ટ કલાકારના સંઘર્ષમાં દામ નથી મળતા.

અન્ય એક સ્ટંટ ડિરેકટર શકુર પઠાણ સાથે શાદી કરીને આજે પણ રેશ્મા એક સાધારણ જીવન જીવે છે. એના ચહેરા પર જીવનમાં પીછો કરતા સંઘર્ષોને ‘શોલે’ની બસંતીની જેમ હરાવી દેવાનો સંતોષ અને ગૌરવ ઝલકતું જરૂર જોઈ શકાય છે. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# શિયાળા માટે તૈયાર છો?

આ બદલાતી મોસમે શિયાળાનો રંગ બતાવી દીધો છે. ગુલાબી ઠંડી ચાલુ થઇ ગઈ છે અને હુડીસ, સ્વેટર , સ્કાર્ફ અને મફલરે વૉર્ડરોબમાં જગ્યા લઇ લીધી છે. શિયાળામાં બ્રાઇટ કલર પહેરવાની મજા જ કૈક અલગ છે. તમારી ઉંમર અને બોડી ટાઈપના હિસાબે તમે વિન્ટર વેરની પસંદગી કરી શકો. ચાલો જાણીયે આ શિયાળામાં કઈ રીતે અલગ અલગ વિન્ટર વેર પહેરી એક સ્ટાઈલિશ લુક આપી શકાય.

## કારડિગન (cardigan)

તમારે જો શિયાળા માટે ખાસ કંઈ ખર્ચો ન કરવો હોય તો તમે આ એક cardiganથી તમારો આખો શિયાળો સ્ટાઈલમાં પસાર કરી શકો. કાર્ડિગન એ યુનિસેક્સ આઉટફિટ છે. સૌથી વર્સેટાઈલ ગણાતું આ આઉટફિટને તમે ઘણી બધી રીતે મિક્સ એન્ડ મેચ કરી સ્ટાઇલ કરી શકો છો. ટેંક ટોપ પર જેકેટની જેમ પહેરીને, આમાં ઘણા બટન્સ અને ચેન પણ ઉમેરાવે છે જો તમારી પાસે તે ઓપ્શન હોય તો તેને બંધ કરીને પણ પહેરી શકાય છે. આકર્ષક મોટા બટન અને કલરફૂલ ચેન તમારા આઉટફિટને વધુ ટ્રેન્ડી બનાવશે. Cardigan એ effortless styling, ગરમાવો અને મોસ્ટ વર્સેટાઈલ આઉટફિટ તરીકે આજકાલના યુવાનોમાં ખૂબ જ જાણીતું છે. તમે કાર્ડિગનના કલર કોમ્બિનેશન સાથે મિક્સ એન્ડ મેચ પણ કરી શકો. જેમકે, બેજ કલરનું પેન્ટ હોય , વાઈટ શર્ટ પહેર્યું હોય તો તેની સાથે બ્લેક કલરનું કાર્ડિગન પહેરી શકાય.



## ક્રોશે સ્વેટર



એક એક તાંતણો ગૂંથીને તૈયાર થયેલી દરેક વસ્તુની કિંમત ક્યારેય આંકી ન શકાય અને તે કોઈની નજરે ચડ્યા વગર રહે પણ નહીં. હમણાં ક્રોશેએ ખૂબ જ ટ્રેન્ડમાં છે. જેમાં અલગ અલગ પ્રકારના દોરા ગૂંથીને જેકેટ, સ્વેટર, ટોપી વગેરે બનાવવામાં આવે છે. હાલમાં રેટ્રો ડિઝાઈન અને ૭૦’ની પેટર્ન ફરી ટ્રેન્ડમાં આવી છે. આ હાથથી ગૂંથવામાં આવે છે એટલે તેમાં તમે તમારો પર્સનલ ટચ અને કસ્ટમાઈઝ પણ કરાવી શકો છો અને માર્કેટમાં પણ ખૂબ ઓપ્શન મળી રહે છે.



## લેયર્સ

શિયાળો એ લેયરિંગ માટે બેસ્ટ સિઝન છે. એક જ ટોપ પર તમે જેકેટ, પેન્ટ તેના પર બૂટ, મફલર અને બની કેપ પહેરીને તમારા એક જ ડ્રેસમાં અલગ અલગ કલર્સ અને ટેક્સચર્સ અને પ્રિન્ટ્સ આપી શકો છો. પણ આ આઉટફીટ પહેરતી વખતે તમારે કલર કોમ્બિનેશનનું ખૂબ ધ્યાન રાખવું પડશે જેથી બધું સરખું અને કપડા એક પર એક પહેરી લીધા હોય તેવું ન લાગે. જેમકે, જો તમે બ્લુ ડેનિમ પહેર્યું હોય તો તેની સાથે બ્લેક કલરનું ટેન્ગ ટોપ, તેની પર રેડ કલરનું કાર્ડિગન, બ્લેક કલરના બૂટ્સ અને બ્લેક કલરનું મફલર અને રેડ કલરની મન્કી કેપ. લેયરિંગ માટે આ રીતે કલર કોમ્બિનેશન ખાસ ધ્યાનમાં રાખવા. જો કલર કોમ્બિનેશન બરાબર નહીં હોય તો હાસ્યાસ્પદ લગાશે. જો તમારું શરીર ભરેલું હોય તો લેયરિંગ કરવું ટાળવું. સુડોળ શરીર અને યન્ગ યુવતીઓ પર લેયરિંગ સારું લાગી શકે.

## ટર્ટલ નેક



શિયાળામા માટે ખાસ આ નેક ડિઝાઈન તમારા ગળાને સારી રીતે કવર કરે છે એટલે ઠંડી હવા ગળા સુધી ન પહોંચે. આ ડિઝાઈનને સ્ત્રીઓ અને પુરુષો બંને સ્ટાઇલ કરી શકે છે. પુરુષો ટર્ટલનેક ટીશર્ટ સાથે બ્લેઝર અને cardigan સાથે ખૂબ જ શિક લુક આપે છે. મહિલાઓ માટે શિયાળામાં લગ્ન પ્રસંગે આ પેટર્નનું બ્લાઉઝ પણ ખૂબ સ્ટાઈલિશ લાગશે. ટર્ટલનેકનું ટોપ તમે ડેનિમ કે સ્કર્ટ સાથે પહેરી શકો. ટર્ટલનેકના ટીશર્ટ લાંબી પાતળી યુવતીઓ પર વધારે સારા લાગે છે.લાંબી પાતળી યુવતીના ગળા પર ટર્ટલ નેકની પેટર્ન વધારે ઊભરીને આવે છે. જો તમારું શરીર ભરેલું હશે તો ટર્ટલ નેકના ટીશર્ટ પહેરવાથી શોલ્ડર વધારે હેવી લાગશે. ટર્ટલ નેકના ટીશર્ટ સાથે શોર્ટ શ્રગ પણ મિક્સ એન્ડ મેચ કરી શકાય.

## હુડી

વિન્ટર ફેશનની વાત થાય અને હુડીની વાત ન થાય તેવું કેમ બને. દરેકની ફેવરિટ અને બધા પર સુટ થાય તેવી આ હુડીની સૌથી સારી વાત છે તેના પોકેટ્સ. જેને કાંગારું પોકેટ કહેવાય છે અને સાથે ટોપો આવે છે. કાંગારું પોકેટ્સમાં હાથ રાખવાથી તમારા હાથને કોઝી ફિલ થાય અને જો ખૂબ ઠંડી લાગે તો ટોપો પહેરીને કાનમાં જતી હવાને રોકી શકાય. હુડીમાં પણ હવે ઘણા બધા વેરીએશનસ આવી ગયા છે. પણ તેમાં પુલઓવર હુડી અને ઝીપઅપ હુડી મેન છે. પુલઓવર હુડીને તમે ડાયરેક્ટ પહેરી શકો છો અને ઝીપઅપ હુડીમાં ચેન હોય છે જેને તમે બીજા કોઈ ટોપ અથવા ટીશર્ટ, સાડી, ડ્રેસ આ બધા ઉપર પણ પહેરી શકો છો.



કપલ્સમાં બોયફ્રેન્ડની હુડી પહેરવાનો છોકરીઓમાં ખાસ ટ્રેન્ડ છે. સાથે ઓવરસાઈઝ હુડી પણ આજકાલ ખૂબ ચર્ચામાં છે. ઘણી હુડીની પ્રિન્ટ કાર્ટૂન પ્રિન્ટ હોય છે. તો ઘણી હુડીમાં એબ્સ્ટ્રેક્ટ પ્રિન્ટ હોય છે. તમારી ઉંમર અને બોડી ટાઈપ પ્રમાણે હુડીની પ્રિન્ટ નક્કી કરવી. હુડી ખાસ કરીને ડેનિમ, સ્કર્ટ કે લુઝ ટ્રાઉઝર સાથે પહેરી શકાય. આ લુક સાથે પગમાં સ્નિકર્સ કે સપોર્ટ શૂઝ સારા લાગશે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સ્ત્રીઓ શા માટે છૂટાછેડા લઈ રહી છે?



તે પોતાના જીવનસાથીની નાની ભૂલોને પણ અવગણતી નથી.

લગ્ન એ કોઈ બાળકની રમત નથી, પણ સાત જીવનનું બંધન છે... તમે ઘરના વડીલો પાસેથી આ વાત ઘણી વાર સાંભળી હશે. લગ્નને જીવનનો એક મહત્વપૂર્ણ તબક્કો માનવામાં આવતો હતો. પરંતુ હવે આ સ્થિતિ નબળી પડી રહી છે. છૂટાછેડાના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. આ પાછળનું કારણ શું છે અને આવી પરિસ્થિતિ ક્યારે ઊભી થાય છે, ચાલો જાણીએ.

**લગ્ન કરવા માટે હવે કોઈ દબાણ નથી**

પહેલા લગ્નને સાત જન્મોનું બંધન માનવામાં આવતું હતું. જો આપણે દાદા-દાદીની પેઢી પર નજર કરીએ, તો એકવાર લગ્ન થઈ જાય પછી, સંબંધ જીવનભર ટકી રહે છે. આ સંબંધ તોડવાની વાત તો ભૂલી જાવ, આવા વિચારો તેના મનમાં ક્યારેય આવ્યા જ નહીં હોય. આ પાછળ ઘણા કારણો હોઈ શકે છે, જેમ કે તે સમય દરમિયાન મહિલાઓના નામે કોઈ બેંક ખાતા નહોતા, કે કોઈ પ્રકારની મદદ મળતી નહોતી. આવી સ્થિતિમાં લગ્ન જીવન ટકાવી રાખવાનો વિષય બની ગયા. પરંતુ હવે સ્ત્રીઓ પાસે પસંદગી છે. ફક્ત દેખાવ ખાતર લગ્નના બંધન જાળવી રાખવાના બોજ હેઠળ તેઓ દબાયેલા નથી. તે પોતાનો નિર્ણય જાતે લઈ શકે છે. તે પ્રેમથી બનાવેલા ઘરમાંથી બહાર નીકળી શકે છે.

**ફક્ત સારા હોવું પૂરતું નથી.**

એક પેઢી પહેલા સ્ત્રી માટે એટલું પૂરતું હતું કે તેનો પતિ તેની સાથે છેતરપિંડી ન કરે, તેને માર ન મારે, વગેરે. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. હવે સ્ત્રીઓ નાની નાની વાત પર પણ પ્રશ્નો ઉઠાવે છે. તે ભાવનાત્મક બંધન, સહિયારા વિકાસ અને પરસ્પર સહયોગની માગ કરી રહી છે. જો તેમને તે ન મળે, તો તેઓ દૂર થઈ જાય છે.

**છૂટાછેડા હવે શરમજનક નથી**

સ્ત્રીઓ હવે છૂટાછેડાને શરમથી નહીં, પણ સ્પષ્ટતાથી જુએ છે. તેઓ હવે છૂટાછેડાને અપમાન તરીકે નહીં, પણ એક નિર્ણય તરીકે જુએ છે. તેને હવે પડોશીઓ શું કહેશે અને સમાજ શું કહેશે તેની ચિંતા નથી. તેણી પોતાનો નિર્ણય લે છે.

**તે પોતાના બાળકો માટે દુઃખ સહન કરે છે**

ઘણી સ્ત્રીઓ પોતાના બાળકો માટે નાખુશ લગ્ન જીવનમાં અટવાયેલી રહે છે. પરંતુ બાળકોને સંપૂર્ણ પરિવારની જરૂર નથી, પરંતુ ભાવનાત્મક રીતે સ્વસ્થ પરિવારની જરૂર છે. તેઓ તેમના માતાપિતાને જોઈને શીખે છે. જ્યારે કોઈ સ્ત્રી દેખાડા કરતાં શાંતિ પસંદ કરે છે, ત્યારે તે ઘર તોડી રહી નથી. આ સ્ત્રી પોતાના બાળકોને બતાવી રહી છે કે આત્મસન્માન કેવું દેખાય છે.

**જ્યારે તમારા જીવનસાથી એકલતા અનુભવવા લાગે છે**

જ્યારે જીવનસાથી સ્ત્રીની લાગણીઓને સમજી શકતો નથી, ત્યારે તે એકલતા અનુભવવા લાગે છે. તેમના પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. ઘણી સ્ત્રીઓ છૂટાછેડા એટલા માટે માગતી નથી કે તેમની સાથે દુર્વ્યવહાર થઈ રહ્યો છે, પરંતુ એટલા માટે કે તેમને લાગે છે કે તેમની સંભાળ રાખવા માટે કોઈ નથી.

**હવે સ્ત્રીઓ બદલાઈ રહી છે**

ઘણીવાર ચર્ચા થાય છે કે લગ્ન બંધન નબળા પડી રહ્યા છે. આમાં પરિવર્તન દેખાય છે. પણ સત્ય એ છે કે હવે સ્ત્રીઓ બદલાઈ ગઈ છે. આ કોઈ વિકટ પરિસ્થિતિ નથી, આ એક વિજય છે. તે પ્રેમથી દૂર નથી જઈ રહી, તે પ્રેમ તરફ આગળ વધી રહી છે. તેઓ એવા સંબંધની ઇચ્છા રાખે છે જેમાં ગાઢ પ્રેમનો સમાવેશ થાય છે. ■

# એસઆઈઆરઃ ઘૂસેલા બાંગ્લાદેશીઓ ભારત છોડી મોટી સંખ્યામાં પરત ફરી રહ્યા છે

કોલકત્તાઃ ભારતની સરહદોનું રક્ષણ કરવા માટે જવાબદાર બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) એ કહ્યું હતું કે તાજેતરના અઠવાડિયામાં દક્ષિણ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પાર કરવાનો પ્રયાસ કરતા ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોની સંખ્યામાં વધારો નોંધાયો છે. બીએસએફના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, આ વધારો મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અભિયાન સાથે જોડાયેલ હોય તેવું લાગી રહ્યું છે

બીએસએફના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉત્તર ૨૪ પરગણા અને માલદા જિલ્લાના વાડ વગરના વિસ્તારોમાંથી પોતાના દેશમાં પાછા ફરવાનો પ્રયાસ કરતા દસ્તાવેજ વિનાના બાંગ્લાદેશી નાગરિકોની સંખ્યામાં છેલ્લા બે વર્ષની સરખામણીમાં નોંધપાત્ર વધારો થયો છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અગાઉ, આવા કેસોની દૈનિક સંખ્યા ભાગ્યે જ બે આંકડા સુધી પહોંચતી હતી. જો કે, હવે દૈનિક આંકડા સતત ત્રણ આંકડામાં છે.

તેમણે કહ્યું હતું કે જ્યારે કેટલાક અહેવાલો દરરોજ આવા ૫૦૦ કેસની વાત કરાઈ છે ત્યારે વાસ્તવિક સંખ્યા થોડી ઓછી છે, લગભગ ૧૦૦, ૧૫૦, અથવા તેથી વધુ. તેમણે કહ્યું હતું કે, શક્ય છે કે આ સંખ્યા ત્રણ આંકડામાં હોય છે.

ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકો સરહદ પાર કરીને પાછા ફરવાના બનાવોમાં અચાનક વધારો થવાથી બીએસએફ અને રાજ્ય પોલીસ પર દબાણ વધ્યું છે. પકડાયેલા દરેક વ્યક્તિએ બંને દેશોના રેકોર્ડના આધારે બાયોમેટ્રિક તપાસ, પૂછપરછ અને ગુનાહિત પૃષ્ઠભૂમિ તપાસ કરાવવી પડશે. અધિકારીએ કહ્યું હતું કે, અમે એવું માની શકતા નથી કે ગેરકાયદેસર રીતે ક્રોસ કરનાર દરેક વ્યક્તિ ફક્ત મજૂર છે. તેઓ અહીં ગુનાથી ભાગી રહ્યા હોઈ શકે છે અથવા તેઓ કટ્ટરપંથી અથવા આતંકવાદી તત્વ હોઈ શકે છે.

બાયોમેટ્રિક વિગતો ડેટા રિપોઝીટરી સાથે મેચ કરવામાં આવે છે અને કોઈપણ રેડ ફ્લેગ પર પોલીસે હસ્તક્ષેપ કરવાની હોય છે. અન્ય એક અધિકારીએ કહ્યું હતું કે જો કોઈ ગુનેગાર ઝડપાય છે તો તેને રાજ્ય પોલીસને સોંપવામાં આવે છે. જો કે, જો તેઓ ફક્ત દસ્તાવેજ વિના ભારતમાં ઘૂસેલા બાંગ્લાદેશી નાગરિકો છે અને પાછા ફરવા માગે છે તો અમે તેમને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશનો સંપર્ક કરીએ છીએ અને પ્રક્રિયા પૂર્ણ કરીએ છીએ. જો બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ સંમત થાય છે, તો તેમને ઔપચારિક રીતે પાછા મોકલવામાં આવે છે નહીં તો એક અલગ પ્રક્રિયા અનુસરવામાં આવે છે. ■



# સત્ય સાંઈબાબાનું તત્ત્વજ્ઞાન ૧૪૦ દેશના લોકોમાં પ્રકાશ પાથરી રહ્યું છેઃ મોદી

હૈદરાબાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આધ્યાત્મિક ગુરુ શ્રી સત્ય સાઈબાબાને એમ કહીને શ્રદ્ધાંજલિ આપી હતી કે તેમની શીખવણી તેમ જ સેવા વિશ્વભરમાં ફેલાયેલા તેમનાં લાખો અનુયાયીઓને સતત માર્ગદર્શન આપી રહી છે અને તેમનાં જીવનમાં પ્રકાશ પાથરી રહી છે.

સત્ય સાંઈબાબાની જન્મ શતાબ્દીની ઉજવણીના કાર્યક્રમને સંબોધન કરતાં મોદીએ સત્ય સાંઈબાબાની સ્મૃતિમાં સિક્કો અને સ્ટેમ્પ બહાર પાડ્યા હતા.

મોદીએ કહ્યું હતું કે શ્રી સત્ય સાંઈબાબાની જન્મ શતાબ્દી માત્ર ઉત્સવ નથી, પરંતુ દિવ્ય કૃપા છે. (એજન્સી)■

## એશ પગે લાગી પીએમને

આધ્યાત્મિક ગુરુ શ્રી સત્ય સાંઈબાબાની જન્મ શતાબ્દીની ઉજવણીના કાર્યક્રમમાં વડા પ્રધાને કરેલા સંબોધન બાદ અભિનેત્રી અને ભૂતપૂર્વ મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાય બચ્ચને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પગે લાગીને તેમનાં આશીર્વાદ લીધાં હતાં.

# ‘ઑપરેશન સિંદૂર’માં રાફેલ તોડી પડાયેલાનો દુષ્પ્રચાર ચીને કરાવેલો

નવી દિલ્હીઃ ભારતે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાને કરેલા આતંકી હુમલાનો મે મહિનાના ઑપરેશન સિંદૂરથી જડબાતોડ જવાબ આપ્યો હતો. જેમાં ઈન્ડિયન એર ફોર્સે રાફેલ વિમાનનો પણ ઉપયોગ કર્યો હતો. ત્યારે પાકિસ્તાને રાફેલ વિમાન તોડી પાડવાનો દુષ્પ્રચાર કર્યો હતો. જેમાં હવે અમેરિકન રિપોર્ટમાં નવો ખુલાસો થયો છે. જે મુજબ ચીને જાણી જોઈને રાફેલ વિમાન તોડી પાડવાનો દુષ્પ્રચાર શરૂ કર્યો હતો.

અમેરિકા ચાઈના ઇકોનોમિક એન્ડ સિક્યુરિટી રિવ્યૂ કમિશન દ્વારા કોંગ્રેસને રજૂ કરાયેલા રિપોર્ટમાં જણાવાયું છે કે મે ૨૦૨૫માં ભારત-પાકિસ્તાન સરહદ વિવાદ દરમિયાન ચીને રાફેલ વિમાન વિરુદ્ધ ખોટી માહિતી અભિયાન શરૂ કર્યું હતું. ચીનનો હેતુ તેના પોતાના જે-૩૫ વિમાનનો પ્રચાર કરવાનો હતો. ચીને એઆઈની મદદથી, તેના શસ્ત્રો દ્વારા નાશ પામેલા વિમાનોના કથિત રીતે તૂટી પડવાની તસવીરો વાઈરલ કરી હતી. આ બધું નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું. ■

# ટ્રિબ્યૂનલ્સ રિફોર્મ્સ ઍક્ટની અનેક જોગવાઇ રદ કરતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ટ્રિબ્યૂનલ્સમાંની નિમણૂક, કાર્યકાળ અને તેના સભ્યો તેમ જ પ્રિસાઇડિંગ ઑફિસર્સની સર્વિસ કન્ડિશન્સને લગતી ૨૦૨૧ના ટ્રિબ્યૂનલ્સ રિફોર્મ્સ ઍક્ટની અનેક મહત્ત્વની જોગવાઇ બુધવારે રદ કરતા કેન્દ્રને મોટો ફટકો પડ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપતી વખતે જણાવ્યું હતું કે અદાલત દ્વારા કોઇ જોગવાઇ રદ કરાઇ હોય તો પછી કેન્દ્ર ચુકાદામાં મામૂલી સુધારા-વધારા કરીને તેનો સંસદ દ્વારા ફરી અમલ કરાવી ન શકે.

રદ કરાયેલા વટહુકમમાંની સરખી જોગવાઇ કાયદામાં પાછી લાવવાની કેન્દ્ર દ્વારા કરાતી પ્રવૃત્તિની સર્વોચ્ચ અદાલતે ઝાટકણી કાઢી હતી.જસ્ટિસ ચંદ્રને દેશના મુખ્ય ન્યાયાધીશ ગવઇની એ વાતને સમર્થન આપ્યું હતું કે ટ્રિબ્યૂનલ્સ રિફોર્મ્સ ઍક્ટ, ૨૦૨૧ અગાઉ રદબાતલ જાહેર કરાયેલા વટહુકમનું સ્વરૂપ જ છે અને જણાવ્યું હતું કે આ તો ‘નવી બૉટલમાં જૂના દારૂ’ જેવું છે. (એજન્સી)■

# ઈન્ડિયાબુલ્સ કેસઃ સીબીઆઈ અને સેબીને ઝાટક્યા સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (આઈએચએફએલ), જે હવે સન્માન કેપિટલ લિમિટેડ તરીકે ઓળખાય છે, સામે શંકાસ્પદ વ્યવહારોના આરોપોની તપાસ કરવામાં સીબીઆઈ અને સેબીની અનિચ્છા પર પ્રશ્ન ઉઠાવતા, સુપ્રીમ કોર્ટે બુધવારે એજન્સી ડિરેક્ટરને આ મામલાની તપાસ કરવા માટે સેબી, એસએફઆઈઓ અને ઇડી સાથે બેઠક કરવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ સૂર્યકાંત, ઉજ્જલ ભૂયાન અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે, જેમણે આઈએચએફએલ દ્વારા કરવામાં આવેલા અનેક ગુનાઓના સંયોજન માટે કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ)ની પણ ટીકા કરી હતી, ગેરકાયદેસરતાઓની તપાસ કરવાના તેના અધિકારક્ષેત્ર પર વિવિધ કેસોમાં બજાર નિયમનકાર દ્વારા અપનાવવામાં આવેલા બેવડાં ધોરણો પર સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની ભારે ટીકા કરી હતી. ■

# શરીફ સરકારે લશ્કર માટે વધુ ૫૦ અબજ પાકિસ્તાની રૂપિયા ફાળવ્યા

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન સરકારે આંતરરાષ્ટ્રીય સરહદો પર સુરક્ષા મજબૂત કરવા, નૌકાદળને અપગ્રેડ કરવા અને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરનું રક્ષણ કરવા માટે સશસ્ત્ર દળો માટે ૫૦ અબજ પાકિસ્તાની રૂપિયાના પૂરક બજેટને મંજૂરી આપી છે. નાણાં મંત્રાલયને ટાંકીને અખબારી અહેવાલમાં જણાવાયું હતું કે મંગળવારે યોજાયેલી બેઠકમાં પ્રધાનમંત્રની આર્થિક સંકલન સમિતિ (ઈસીસી) દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

નાણાં પ્રધાન મોહમ્મદ ઔરંગઝેબની અધ્યક્ષતામાં યોજાયેલી ઈસીસી બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા, સંરક્ષણ, ખાદ્ય સુરક્ષા અને પેટ્રોલિયમ ક્ષેત્રમાં સુધારા સંબંધિત દરખાસ્તો પર વિચારણા કરવામાં આવી હતી. પત્રમાં જણાવાયું છે કે કુલ પાકિસ્તાની રૂપિયામાંથી ૩૯ અબજ પાકિસ્તાની રૂપિયા સેનાને અને લગભગ ૧૧ અબજ પાકિસ્તાની રૂપિયા નૌકાદળને ફાળવવામાં આવ્યા છે. ■

# આધુનિક સમાજમાં તલાક-એ-હસનની પ્રથા કેવી રીતે માન્ય રખાય?ઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે આઠ વર્ષ પહેલા તલાક-એ-બિદ્દત એટલે કે ટ્રિપલ તલાકને ગેરકાયદે ઠેરવી હતી. હવે સુપ્રીમ કોર્ટે તલાક-એ-હસનની અંગે પ્રશ્ન ઉઠાવ્યો છે, જે ટ્રિપલ તલાકનું જ એક સ્વરૂપ છે. આ પ્રથામાં મુસ્લિમ પુરુષ મહિનામાં એકવાર એમ સતત ત્રણ મહિના સુધી ‘તલાક’ શબ્દ બોલીને છૂટાછેડા આપી શકે છે.

અહેવાલ મુજબ તલાક-એ-હસન એ તલાક-એ-બિદ્દતથી અલગ છે, તલાક-એ-બિદ્દતમાં એક જ સમયે એક સાથે ત્રણ વાર ‘તલાક’ શબ્દ બોલીને તાત્કાલિક છૂટાછેડાનો રિવાજ હતો. જ્યારે તલાક-એ-હસનની પ્રક્રિયામાં ત્રણ મહિનાનો સમય લાગે છે.તલાક-એ-હસનની માન્યતાને પડકારતી કેટલીક અરજીઓની સુનાવણી કરતા ન્યાયાધીશ સૂર્યકાંત, ઉજ્જલ ભુઈયા અને એનકે સિંહની બેન્ચે કહ્યું, આધુનિક સમાજમાં આ પ્રથા કેવી રીતે માન્ય હોઈ છે? ■

# ભારતને ‘હિન્દુ રાષ્ટ્ર’ જાહેર કરવાની જરૂર નથીઃ ભાગવત

ગુવાહાટીઃ આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે જે કોઈ ‘ભારત માટે ગર્વ’ લે છે તે હિન્દુ છે.

ગુવાહાટીમાં જાણીતી વ્યક્તિઓ સાથે વાતચીત કરતા ભાગવતે દાવો કર્યો હતો કે હિન્દુ ફક્ત ધાર્મિક શબ્દ નથી પરંતુ હજારો વર્ષોની સાંસ્કૃતિક સાતત્યમાં મૂળ ધરાવતી સભ્યતાની ઓળખ છે. ભારત અને હિન્દુ સમાનાર્થી છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર બનવા માટે સત્તાવાર ઘોષણાની જરૂર નથી. તેની સભ્યતા પહેલાથી જ તેને પ્રતિબિંબિત કરે છે, એમ તેમણે કહ્યું હતું. ■

# યુપીની મદરેસાઓ શિક્ષક, વિદ્યાર્થીઓની સંપૂર્ણ માહિતી એટીએસને આપવી જ પડશે

લખનઊઃ ઉત્તર પ્રદેશની યોગી સરકારે રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સજ્જ અને ચુસ્ત બનાવવા માટે મદરેસાઓને લઈને એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સુરક્ષા એજન્સીઓને સંપૂર્ણ રીતે ચોક્કસ અને સક્રિય રાખવાના ઉદ્દેશથી સરકારે હવે એક નવો પ્રોટોકોલ લાગુ કર્યો છે. આ નવા નિયમ હેઠળ, રાજ્યના તમામ મદરેસાઓમાં ભણાવતા મૌલાનાઓ, શિક્ષકો અને તમામ વિદ્યાર્થીઓની સંપૂર્ણ વિગતો એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) ને સોંપવી ફરજિયાત કરવામાં આવી છે. દેશની રાજધાની દિલ્હીમાં થયેલા તાજેતરના વિસ્ફોટ પછી ઘણા રાજ્યોની સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે, ત્યારે યુપી સરકારે આ પગલુ ભર્યું છે.તમામ મદરેસાઓએ પોતાના સંસ્થામાં કામ કરતા તમામ શિક્ષકો અને ધાર્મિક પ્રશિક્ષકોની તમામ વિગતો ઉપલબ્ધ કરાવવા પડશે. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ગોડ | થીજવું |
| ગોંદ | રૂપાળું |
| ગોંડસ | છબરડો |
| ગોંધળ | ગુંદર |
| ગોઠણે | સ્વાદિષ્ટ |

### ઓળખાણ પડી?

વિમેન્સ વર્લ્ડ કપ ક્રિકેટ સ્પર્ધાના નોકઆઉટ તબક્કામાં બે સેન્ચુરી ફટકારનારી આ બેટર કયા દેશની ખેલાડી છે એની ઓળખાણ પડી?

અ) ઈંગ્લેન્ડ
બ) ન્યુઝિલેન્ડ
ક) સાઉથ આફ્રિકા
ડ) ઓસ્ટ્રેલિયા



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ તં | ક | ૩ વા | ૪ દ | ■ | ૫ ભ | ૬ યા | ૭ ન | ૮ ક |
| ૯ સ | ત્ર | ■ | ૧૦ ન | હા | ઇ | ■ | ૧૧ ત્રા | ટ | ક |
| મા | ■ | ૧૨ બ | ર | ડ | ■ | ૧૩ સ્વ | સ્થ | ■ | ળા |
| ૧૪ ન | જ | ર | ■ | ■ | ૧૫ સ | ર | ળ | ■ | ટ |
| ■ | ■ | છી | ■ | ૧૬ અ | વ | નિ | ■ | ૧૭ સ | ■ |
| ૧૮ મ | ન | ■ | ૧૯ મ | હા | લ | યો | ■ | ૨૦ હ | વે |
| હા | ■ | ૨૧ સા | દ | ■ | ૨૨ ત | જ | ૨૩ વી | જ | ■ |
| ભા | ■ | ■ | ૨૪ દ | ૨૫ મ | ■ | ૨૬ ન | ખ | ■ | ૨૭ મો |
| ૨૮ ર | ૨૯ ડ | ૩૦ કુ | ■ | ૩૧ જા | ૩૨ સા | ■ | વા | ■ | સ |
| ૩૩ ત | ર | બો | ળ | ■ | ૩૪ દો | ર | દ | મા | મ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ■ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | | ■ | ૯ | | ■ | |
| | ■ | ૧૦ | | ■ | ૧૧ | | | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | | ■ | | ■ | ■ | | ■ |
| ■ | ૧૫ | | ■ | ૧૬ | | | ૧૭ | ■ | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | | | ■ | ૨૧ | | |
| ૨૨ | | ૨૩ | ■ | | ■ | ૨૪ | | ■ | |
| | ■ | | ■ | | ૨૫ | | | | |
| ■ | ૨૬ | | | ૨૭ | ■ | ૨૮ | | | ■ |
| ૨૯ | | | ૩૦ | | | ■ | ૩૧ | | |

#### આડી ચાવી

(૧) વિચારવાની પદ્ધતિ, ક્રમબદ્ધતા (૬)
(૫) પ્રશ્ન (૩)
(૭) સાપ ..... મારે જ (૨)
(૮) હંમેશાં (૨)
(૯) કાંઈ ના બોલો (૨)
(૧૦) મૃતદેહ (૨)
(૧૧) વિશિષ્ટ વ્યક્તિ (૫)
(૧૩) ......જવું એટલે ફરી જવું (૪)
(૧૫) સોના-રૂપાના તારનો કસબ (૨)
(૧૬) અન્નક્ષેત્ર (૪)
(૧૯) તાબામાં (૨)
(૨૦) યાતાયાત માટેનું સાધન (૩)
(૨૧) ..... કથા એટલે મોટી વાર્તા (૩)
(૨૨) પ્રમાણે, પેઠે, રૂપે (૩)
(૨૪) અમે (૨)
(૨૫) સહન કરવાની ટેવવાળું (૫)
(૨૬) પ્રિયતમ (૪)
(૨૮) કુદરતી ગળ્યું, મીઠું ..... (૨)
(૨૯) મુંબઈની ..... બાજુ ગોવા આવ્યું (૩)
(૩૦) ક્ષમતા (૨)
(૩૧) તારાનું ઝુંમખું (૩)

#### ઊભી ચાવી

(૧) ઉપહાસ, મશ્કરી, છળ (૪)
(૨) પહેલાં ....., પછી અભિપ્રાય આપ (૨)
(૩) જલાશય (૪)
(૪) ધૂળ (૨)
(૫) દરેકને જોવાનો હક છે (૩) જો.છૂ.
(૬) મમતા, ચાહના (૩)
(૯) ઉંદર હિંદીમાં ..... બની જાય (૨)
(૧૦) ખાંડ, સાકર (૩)
(૧૧) અભિપ્રાય આપવો તે (૪)
(૧૨) ડિઝાઈન (૨)
(૧૪) લાચારી (૪)
(૧૬) સમજે તેને.....કરવું પડે (૩)
(૧૭) પ્રભુને ..... થી સમર્પિત થવું (૨,૨,૨)
(૧૮) ઝરણાનો વહેવાનો અવાજ (૪)
(૧૯) કાપીને બે ભાગ કરે (૩)
(૨૩) ઘડતર, ભણતર (૪)
(૨૪) અભિમાન, હુંપણું (૩)
(૨૬) દરેક વ્યક્તિને હોય (૨)
(૨૭) ..... બનવો એટલે તાકડો મળવો (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના એકમાત્ર સગ્ગા મામીના એકમાત્ર પુત્રના સંતાનની દાદી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) નાની ક) ફોઈ ડ) માસી

### જાણવા જેવું

શણગાર સ્ત્રીને અત્યંત પ્રિય અને મનગમતી બાબત છે. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સોળ શણગાર ગણાયા છેઃ મંજન, હાર, તંબોળ, સુગંધ, અરગજાનો રોળ, શીશફલ, રાત્નરાખડી, ચુની, ગોફણો, માળા ગળુબંધ ( ગળાનું ઘરેણું ), મુક્તાહાર, કંકણ, ચૂડા, નેપુર, અણવટ, વિછુવા અને ઝાંઝર.

### સુડોકુ-૯૧૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | | ૨ | | | | | |
| ૯ | ૭ | | | ૬ | ૩ | ૫ | | |
| | | ૪ | | ૯ | ૭ | | | |
| | ૪ | | | | | ૮ | ૬ | ૯ |
| | | ૧ | ૬ | | ૯ | ૪ | | |
| ૩ | ૯ | ૬ | | | | | ૧ | |
| | | | ૯ | ૭ | | ૧ | | |
| | | ૯ | ૪ | ૧ | | | ૫ | ૮ |
| | | | | | ૮ | | ૯ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ | ૮ | ૯ |
| ૫ | ૮ | ૩ | ૨ | ૧ | ૯ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૭ | ૯ | ૩ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ |
| ૯ | ૨ | ૬ | ૧ | ૪ | ૫ | ૭ | ૩ | ૮ |
| ૮ | ૪ | ૫ | ૭ | ૬ | ૩ | ૯ | ૧ | ૨ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૯ | ૨ | ૬ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૮ | ૪ | ૫ | ૭ | ૨ | ૯ | ૬ |
| ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૩ |
| ૭ | ૯ | ૨ | ૬ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં જંગલ સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.
આજે સવારથી પવન બહુ જોરથી ફૂંકાઈ રહ્યો છે.

### નોંધી રાખો

લોકો સાથેની મુલાકાત વિના કારણ કે બેમતલબ નથી હોતી. કોઈની પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તો કોઈ પાઠ ભણાવી જાય છે.

### માઈન્ડ ગેમ

ગુજરાતના ભાવનગર જિલ્લામાં સિહોર નામનું શહેર પ્રખ્યાત છે. અન્ય કયા રાજ્યમાં આ જ નામના શહેરનું અસ્તિત્વ છે એ જાણો છો?

અ) હિમાચલ પ્રદેશ બ) ઉત્તર પ્રદેશ
ક) મધ્ય પ્રદેશ ડ) આંધ્ર પ્રદેશ

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગાંડૂળ | અળસિયું |
| ગાંગરણે | અકળાવું |
| ગાર | ઠંડી |
| ગારદ | મૃત્યુવશ |
| ગારગોટી | ચકમક |

ગુજરાત મોરી મોરી રે: ભાભી

ઓળખાણ પડી?: અમનજોત કૌર

માઈન્ડ ગેમ: યુએસએ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કાર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નયના મિસ્ત્રી (૨) ગિરીશ મિસ્ત્રી (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) હર્ષા મહેતા (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કામિની માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) નીતા દેસાઈ (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) નિતીન જયંતિલાલ બજરિયા (૪૯) ભરત કજરિયા

મંગળવારે બહિષ્કારનું હથિયાર, બુધવારે શિંદે દિલ્હી રવાના

# મહાયુતિનો ઉકળી રહેલા ચરુનો વિસ્ફોટ થશે કે ઠંડું પાણી રેડાશે?

## રાજ્યમાં ફડણવીસ-અજિત પવાર વચ્ચે ખાનગી ચર્ચાઃ બિહારના શપથ ગ્રહણમાં ત્રણેય હાજર રહે ત્યારે શું થાય તેના પર બધાની નજર

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકીય વાતાવરણમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓની ગરમી વચ્ચે તાપમાન અચાનક વધી ગયું હતું અને મંગળવારના ઘટનાક્રમથી વ્યથિત નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અચાનક દિલ્હી જવા રવાના થઈ ગયા હતા, બીજી તરફ રાજ્યની પ્રવર્તમાન સ્થિતિ પર દેવેન્દ્ર ફડણવીસે બીજા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સાથે બેઠક કરીને રાજકીય સ્થિતિનો તાગ મેળવ્યો હતો. આના પરથી રાજકીય નિરીક્ષકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે દિલ્હીથી આ ઉકળી રહેલા ચરુ પર ઠંડું પાણી રેડવામાં નહીં આવે તો રાજ્યમાં વિસ્ફોટ થવાની શક્યતા છે.

રાજ્યમાં ભાજપ અને શિવસેના વચ્ચે વધતા સંઘર્ષ વચ્ચે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ઉતાવળે દિલ્હી જવા રવાના થઈ ગયા અને ત્યાં તેઓ અમિત શાહ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરશે એવું જાણવા મળ્યું હતું. શિંદેની સેનાના પ્રધાનોએ મંગળવારે કેબિનેટ બેઠકનો બહિષ્કાર કરવાનું હથિયાર અજમાવ્યું હતું. ત્યારબાદ, શિંદેના પ્રધાનો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પણ મળ્યા હતા. શિંદેના પ્રધાનોની નારાજી પર ફડણવીસે સામી ચાર વાતો ચોપડાવી હતી આ બધા ઘટનાક્રમની વચ્ચે શિંદે બુધવારે દિલ્હી જવા રવાના થયા છે.

આજે પોલીસ વિભાગનો એક કાર્યક્રમ હતો. તેમનું આમંત્રણ એકનાથ શિંદેને (જુઓ પાનું ૪) ▶▶

# બુધવારે પારો ૧૬.૨ ડિગ્રી

## મુંબઈમાં છેલ્લા એક દાયકાનું સૌથી નીચું તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાની બુધવારની સવાર અત્યંત ઠંડી રહી હતી. વહેલી સવારે ઠંડા પવન ફૂંકાવાની સાથે જ લઘુતમ તાપમાનનો પારો ૧૬.૨ ડિગ્રી નોંધાયો હતો. બુધવારનો દિવસ ૧૬.૨૫ ડિગ્રી તાપમાન સાથે છેલ્લા એક દાયકાનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. તો છેલ્લાં ૧૨ વર્ષમાં નવેમ્બરમાં નોંધાયેલું બીજા નંબરનું સૌથી નીચું તાપમાન પણ રહ્યું હતું.

મુંબઈમાં છેલ્લાં એક અઠવાડિયાથી વહેલી સવારના શિયાળાની ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાનનો પારો ૧૮ ડિગ્રીની આસપાસ નોંધાઈ (જુઓ પાનું ૪) ▶▶

# કાંદિવલીમાં ધોળેદહાડે રિયલ એસ્ટેટ એજન્ટ પર ફાયરિંગ કરી હુમલાખોર બાઇક પર થયા ફરાર




મુંબઈઃ કાંદિવલીના ચારકોપ વિસ્તારમાં ધોળેદહાડે ૪૨ વર્ષના રિયલ એસ્ટેટ એજન્ટ પર ફાયરિંગ કરી ત્રણ હુમલાખોર બાઇક પર ફરાર થયા હતા. છાતી અને પેટમાં ગોળી વાગતાં ઘાયલ અવસ્થામાં જાતે કાર હંકારીને હોસ્પિટલમાં પહોંચ્યો હતો, જ્યાં ડોક્ટરોએ ઓપરેશન કરીને બૂલેટ્સ કાઢી હતી. આ ઘટના બાદ ચારકોપ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરી હતી. વ્યાવસાયિક દુશ્મનાવટને લઇ ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું પોલીસને લાગી રહ્યું હોઇ પોલીસે અમુક લોકોને પૂછપરછ માટે તાબામાં લીધા હતા.

કાંદિવલીના ચારકોપમાં ઇંગ્લિશ સ્કૂલની નજીક બુધવારે બપોરના ૧.૪૫ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં ઘવાયેલા રિયલ એસ્ટેટ એજન્ટની ઓળખ ફ્રેડી ડિલિમા તરીકે થઇ હતી. ફ્રેડીને ત્રણ દિવસ અગાઉ કૉલ આવ્યો હતો, જેમાં તેને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી અપાઇ હતી. આ પ્રકરણે તેણે પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી હતી.

ફ્રેડી બુધવારે બપોરે ચારકોપમાં ગણેશનગર ખાતે મીટિંગ માટે આવ્યો હતો. મીટિંગ પત્યા બાદ તે બહાર નીકળ્યો ત્યારે તેની રાહ જોતા ઊભેલા ત્રણમાંથી એક જણે નજીક આવીને ફ્રેડી પર ફયરિંગ કર્યું હતું, જેમાં ફ્રેડીની છાતી અને પેટમાં ગોળી વાગી હતી. હુમલાખોરોમાંથી બે જણે હેલ્મેટ પહેર્યું હતું, જ્યારે ત્રીજાએ મોઢા પર રૂમાલ બાંધ્યો હતો અને ટોપી પહેરી હતી. ફાયરિંગ કર્યા બાદ ત્રણેય જણ બાઇક પર ફરાર થઇ ગયા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં (જુઓ પાનું ૪) ▶▶

# પુણે જમીન કૌભાંડ

## પાર્થ પવારને ક્લીન ચિટ

મુંબઈઃ પુણેના મુંડવા વિસ્તારમાં આવેલી સરકારી જમીન ખાનગી કંપની વેચવાના બહુ ચર્ચિત કેસનો તપાસ રીપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. જોઈન્ટ ઇન્સ્પેકટર જનરલ ઓફ રજિસ્ટ્રારની આગેવાની હેઠળની તાપસ સમિતિએ અજિત પવારના દીકરા પાર્થ પવારને કલીન ચિટ આપવામાં આવી છે. તાપસ રીપોર્ટમાં કેસમાં સબ-રજિસ્ટ્રાર રવિન્દ્ર તારુ સહિત ત્રણ શખ્સોએ જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

અધિકારીએના જણાવ્યા મુજબ સમગ્ર સોદા દરમિયાન એક પણ દસ્તાવેજમાં પાર્થ પવારનો ઉલ્લેખ મળ્યો નહીં, આથી તેને જવાબદાર ઠેરવી શકાય નહીં. રિપોર્ટમાં સસ્પેન્ડેડ સબ-રજિસ્ટ્રાર રવિન્દ્ર તારુ, પાર્થ પવારના પાર્ટનર અને સંબંધી દિગ્વિજય પાટિલ, સેલર્સના પાવર ઓફ એટર્ની શીતલ તેજવાણીને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. પોલીસે દાખલ કરેલી એફઆઈઆરમાં આ ત્રણેયના (જુઓ પાનું ૪) ▶▶

# પોલીસ ડાયરીમાં રહેલી એન્ટ્રી વાંચીને અંજલિ દમણિયાના ગંભીર આરોપો

## સૂર્યકાંત ચેવલેની ધરપકડ કરો, પૂરું સત્ય બહાર આવશે એવો દાવો કર્યો

મુંબઈઃ પુણેના મુંઢવાના જમીન સોદા અંગે વિવાદમાં સપડાયેલા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારને કોઈ ક્લિન ચીટ મળી નથી એવો દાવો કરતાં સામાજિક કાર્યકર્તા અંજલી દમણિયાએ બુધવારે કહ્યું હતું કે સુર્યકાંત યેવલેને જે દિવસે પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવશે તે દિવસે બધી સચ્ચાઈ સામે આવશે અને અજિત પવારને રાજીનામું આપવું જ પડશે.

પાર્થ પવારને કોઈ ક્લીન ચીટ મળી નથી. જે દિવસે સૂર્યકાંત યેવલેને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવશે, તે બધું બહાર લાવશે.

તે પાર્થ પવારનું નામ લેશે, તે અમેડિયા એન્ટરપ્રાઇઝનું નામ લેશે. યેવલેના જામીન એટલા માટે જ મંજૂર કરવામાં આવ્યા છે જેથી બધી વાતો બહાર ન આવે. હું બધા (જુઓ પાનું ૪) ▶▶

# ભાજપને હવે શિંદેની જરૂર નથીઃ એનસીપી (એસપી)

## એકનાથ શિંદેને આત્મસન્માન બચાવવા મહાયુતિ છોડવા કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં મંગળવારે થયેલા હાઈ ડ્રામા પછી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે ભાજપને હવે શિંદેની કોઈ જરૂર નથી એવો દાવો કરતાં એનસીપી (એસપી)ના પ્રવક્તા કલાઈડ ક્રાસ્ટોએ બુધવારે કહ્યું હતું કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેનાના પ્રધાનો વચ્ચે થયેલી વાતના અહેવાલો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ફડણવીસને શિંદે માટે કોઈ માન નથી અને બીજી તરફ શિવસેનાના પ્રધાનો પણ નાયબ મુખ્ય પ્રધાનનું માન જાળવી રહ્યા નથી.

જો એકનાથ શિંદેનું કોઈ આત્મસન્માન બચ્યું હોય, તો તેમણે ભાજપ સાથેનું જોડાણ તત્કાળ છોડી દેવું જોઈએ. જો તેઓ યોગ્ય સમયે બહાર નહીં નીકળે, તો તેમને ટૂંક સમયમાં જ દરવાજો બતાવી દેવામાં આવશે,' એમ ક્રાસ્ટોએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક નિવેદનમાં જણાવ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન અજિત (જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-થ્રીમાં રવિવારથી દિવ્યાંગો માટે ટિકિટ પર ૨૫ ટકા ડિસ્કાઉન્ટ

મુંબઈઃ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) એ કફ પરેડ - બાંદ્રા- સિપ્ઝ - આરે અંડરગ્રાઉન્ડ મેટ્રો-થ્રી રૂટ પર મુસાફરી કરતા દિવ્યાંગ મુસાફરોને ટિકિટ ભાડામાં ૨૫ ટકા છૂટ આપવાનો નિર્ણય લીધો છે. આ સુવિધા રવિવાર ૨૩ નવેમ્બરથી લાગુ કરવામાં આવશે. આ માટે દિવ્યાંગોએ મેટ્રોકનેક્ટથ્રી' એપનો ઉપયોગ કરવો પડશે.

હાલમાં દિવ્યાંગોને એસટી અને બેસ્ટ બસોમાં ટિકિટમાં છૂટ મળે છે. લોકલ અને લાંબા અંતરની ટ્રેનોમાં, ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને ટિકિટ ભાડામાં ૭૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે અને તેમની સાથેના પ્રવાસીને ટિકિટ ભાડામાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. ઘાટકોપર - અંધેરી - વર્સોવા મેટ્રો-૧' રૂટની સાથે, દહિસર - અંધેરી વેસ્ટ મેટ્રો ટુએ અને દહિસર - ગુંદાવલી મેટ્રો ૭ રૂટ પર પણ દિવ્યાંગોને ટિકિટમાં છૂટ આપવામાં આવી રહી છે.

મેટ્રો-થ્રી શરૂ થયાને એક વર્ષ વીતી ગયું છે અને આખી લાઇન સેવામાં મૂકાયાને એક મહિનો વીતી ગયો છે, પરંતુ દિવ્યાંગો માટે ટિકિટ ભાડામાં કોઈ છૂટ આપવામાં આવી નથી. તેથી થોડા દિવસો પહેલા, દિવ્યાંગ સંગઠનોના (જુઓ પાનું ૪) ▶▶

ભૂપતિની અપીલ

# હથિયાર હેઠાં મૂકી મુખ્ય પ્રવાહમાં જોડાઈ જાઓ

ગઢચિરોલીઃ શરણાગતિ સ્વીકારનાર નક્સલી નેતા મલ્લોજુલા વેણુગોપાલ રાવ ઉર્ફે ભૂપતિએ બુધવારે ફરી પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી)ના કાર્યકર્તાઓને સશસ્ત્ર સંઘર્ષ છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી છે. આંધ્ર પ્રદેશમાં એન્કાઉન્ટરમાં નક્સલવાદી કમાન્ડર હિડમાના મૃત્યુના એક દિવસ બાદ પ્રતિબંધિત સંગઠનના પૂર્વ પ્રવક્તા ભૂપતિએ આ અપીલ કરી હતી.

૧૫ ઓક્ટોબરે ૬૦ કાર્યકર્તાઓ સાથે આત્મસમર્પણ કરનારા ભૂપતિ દ્વારા કરવામાં આવેલી એક વીડિયો અપીલ ગઢચિરોલી પોલીસે બહાર પાડી હતી. મંગળવારે હિડમા અને અન્ય પાંચ જણના થયેલા મૃત્યુનો ઉલ્લેખ કરી તેણે જણાવ્યું હતું કે અમને છેલ્લા કેટલાક દિવસોથી એન્કાઉન્ટરના સમાચાર મળી રહ્યા છે. આ ચિંતાજનક બાબત છે. ■

# સુધરાઈ કરશે શિવાજી પાર્કનું સુશોભીકરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરમાં આવેલા પ્રતિષ્ઠિત છત્રપતિ શિવાજી મહારાજ પાર્કનું સુશોભીકરણ કરવાનો મુંબઈ મહાનગરપાલિકાએ નિર્ણય લીધો છે, તે માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. લગભગ અઢી કરોડના ખર્ચે શિવાજી પાર્ક પેરિફેરલ કટ્ટાનું સમારકામ, શિલ્પો, ભીંત ચિત્રોની સફાઈ અને તેના રંગકામ, બેસવા માટે બેન્ચ બેસાડવાથી લઈને લાઈટિંગમાં અપગ્રેડેશન કરવામાં આવવાનું છે. એ સાથે જ ત્યાં રહેલા બાળ ઠાકરેના સ્મારકમાં ફુવારો ઉમેરવાનો સમાવેશ થાય છે.

દાદરમાં ૨૮ એકરનું શિવાજી પાર્ક મુંબઈનું સૌથી મોટું જાહેર સ્થળ છે, જ્યાં રમતગમતના શોખીનો અને મોર્નિંગ અને ઈવનિંગ વોક કરવા આવનારા લોકોની સાથે જ પ્રવાસીઓ નિયમિત રીતે આવે છે. શહેરના (જુઓ પાનું ૪) ▶▶

# બીએમસીની ચૂંટણી પર વર્ષા ગાયકવાડ અને શરદ પવારની ચર્ચા

## 'એકલા ચલો રે'ની જાહેરાત ફક્ત ઉદ્ધવને બહાર રાખવા?

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે અને આગામી દિવસોમાં યોજાનારી મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ની ચૂંટણીમાં એકલેપંડે ઝંપલાવવાની જાહેરાત કૉંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી, પરંતુ આ બધા વચ્ચે હવે આવી જાહેરાત કરનારા મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડ ખુદ સામે ચાલીને શરદ પવારને મળવા ગયા હોવાથી રાજકીય વર્તુળોમાં નવી અટકળો ફેલાઈ રહી છે. એવી ચર્ચા થઈ રહી છે કે કૉંગ્રેસ દ્વારા એકલા ચલો રેનો નારો ફક્ત ઉદ્ધવ ઠાકરેને બહાર રાખવા માટે કરવામાં આવ્યો હતો.

વર્ષા ગાયકવાડે કહ્યું હતું કે સ્વતંત્ર લડવાની જાહેરાત કરવાની સાથે એ સમાન વિચારધારા પક્ષોને સાથે રાખવાની પણ વાત કરી હતી. એનસીપી અમારો કુદરતી સાથી છે.

શરદ પવારને મળવા ગયેલી વર્ષા ગાયકવાડના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળમાં અમીન પટેલ, અસલમ (જુઓ પાનું ૪) ▶▶



**ઉજવણીનો રંગઃ**
૨૦મી નવેમ્બર ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ડેની પૂર્વસંધ્યાએ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનલ (સીએસએમટી)ની હેરિટેજ ઈમારતને ભૂરી લાઈટથી શણગારવામાં આવી હતી. (અમય ખરાડે)

# મહારાષ્ટ્રનો દોષી ઠેરવવાનો દર ત્રેપન ટકા થયો છે, તે ૯૦ ટકા સુધી જઈ શકે છેઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગુનેગારોને દોષી ઠેરવવાનો દર ૨૦૧૩માં નવ ટકા હતો તે હવે વધીને ત્રેપન ટકા થયો છે અને નવા ફોજદારી કાયદાઓ હેઠળ તે વધીને ૯૦ ટકા સુધી પહોંચી શકે છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું.

એક કાર્યક્રમને સંબોધતા ગૃહ ખાતાનો હવાલો સંભાળી રહેલા ફડણવીસે કહ્યું હતું કે નવા અમલમાં મુકાયેલા કેન્દ્રીય ફોજદારી કાયદાઓ ડિજિટલ અને ઇલેક્ટ્રોનિક પુરાવાઓને કાયદેસર રીતે માન્યતા આપીને પીડિતોને સમયસર ન્યાયની ખાતરી આપશે.

'એક સદી કરતાં વધુ સમય પહેલાં બ્રિટિશરો દ્વારા ઘડવામાં આવેલા (ભૂતપૂર્વ) ભારતીય દંડ સંહિતા, ફોજદારી કાર્યવાહી સંહિતા અને પુરાવા અધિનિયમ, ઝડપી ન્યાય આપવા માટે બનાવવામાં આવ્યા ન હતા, જ્યારે નવા કાયદા (બીએનએસ, બીએનએસએસ અને બીએસએ) પીડિતોને ન્યાય આપવા અને ગુનેગારો માટે કડક સજા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરાયેલા છે,' એમ તેમણે આઝાદ મેદાનમાં નવા ફોજદારી કાયદાઓ પર આયોજિત એક પ્રદર્શનનું ઉદઘાટન કર્યા બાદ કહ્યું હતું.

નવા ફોજદારી કાયદાઓ, (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ નાશિક હાઈવે પર અકસ્માત, ટ્રાફિક જૅમ



થાણેઃ મુંબઈ-નાશિક હાઇવે પર બુધવારે સવારે માજીવાડા વિસ્તારમાં એક ગંભીર અકસ્માત થયો હતો. અકસ્માતમાં કોઈને ઈજા થઈ ન હતી, પરંતુ ટ્રાફિક જામના કારણે નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

માજીવાડામાં ફ્લાવર વેલી વિસ્તારમાંથી બુધવારે સવારે લગભગ ૭ વાગ્યે એક વેન થાણેથી મુંબઈ તરફ જઈ રહી હતી, ત્યારે એક કન્ટેનરે તે વેનને ટક્કર મારી હતી. જેના કારણે વેન વિરુદ્ધ દિશામાં જઈને થાણે મહાનગરપાલિકાની કચરાની ગાડી સાથે અથડાઈ હતી. ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ, થાણે મહાનગરપાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના કર્મચારીઓ અને ઘન કચરા વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને એક હાઇડ્રા મશીન અને ટોઇંગ વેન મશીન આવતાની સાથે જ અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી ખસેડવાનું શરૂ કરાયું હતું. આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી, તેમ છતાં અકસ્માતને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો. જેના કારણે આ વિસ્તારમાંથી પસાર થતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અકસ્માતને કારણે રસ્તા પર વાહનોમાંથી તેલ પણ ઢોળાઈ ગયું હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના કર્મચારીઓએ રસ્તા પર માટી નાખીને રસ્તો ફરી શરૂ કરવાનો પ્રયાસ કર્યો હતો. ■

# આજે મુંબઈ એરપોર્ટ છ કલાક માટે બંધ

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ૨૦ નવેમ્બરના રોજ છ કલાક માટે અસ્થાયી રૂપે બંધ રહેશે.

મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટએ જણાવ્યું હતું કે દર ચોમાસા પછી એરપોર્ટ દ્વારા કરવામાં આવતી વાર્ષિક જાળવણીને કારણે આ બંધ રાખવામાં આવ્યો છે જેથી સલામતી અને વૈશ્વિક ઉડ્ડયન ધોરણોનું પાલન સુનિશ્ચિત કરી શકાય અને સરળ અને સલામત મુસાફરી શક્ય બને.

૨૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી એરપોર્ટના બે રનવે અસ્થાયી રૂપે બંધ રહેશે. છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે મંગળવારે સાંજે તેના સત્તાવાર એક્સ હેન્ડલ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે મુંબઈ એરપોર્ટ ચોમાસા પછીના વાર્ષિક જાળવણીના કામ માટે ૨૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ૧૧૦૦ કલાકથી ૫૦૦ કલાક વચ્ચે બંધ રહેશે.

મુંબઈ એરપોર્ટ પર બે એકબીજાને છેદે તેવા રનવે છે, મુખ્ય રનવે ૯/૨૭ અને બીજો રનવે ૧૪/૩૨, જે દરરોજ ૯૫૦ થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરે છે. જે દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પછી દેશનું બીજા ક્રમનું સૌથી વ્યસ્ત એરોડ્રોમ છે. પ્રવાસીઓની સુરક્ષાર્થે એરપોર્ટ ઓથોરિટી દ્વારા દરવર્ષે ચોમાસા બાદ રન-વેનું સમારકામ હાથ ધરાતું હોય છે. ■

# ખાર, પાલી હિલ વિસ્તારમાં શનિવારે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો

## ▶ ચારથી પાંચ દિવસ પાણી ઉકાળીને પીવું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના બાન્દ્રા પશ્ચિમમાં પાલી હિલ જળાશયમાં ઈનલેટ પર વાલ્વનું સમારકામ શનિવાર, ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના કરવામાં આવવાનું છે. આ કામ મધરાતના એક વાગ્યાથી વહેલી સવારના પાંચ વાગ્યા સુધી કરવામાં આવશે. તેથી આ સમારકામને કારણે એચ-પશ્ચિમ વોર્ડના અમુક વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. તેથી નાગરિકોને પાણીનો ઉપયોગ કરકસર સાથે કરવાની અપીલ કરવામાં આવી છે. આ સમારકામ બાદ ચારથી પાંચ દિવસ નાગરિકોને પાણી ઉકાળીને તથા ગાળીને પીવાની સલાહ પણ આપવામાં આવી છે.

પાણી પુરવઠા વિભાગના જણાવ્યા મુજબ એચ-પશ્ચિમ વોર્ડમાં ખાર પશ્ચિમનો અમુક ભાગ, દાંડપાડા, ગઝદરબંધ વિસ્તારમાં સવારના ૬.૩૦થી ૮.૩૦ વાગ્યા દરમ્યાન થતા પાણી પુરવઠાના સમયમાં ફેરફાર થશે અને અહીં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. કાંતવાડી, પાલી નાકા, પાણી ગાવઠણ, રાજન અને માલા ગામનો વિસ્તાર, ખારદાંડા કોળીવાડા, દાંડપાડા, હનુમાન નગર, લક્ષ્મી નગર, યુનિયન ઉદ્યાન રોડ નંબર એકથી ચાર, પાલીહિલ વિસ્તારમાં પાણીપુરવઠાના સમયમાં ફેરફાર રહેશે. ■

# ભારત માટે બીજી ટેસ્ટ જીતવી વધુ મુશ્કેલ થઈ, ઍન્ગિડીનું સાઉથ આફ્રિકાની છાવણીમાં આગમન થઈ ચૂક્યું છે



ગુવાહાટીઃ રવિવારે કોલકાતામાં ભારતીય ટીમ સાઉથ આફ્રિકા સામે જે પ્રથમ ટેસ્ટ માત્ર અઢી દિવસમાં હારી ગઈ એમાં મુખ્ય ફાસ્ટ બોલર કૅગિસો રબાડા ઈજાને કારણે નહોતો રમ્યો, પરંતુ હવે ગુવાહાટીમાં શનિવારે શરૂ થનારી બીજી ટેસ્ટમાં ભારતીય ટીમનું જીતવું વધુ મુશ્કેલ થઈ ગયું છે એમ કહી શકાય. કારણ એ છે કે પ્રવાસી ટીમના મૅનેજમેન્ટે રબાડાના સ્થાને લુન્ગી ઍન્ગિડીને ટીમમાં સમાવ્યો છે. ઍન્ગિડીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો એનો અર્થ એ થાય છે કે રબાડા પાંસળીની ઈજાને કારણે બીજી ટેસ્ટ પણ ગુમાવશે. વર્લ્ડ ચૅમ્પિયન ટીમમાં ત્રણ પેસ બોલર સામેલ છે જ અને એમાં માર્કો યેનસેન, કૉર્બિન બૉશ્ચ અને વિઆમ મુલ્ડરનો સમાવેશ છે.

૨૯ વર્ષનો રાઇટ-આર્મ પેસ બોલર ઍન્ગિડી કરીઅરમાં કુલ ૨૦ ટેસ્ટ રમ્યો છે જેમાંથી ૨૦૨૪માં ભારત સામે રમીને ટેસ્ટમાં કમબૅક કર્યા પછી તે ત્રણ જ મૅચ રમ્યો છે. છેલ્લી ટેસ્ટ તે જૂનમાં ઑસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં રમ્યો હતો જેમાં તેને પ્રથમ દાવમાં ૪૫ રનમાં એક પણ વિકેટ નહોતી મળી, પણ બીજી ઇનિંગ્સમાં તેણે ૩૮ રનમાં ત્રણ વિકેટ લીધી હતી અને તેના એ ત્રણ શિકારમાં સ્ટીવ સ્મિથ (૧૩), બ્યૂ વેબસ્ટર (૯) અને કૅપ્ટન પૅટ કમિન્સ (૬)નો સમાવેશ હતો. જોકે ઍન્ગિડી બહુ સારી મૅચ-પ્રૅક્ટિસ કરીને આવ્યો છે. ઑક્ટોબર-નવેમ્બરમાં તે પાકિસ્તાનમાં વન-ડે તથા ટી-૨૦ સિરીઝ રમ્યો હતો અને તાજેતરમાં એક ટી-૨૦ સ્પર્ધામાં રમીને ભારત આવ્યો છે.

કોલકાતામાં સ્પિનર્સને વધુ મદદ અપાવતી પિચ પર સાઉથ આફ્રિકાના પેસ બોલર્સે કુલ ૪૦ ઓવરમાં છ વિકેટ લીધી હતી. ■

# વર્કલૉડની સમસ્યાઃ હાર્દિક અને બુમરાહ સાઉથ આફ્રિકા સામેની વન-ડે સિરીઝ કદાચ નહીં રમે

ગુવાહાટીઃ ભારતની સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-સિરીઝ ૨૬મી નવેમ્બરે પૂરી થશે અને ત્યાર બાદ રવિવાર, ૩૦મી નવેમ્બરથી સાઉથ આફ્રિકનો વિરુદ્ધ ત્રણ મૅચની વન-ડે સિરીઝ શરૂ થશે જેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા પીઢ ખેલાડીઓ મોટા ભાગે રમતા જોવા મળશે જ, પરંતુ હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહ એ શ્રેણીમાં કદાચ નહીં હોય એટલે અસંખ્ય ક્રિકેટપ્રેમીઓએ નિરાશ થવાનો સમય આવશે.

એવું મનાય છે કે હાર્દિક અને બુમરાહ વર્કલૉડ મૅનેજમેન્ટના ભાગરૂપે આગામી વન-ડે શ્રેણી કરતાં ત્યાર બાદ રમાનારી સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ સિરીઝમાં રમવા પર બધુ ધ્યાન આપી રહ્યા છે.

હાર્દિકને સપ્ટેમ્બરના એશિયા કપ દરમ્યાન પગમાં ઈજા થઈ હતી જેને લીધે તે પાકિસ્તાન સામેની ફાઇનલ નહોતો રમી શક્યો. ત્યારથી તે મેદાનથી દૂર રહ્યો છે. જોકે ત્યારથી અત્યાર સુધીના બે મહિનાના સમયગાળામાં ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથેની તેની ઘણી સ્ટોરી સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ છે. હાર્દિક હજી પૂરી ૫૦ ઓવરની મૅચ રમવા જેટલો ફિટ નથી થયો. કહેવાય છે કે તે પહેલાં તો સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડા વતી રમીને ફિટનેસ પુરવાર કરવા માગશે. ત્યાર બાદ તે સાઉથ આફ્રિકા અને ન્યૂ ઝીલૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં રમશે. ■

# સુરતની રણજી મૅચમાં ગજબ કિસ્સોઃ બૅટ્સમૅન બે વખત બૅટથી બૉલને અડ્યો એટલે અમ્પાયરે આઉટ આપ્યો

## કાયદામાં કન્ફ્યૂઝન છેઃ ક્રિકેટ નિષ્ણાતો કહે છે કે આઉટ, પણ કાયદો કંઈક જુદું જ કહે છે



સુરતઃ શું કોઈ બૅટ્સમૅન એક બૉલ ફેંકાયા બાદ બૅટથી બે વખત બૉલને ફટકારે (કે અડકી જાય) તો તે આઉટ કહેવાય? સુરતમાં રણજી ટ્રોફી પ્લેટ લીગ મૅચમાં મણિપુરના લામાબમ સિંહને ‘ હિટિંગ ધ બૉલ ટ્વાઇસ’ તરીકે આઉટ જાહેર કર્યો હતો. ક્રિકેટના ઇતિહાસમાં આ રીતે જવલ્લે જ આઉટ આપવામાં આવ્યા છે, પરંતુ અમ્પાયરના આ નિર્ણય પર ચર્ચા જાગી છે જેમાં બૅટ્સમૅન આ રીતે આઉટ ગણાય કે નહીં એના પર ચર્ચા થઈ રહી છે. આ પહેલાં, રણજીમાં ૨૦૦૫માં જમ્મુ-કાશ્મીરના કૅપ્ટન ધ્રુવ મહાજનને ઝારખંડ સામેની મૅચમાં આ જ રીતે આઉટ અપાયો હતો.

મણિપુરનો લામાબમ (૦) ૧૯ બૉલમાં એકેય રન નહોતો કરી શક્યો અને ૨૦મા બૉલમાં ‘ હિટિંગ ધ બૉલ ટ્વાઇસ’ આઉટ અપાયો હતો. બન્યું એવું કે લામાબમ મેઘાલયના આર્યન બોરાના બૉલને ડિફેન્સિવલી રમ્યો ત્યાર બાદ બૉલ સ્ટમ્પ્સ તરફ જઈ રહ્યો હતો એટલે લામાબમે બૅટથી બૉલને સ્ટમ્પ્સમાં જતો રોક્યો હતો.

આ ઘટના નજરે જોનારાનું કહેવું છે કે લામાબમે બીજી વાર બૉલને બૅટ અડાડ્યું એ પાછળનો તેનો એકમાત્ર હેતુ બૉલને સ્ટમ્પ્સમાં જતા રોકવાનો જ હતો અને ક્રિકેટના કાયદા હેઠળ એવું કરવાની છૂટ છે. જોકે અપીલ બાદ અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો અને લામાબમ પૅવિલિયનમાં જતો રહ્યો હતો. ખુદ બૅટ્સમૅન લામાબમે કે તેની ટીમે અમ્પાયરના નિર્ણયનો વિરોધ નહોતો કર્યો.

જોકે સુરતના સ્ટેડિયમમાં હાજર કેટલાક અધિકારીઓનું એવું કહેવું હતું કે લામાબમે જો બૉલને સ્ટમ્પ્સમાં જતા રોકવા પોતાના પૅડનો ઉપયોગ કર્યો હોત તો અમ્પાયરે તેને આઉટ ન આપ્યો હોત. બીજી તરફ, ક્રિકેટના કાયદા ઘડનાર એમસીસીના ગ્રંથમાં ૩૪.૧.૧ નંબરના નિયમમાં લખાયું છે કે ‘ બૉલ ઇન-પ્લે હોય અને બૅટ્સમૅનને જો બૅટથી કે શરીરના કોઈ ભાગથી બીજી વાર બૉલને ટચ કર્યો હોય તો તે આઉટ ગણાય. જોકે બૅટ્સમૅને પોતાની વિકેટને રક્ષણ આપવાના એકમાત્ર હેતુથી બીજી વખત બૉલને બૅટથી ટચ કર્યો હોય તો તે આઉટ ન ગણાય.’ ■

# અન્ડર-૧૯ મેન્સ વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચે લીગ રાઉન્ડમાં ટક્કર નહીં, પણ પછી...

## ૧૬ ટીમના વન-ડે વિશ્વ કપમાં તાન્ઝાનિયાનું ડેબ્યૂ, જાપાનનું કમબૅક

દુબઈઃ આવતા વર્ષે યોજાનારા મેન્સ અન્ડર-૧૯ વર્લ્ડ કપને લઈને મોટી જાહેરાત થઈ છે. ઝિમ્બાબ્વે અને નામિબિયામાં આગામી ૧૫મી જાન્યુઆરીથી છઠ્ઠી ફેબ્રુઆરી દરમ્યાન ટૂર્નામેન્ટ રમાશે એવી જાહેરાત સાથે આઇસીસીએ બુધવારે શેડ્યૂલ જાહેર કર્યું હતું, પરંતુ લીગ રાઉન્ડમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો નહીં થાય એ જાણીને ક્રિકેટપ્રેમીઓને આશ્ચર્ય થયું છે. સામાન્ય રીતે કોઈ પણ બહુરાષ્ટ્રીય ક્રિકેટ સ્પર્ધામાં ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવે છે કે જેથી શરૂઆતથી જ આ ટૂર્નામેન્ટમાં કરોડોની સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ રસ લેતા થઈ જાય. જોકે આગામી અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં બન્ને કટ્ટર દેશને અલગ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે.

કોઈ પણ નાની-મોટી ક્રિકેટ સ્પર્ધાની શરૂઆત પહેલાંથી જ કરોડો ક્રિકેટ ફૅન્સ ભારત-પાકિસ્તાન વચ્ચેની ટક્કરની રાહ જોતા હોય છે, પરંતુ આગામી અન્ડર-૧૯ વિશ્વ કપમાં ભારતને ગ્રૂપ-એમાં અને પાકિસ્તાનને ગ્રૂપ-બીમાં રાખવામાં આવ્યું છે. લીગ રાઉન્ડમાં તો આ બે દેશ વચ્ચે જંગ નહીં ખેલાય. જોકે સમયપત્રક એવું બનાવાયું છે જે મુજબ લીગ પછીના રાઉન્ડમાં ભારત-પાકિસ્તાન સામસામે આવશે એની સંભાવના પાકી છે.

વન-ડે ફૉર્મેટમાં રમાનારા આ વર્લ્ડ કપની ૧૬મી સીઝનમાં કુલ ૧૬ ટીમ ભાગ લેશે જેમાં તાન્ઝાનિયા ડેબ્યૂ કરશે અને જાપાન (૨૦૨૦ની સીઝનમાં રમ્યા બાદ) કમબૅક કરશે. ૨૩ દિવસના આ વર્લ્ડ કપમાં કુલ ૪૧ મૅચ રમાશે. ૧૫મી જાન્યુઆરીએ ભારત અને યુએસએ વિરુદ્ધની મૅચ સાથે વર્લ્ડ કપનો આરંભ થશે. આ મૅચ ઝિમ્બાબ્વેમાં બુલવૅયોમાં રમાશે. પાકિસ્તાનની પ્રથમ મૅચ ૧૬મી જાન્યુઆરીએ ઇંગ્લૅન્ડ સામે રમાશે.

૨૦૨૪ના વર્લ્ડ કપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતનો પરાજય થયો હતો. ત્યારે ભારતની ટીમનો કૅપ્ટન ઉદય સહરાન હતો અને ટીમમાં ખાસ કરીને મુશીર ખાન, અર્શિન કુલકર્ણી, રાજ લિંબાણી, નમન તિવારી, પ્રિયાંશુ મોલિયા વગેરેનો સમાવેશ હતો. ૧૬ ટીમને કુલ ચાર ગ્રૂપમાં ચાર-ચાર ટીમ તરીકે વહેંચવામાં આવી છે. લીગ રાઉન્ડના ચારેય ગ્રૂપની ટોચની ત્રણ-ત્રણ ટીમ સુપર-સિક્સ રાઉન્ડમાં પહોંચશે. આ રાઉન્ડમાં ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો થઈ શકે. સુપર-સિક્સ રાઉન્ડની ટોચની ચાર ટીમ ૩-૪ ફેબ્રુઆરીની સેમિ ફાઇનલમાં પહોંચશે અને એમાં જીતનાર બે ટીમ વચ્ચે છઠ્ઠી ફેબ્રુઆરીએ હરારેમાં ફાઇનલ જંગ ખેલાશે. ■

**કઈ ટીમ કયા ગ્રૂપમાં**

ગ્રૂપ-એઃ ભારત, બાંગ્લાદેશ, યુએસએ, ન્યૂ ઝીલૅન્ડ
ગ્રૂપ-બીઃ પાકિસ્તાન, ઝિમ્બાબ્વે, ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ
ગ્રૂપ-સીઃ ઑસ્ટ્રેલિયા, આયરલૅન્ડ, જાપાન, શ્રીલંકા
ગ્રૂપ-ડીઃ તાન્ઝાનિયા, વેસ્ટ ઇન્ડિઝ, અફઘાનિસ્તાન, દ.આફ્રિકા

**ભારતની લીગ મૅચો ક્યારે અને કોની સામે**

(૧) ૧૫ જાન્યુઆરી, યુએસએ વિરુદ્ધ, બુલવૅયો
(૨) ૧૭ જાન્યુઆરી, બાંગ્લાદેશ વિરુદ્ધ, બુલવૅયો
(૩) ૨૪ જાન્યુઆરી, ન્યૂ ઝીલૅન્ડ વિરુદ્ધ, બુલવૅયો

# હરિયાણાની મુક્કાબાજે ત્રણ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલી બૉક્સરને ૪-૦થી હરાવી

## વર્લ્ડ ચૅમ્પિયન બનવા વર્લ્ડ ચૅમ્પિયનને હરાવવી જ પડે એવું વિચારીને હુઆન્ગ સામે હું લડી અને જીતીઃ પ્રીતિ પવાર



હરિયાણાની પ્રીતિ પવાર (જમણે) અને તાઇપેઇની હુઆન્ગ. (પીટીઆઇ)


ગ્રેટર નોઇડાઃ ઉત્તર પ્રદેશમાં અહીં વર્લ્ડ બૉક્સિંગ કપ ફાઇનલ્સ નામની ચૅમ્પિયનશિપમાં મંગળવારે મોડી રાત્રે ભારતની બાવીસ વર્ષીય મુક્કાબાજ પ્રીતિ પવારે ૫૪ કિલો વર્ગની સેમિ ફાઇનલમાં વર્તમાન વર્લ્ડ ચૅમ્પિયન અને ત્રણ વખત વિશ્વવિજેતા બની ચૂકેલી હુઆન્ગ સિઆઓ-વેનને ૪-૦થી પરાજિત કરીને સૌને ચોંકાવી દીધા હતા.

ટૅલન્ટેડ મુક્કાબાજ પ્રીતિ પવાર હરિયાણાના ભિવાની શહેરની છે. સેમિ ફાઇનલમાં તેનો મુકાબલો ઑલિમ્પિક્સનો મેડલ પણ જીતી ચૂકેલી અને ત્રણ-ત્રણ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનનાર તાઇપેઇની હુઆન્ગ સામે થવાનો છે એની જાણ થતાં જ પ્રીતિએ મનમાં ગાંઠ વાળી લીધી હતી કે હુઆન્ગને ગમે એમ કરીને હરાવી જ દેવી. ખુદ પ્રીતિએ મંગળવારના મુકાબલા પછી કહ્યું હતું કે ‘ હું જાણતી હતી કે હુઆન્ગ વર્લ્ડ ચૅમ્પિયન છે. મેં એવું પણ વિચાર્યું હતું કે વર્લ્ડ ચૅમ્પિયન બનવું હોય તો વર્લ્ડ ચૅમ્પિયનને હરાવવી જ પડે. આવું વિચારીને જ હુઆન્ગ સામે લડવા હું રિંગમાં ઊતરી હતી. મેં ૧૦૦ ટકા તાકાત કામે લગાડીને હોમ-ક્રાઉડ સામે જીતવાનો પણ નિશ્ચય કર્યો હતો અને એમાં હું સફળ થઈ.’

૨૦૨૨ની એશિયન ગેમ્સમાં બ્રૉન્ઝ મેડલ જીતી ચૂકેલી પ્રીતિ ઑલિમ્પિક્સમાં પણ ભાગ લઈ ચૂકી છે. ૨૦૨૩માં તે એશિયન મેડલ જીતી ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને અભિનંદન આપ્યા હતા. ૨૦૨૦ની ટોક્યો ઑલિમ્પિક્સમાં તાઇપેઇની હુઆન્ગ ગોલ્ડ મેડલ જીતી હતી અને તેને પ્રીતિએ મંગળવારે એક પણ પૉઇન્ટ નહોતો લેવા દીધો અને ૪-૦થી જીતી ગઈ હતી.

પ્રીતિ પવારનો જન્મ ૨૦૦૩માં થયો હતો. તેને નાનપણમાં બૉક્સિંગમાં કરીઅર બનાવવાનું જરાય પસંદ નહોતું, પરંતુ સમય જતાં તેનામાં મુક્કાબાજીની ટૅલન્ટ વિકસતી ગઈ અને તેને એમાં કારકિર્દી બનાવવામાં રસ જાગ્યો હતો. તેના મમ્મી-પપ્પાએ તેની ટૅલન્ટ પારખીને તેને બૉક્સર બનવા પૂરો સપોર્ટ આપ્યો હતો. ■

# પુત્ર સાથે ડબલ્સમાં રમવા જાણીતા ટેનિસ પ્લેયરે નિવૃત્તિ પાછી ખેંચી





૧૯૯૭માં ૧૬ વર્ષનો લેટન હ્યુઇટ (ડાબે) અને હાલમાં તેનો ૧૬ વર્ષનો પુત્ર ક્રુઝ હ્યુઇટ.

સિડનીઃ વિમ્બલડન અને યુએસ ઓપનના ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર ટેનિસનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયન ખેલાડી લેટન હ્યુઇટ ૧૬ વર્ષના દીકરા ક્રુઝ હ્યુઇટ સાથે ન્યૂ સાઉથ વેલ્સ ઓપન નામની સ્પર્ધાની ડબલ્સની હરીફાઈમાં જોડીદાર તરીકે રમવા નિવૃત્તિ પાછી ખેંચી રહ્યો છે. લેટન હ્યુઇટે ૨૦૧૬માં સત્તાવાર રીતે રિટાયરમેન્ટ જાહેર કર્યું હતું. લેટન અને તેની ઍક્ટ્રેસ-પત્ની બેક હ્યુઇટને ત્રણ સંતાન છે અને ક્રુઝ એમાંનો એક છે. ક્રુઝ નાનપણમાં મહાન ખેલાડી રોજર ફેડરર સામે એક પ્રોફેશનલ મૅચ બાદ થોડી વાર માટે ટેનિસ રમ્યો હતો. સોશ્યલ મીડિયામાં લેટન હ્યુઇટ ૧૬ વર્ષનો હતો ત્યારે જેવો દેખાતો હતો અને હાલમાં તેનો ૧૬ વર્ષીય દીકરો કેવો દેખાય છે એની સંયુક્ત તસવીર વાઇરલ થઈ છે. ■

# ગિલ ૧૦૦ ટકા ફિટ નથી, પણ બીજી ટેસ્ટમાં રમવા તત્પર છે

ગુવાહાટીઃ શુભમન ગિલ ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝથી કૅપ્ટન બન્યો અને એ શ્રેણી ૨-૨થી ડ્રૉ કરાવીને અનેક લોકોના દિલ જીત્યો ત્યાર પછી ઘરઆંગણે વેસ્ટ ઇન્ડિઝ સામેની સિરીઝમાં ભારત તેના સુકાનમાં ૨-૦થી જીત્યું એટલે ગિલની પ્રતિષ્ઠા વધી ગઈ, પરંતુ સાઉથ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટની ટીમમાં તે હોવા છતાં નહોતો એટલે ભારત પરાજિત થતાં તેની કૅપ્ટન તરીકેની સફળતાને બ્રેક લાગવા માંડી છે.

સાઉથ આફ્રિકાએ ૧-૦થી અપરાજિત સરસાઈ લીધી છે. વાત એવી છે કે શનિવાર, ૨૨મી નવેમ્બરે ગુવાહાટીમાં સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી બીજી અને અંતિમ ટેસ્ટ પહેલાં ગિલ ગરદનની ઈજામાંથી હજી પૂર્ણપણે મુક્ત નથી થયો, પરંતુ તે આ ટેસ્ટમાં રમવા માટે અને ભારતને કેમેય કરીને જિતાડવા આતુર છે.

બીસીસીઆઇએ બુધવારે આપેલા મેડિકલ અપડેટ મુજબ ગિલ ટીમ સાથે ગુવાહાટી આવ્યો છે અને બીસીસીઆઇની મેડિકલ ટીમ તેની સારવારમાં સતત કાર્યરત છે.

ગિલ વિશે ચિંતા એ છે કે તે બીજી ટેસ્ટમાં રમવા માટે ફિટ થઈ જશે તો પણ પાંચેય દિવસ રમીને તેને જો ગરદનમાં દુખાવો ફરી શરૂ થશે તો તેણે કદાચ લાંબો સમય મેદાનથી દૂર રહેવું પડશે. ■

# રણજી ટ્રોફીઃ મુંબઈ, ગુજરાત અને સૌરાષ્ટ્ર જીત્યા, પણ બરોડા હાર્યું

મુંબઈઃ રણજી ટ્રોફીમાં એલીટ કૅટેગરીની વિવિધ મૅચોનાં પરિણામો આવી ગયાં છે જેમાં વાનખેડેમાં મુંબઈએ પુડુચેરી સામે એક દાવ અને ૨૨૨ રનથી વિજય મેળવ્યો હતો. પ્રથમ દાવમાં ૧૭૦ રન કરનાર સિદ્ધેશ લાડને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. મુંબઈએ ઇનિંગ્સથી જીતવા બદલ સાત પૉઇન્ટ મેળવ્યા છે. દેહરાદૂનમાં ઉત્તરાખંડ સામે ગુજરાતે ૧૪૬ રનથી વિજય મેળવ્યો છે અને એને છ પૉઇન્ટ મળ્યા છે. પ્રથમ દાવમાં ૧૦૦ રન અને બીજા દાવમાં ૬૦ રન કરવા બદલ જયમીત પટેલ મૅન ઑફ ધ મૅચ બન્યો છે. રાજકોટમાં સૌરાષ્ટ્રએ ગોવા સામે એક દાવ અને ૪૭ રનથી જીતીને સાત પૉઇન્ટ મેળવ્યા છે. આખી મૅચમાં કુલ નવ વિકેટ લેવા બદલ લેફ્ટ-આર્મ સ્પિનર પાર્થ ભુતને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો છે. જમ્મુમાં જમ્મુ-કાશ્મીરને હૈદરાબાદ સામે ૨૮૧ રનથી જિતાડવામાં અબ્દુલ સામદની મુખ્ય ભૂમિકા રહી હતી, જ્યારે બરોડાનો નાગપુરમાં વિદર્ભ સામે ૧૪૪ રનથી પરાજય થયો છે અને યશ રાઠોડને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો છે. ■

# માત્ર દોઢ લાખની વસતીવાળો દેશ ફિફા વર્લ્ડ કપમાં રમશે, નવો વિશ્વવિક્રમ

ન્યૂ યૉર્કઃ જૂન, ૨૦૨૬માં અમેરિકા, મેક્સિકો, કૅનેડામાં સંયુક્ત રીતે યોજાનારા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં ક્યૂરસાૅ નામના દેશની ટીમ પણ રમવાની છે અને આ દેશ વિશે ખાસ બાબત એ છે કે એની વસતી માત્ર ૧,૫૬,૦૦૦ની છે અને ફિફા વિશ્વ કપમાં રમનાર સૌથી ઓછી વસતીવાળા (સૌથી નાના) દેશ તરીકે એ વિશ્વવિક્રમ રચશે. અગાઉ ક્યારેય આટલી ઓછી વસતી ધરાવતો દેશ ફૂટબૉલના વર્લ્ડ કપમાં નથી રમ્યો. આઇસલૅન્ડનો વિશ્વવિક્રમ એ સાથે તૂટશે. ૨૦૧૮માં રશિયાના વર્લ્ડ કપમાં રમનાર આઇસલૅન્ડની વસતી ૩,૫૦,૦૦૦ હતી. ક્યૂરસાૅ દેશ ટચૂકડો ટાપુ છે અને કૅરિબિયન સમુદ્રમાં વસેલો છે. આ નાનો દેશ નેધરલૅન્ડ્સના તાબા હેઠળ છે. ■

# વર્લ્ડ બૉક્સિંગમાં ભારતના ૧૫ મુક્કાબાજો ગોલ્ડ મેડલની રેસમાં

નોઈડાઃ ઉત્તર પ્રદેશના નોઇડામાં ભારતની બે વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલી નિખત ઝરીન (૫૧ કિલો વર્ગ) તેમ જ જૈસમીન લમ્બોરિયા સહિત બીજા ચાર બૉક્સર વર્લ્ડ બૉક્સિંગ કપ ફાઇનલ્સ નામની સ્પર્ધાની પોતપોતાના વર્ગની સેમિ ફાઇનલમાં જીતીને ફાઇનલમાં પહોંચ્યા છે.

ખરેખર તો વિવિધ કૅટેગરીમાં કુલ મળીને ૧૫ ભારતીય બૉક્સર ગોલ્ડ મેડલ માટેની રેસમાં છે અને આવું પહેલી જ વાર બની રહ્યું છે. એમાં સચિન સિવાચ (૬૦ કિલો વર્ગ), હિતેશ ગુલિયા (૭૦ કિલો) વગેરેનો સમાવેશ છે. મંગળવારે ભારતના આઠ મુક્કાબાજો સેમિફાઈનલ જીતી ગયા હતાં. ■



**ડેલ સ્ટેન કોલકાતાના મંદિરમાંઃ** પત્ની જૅન કિટ્ઝમૅન સાથે કોલકાતામાં દક્ષિણેશ્વર કાલી ટેમ્પલની મુલાકાતે આવેલો સાઉથ આફ્રિકનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેલ સ્ટેન. (પીટીઆઇ)

# રવિવારે ભારત-પાક મુકાબલાની સંભાવના, બીજી એશિયન ટ્રોફીનો પણ વિવાદ થઈ શકે

દોહાઃ સપ્ટેમ્બરના એશિયા કપની ટ્રોફીના વિવાદનો હજી ઉકેલ આવ્યો નથી ત્યાં હવે બીજી એશિયા કપ ટૂર્નામેન્ટની ટ્રોફીનો વિવાદ જાગી શકે એમ છે. કતારના પાટનગર દોહામાં એશિયા કપ રાઈઝીંગ સ્ટાર્સ નામની ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં ઇન્ડિયા-એ અને પાકિસ્તાન શાહીન્સ પહોંચી ગયા છે. જોકે આ બે ટીમ વચ્ચે ફાઈનલ રમાવાની સંભાવના છે એટલે આ ફાઇનલમાં પણ જો ભારત જીતશે તો એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ મોહસિન નક્વીના હાથે ફરી એક વાર ટ્રોફી ન સ્વીકારવાનો વિવાદ જાગી શકે.

ઇન્ડિયા-એ ટીમે મંગળવારે ઓમાનને ૬ વિકેટે હરાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

મંગળવારે ઓમાને ઇન્ડિયા-એ સામે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૫ રન કર્યા હતા. એમાં વાસીમ અલીના ૫૪ રન હાઈએસ્ટ હતા. ઇન્ડિયા-એના સ્પિનર સુયશ શર્માએ ૧૨ રનમાં બે વિકેટ અને પેસ બોલર ગુર્જપનીત સિંહે ૩૭ રનમાં બે વિકેટ લીધી હતી.

જિતેશ શર્માની કૅપ્ટન્સીમાં ઇન્ડિયા-એ ટીમે ૧૭.૫ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૩૮ રન કરીને વિજય મેળવી લીધો હતો. હર્ષ દુબે ૫૩ રન કરીને અણનમ રહ્યો હતો. ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી ફક્ત ૧૨ રન કરીને આઉટ થઈ ગયો હતો, જ્યારે નમન ધીરે ૩૦ રનનું યોગદાન આપ્યું હતું. ભારતની જીતમાં નેહલ વઢેરાનો પણ ૨૩ રનનો ફાળો હતો. ■

# આઈટી શેરોની આગેવાનીએ સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો; નિફ્ટી ૨૬,૦૫૦થી ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારત અને અમેરિકા વચ્ચે સાનુકૂળ વેપાર સોદો થવાની વધતી આશા અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો દ્વારા એકધારી લેવાલીના ટેકાને કારણે આઇટી શેરોની આગેવાનીએ શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો. બુધવારે સ્થાનિક ઇક્વિટી બજારોમાં પ્રભાવશાળી રિકવરી જોવા મળી. અસ્થિર શરૂઆત પછી, આઇટી હેવીવેઇટ અને પસંદગીના લાર્જકેપ શેરોની મજબૂત ખરીદીને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો આવતા બજાર નીચા મથાળેથી પાછું ફર્યું હતું.

સેન્સેક્સ તેના ઇન્ટ્રાડે નીચા સ્તરથી ૭૦૦થી વધુ પોઈન્ટ પાછા મેળવીને ૮૫,૨૩૬.૭૭ની સુધી ઊંચે જઇને અંતે ૫૧૩.૪૫ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકાના વધારા સાથે ૮૫,૧૮૬.૪૭ પર બંધ થયો, જ્યારે નિફ્ટી પણ ૧૪૨.૬૦ પોઈન્ટ (૦.૫૫ ટકા) વધીને ૨૬,૦૫૨.૬૫ પર બંધ થયો. નિફ્ટીના પ્રારંભિક ઘટાડા બાદ, ૨૫,૮૫૦ સપોર્ટ ઝોન તરફથી મજબૂત ખરીદીનો રસ જોવા મળ્યો હતો, તે સમયે, તેજીવાળા શેરોએ બજારની ગતિવિધિ પર પ્રભુત્વ જમાવ્યું અને જેનાથી ઇન્ડેક્સને પ્રારંભિક નુકસાની પચાવવામાં અને તેના મુખ્ય પ્રતિકાર સ્તરોનું પરીક્ષણ કરવામાં મદદ મળી હતી, એમ એક ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું.

સેન્સેક્સના ઘટકોમાં, ટોચના ગેઇનર્સમાં એચસીએલ ટેક, ઇન્ફોસિસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા અને અન્ય આઇટી કેન્દ્રિત કાઉન્ટર્સનો સમાવેશ થાય છે, જેમાં હિન્દુસ્તાન યુનિલિવર, સન ફાર્મા, ટાઇટન, આઇસીઆઇસીઆઇ બેંક, એસબીઆઇ, બીઇએલ, ટાટા સ્ટીલ, મહિન્દ્રા અને મહિન્દ્રા તથા એલએન્ડટીનો સમાવેશ થાય છે. ટોપ લુઝર્સ શેરોમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, મારુતિ સુઝુકી, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ અને આઇટીસીનો સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં નક્કર લિસ્ટિંગ પછી ટેનેકો ક્લીન એરના શેર ડેબ્યૂ ટ્રેડમાં પાંચ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. આ શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૨૭ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. આ અગાઉ ફિઝિક્સવાલા શેર મંગળવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૩૩ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. જ્યારે એમવી ફોટોવોલ્ટેક પાવર લિમિટેડનો શેર મંગળવારે તેના રૂ.૨૧૭ના ઇશ્યૂ ભાવે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટેડ થયા હતા. એક્સેલસોફ્ટનો રૂ. ૫૦૦ કરોડનો આઇપીઓ બુધવારે પહેલા દિવસે ૧.૪૫ ગણો ભરાયો હતો. કેપીલરીનો આઇપીઓ મંગળવારે ત્રીજા અંતિમ દિવસે ૫૨.૯૫ ગણો ભરાયો હતો. સુદીપ ફાર્માનો રૂ.૮૯૫.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ નવેમ્બરના રોજ બંધ થશે.



ઇન્ફોસિસે ગુરુવારે તેની સૌથી મોટી રૂ.૧૮૦૦૦ કરોડની બાયબેક સ્કીમ ઓપન થવાની જાહેરાત કર્યા બાદ તેના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. સુપ્રીમ કોર્ટે સીબીઆઈને તપાસમાં એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપતાં સન્માન કેપિટલના શેરમાં ૧૪ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. એપલ ઇન્ડિયા નાણાકીય વર્ષ ૨૦૨૫ના પરિણામમાં ૧૬ ટકાના વધારા સાથે રૂ. ૩૧૯૬ કરોડનો નફો અને રૂ. ૭૯,૩૭૮ કરોડની આવક નોંધાવી છે.

કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડને મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ તરફથી પ્રધાન મંત્રી કુસુમ બી યોજના હેઠળ ૩૦૦ સ્ટેન્ડઅલોન ઓફગ્રીડ ડીસી સોલાર ફોટોવોલ્ટેઇક વોટર પમ્પિંગ સિસ્ટમ્સના સપ્લાય માટે ઓર્ડર મળ્યો છે. માંગેલ ત્યાલા સૌર કૃષિ પંપ યોજના હેઠળનો આ ઓર્ડર રૂ. ૮.૧૭ કરોડનો છે. મેસી ફ્રેન્કફર્ટ દ્વારા બીઇસી ખાતે ૨૧ નવેમ્બર સુધી આયોજિત ટેકટેક્સટીલ ઇન્ડિયા ૨૦૨૫માં ૨૧૫ એક્ઝિબિટર્સ ૧૨ એપ્લીકેશન આધારિત અને ૩૦૦ બ્રાન્ડ પ્રદર્શિત કરશે.

ગોદરેજ એન્ટરપ્રાઇઝ ગ્રુપના બિઝનેસ આર્મ, લોક્સ એન્ડ આર્કિટેક્ચરલ સોલ્યુશન્સે નવમા વર્ષમાં પ્રવેશ સાથે અદ્યતન નીઓ ડિજિટલ લોક્સ રેન્જ બજારમાં મૂકી છે. ગોદરેજ જૂથ અનુસાર યાંત્રિક તાળાઓ કરતાં ઘણા સુરક્ષિત ડિજિટલ તાળાઓમાં વૃદ્ધિ દર ઝડપી છે અને જૂથ માને છે કે આ બજારનું કદ ત્રણ વર્ષમાં બમણું થઈ જશે. નવા યુગના ગ્રાહકો માટે રૂ.૮,૯૯૯ થી શરૂ થતી નીઓ ડિજિટલ તાળાઓની નવી શ્રેણીમાં બિલ્ટ-ઇન વિડીયો ડોર ફોન, વાઇ-ફાઇ અને બ્લૂટૂથ કનેક્ટિવિટી, મલ્ટીપલ એક્સેસ મોડ્સ, એન્ટીથેફ્ટ એલાર્મ્સ અને ઇમરજન્સી પાવર બેકઅપ જેવી સુવિધા છે.

ક્ષેત્રીય ધોરણે, ગતિ વ્યાપક હતી, નિફ્ટી આઇટીમાં ૧,૦૬૯ પોઈન્ટ (૨.૯૭ ટકા)નો ઉછાળો જોવા મળ્યો હતો, જેણે બજારને તેજી તરફ તાણ્યું હતું.. નિફ્ટી ઓટો ૬૬ પોઈન્ટ (૦.૨૪ ટકા), નિફ્ટી બેંક ૩૧૬ પોઈન્ટ (૦.૫૪ ટકા) અને નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસીસ ૯૬ પોઈન્ટ (૦.૩૫ ટકા) ઊંચક્યો હતો. જોકે, વ્યાપક બજારમાં મિશ્ર વલણ રહ્યુ હતું. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧૨૭ પોઈન્ટ (૦.૨૧ ટકા) જેટલો વધ્યો હતો અને નિફ્ટી ૧૦૦ ઇન્ડેક્સ ૧૨૧ પોઈન્ટ (૦.૪૬ ટકા) વધ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ પ્રોફિટ-બુકિંગ વચ્ચે ૭૮ પોઈન્ટ (૦.૪૩ ટકા) જેટલો લપસ્યો હતો. એકંદરે, બુધવારના સત્રમાં મજબૂત ઇન્ટ્રાડે સ્થિતિસ્થાપકતા જોવા મળી હતી, જેમાં આઇટી શેરોએ બજારના પોઝિટીવ ઝોન તરફના વેગ માટે ઇંધણ પુરુ પાડ્યું હતું.

વિશ્લેષકોએ કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલના પ્રોત્સાહક સંકેતોને પગલે, સંભવિત ભારત-યુએસ વેપાર સોદાને લગતા નવા આશાવાદને કારણે મજબૂત સુધારાનું કારણ આપ્યું છે. સકારાત્મક સેન્ટિમેન્ટ વચ્ચે રોકાણકારોના વિશ્વાસમાં, ખાસ કરીને વૈશ્વિક વેપાર સંવાદિતાથી લાભ મેળવતા આઇટી શેરો માટે વધારો થયો હતો. ગોયલે મંગળવારે કહ્યું હતું કે, એકવાર વાજબી, સમાન અને સંતુલિત સોદો થઇ જાય એટલે અમેરિકા સાથે ભારતના પ્રસ્તાવિત ટ્રેડ પેક્ટ અંગે તમે સારા સમાચાર સાંભળશો.

બજાર વ્યાપકપણે હકારાત્મક ટોન દર્શાવે છે, જેમાં ઘણા મુખ્ય ક્ષેત્રો સ્થિર લાભ દર્શાવે છે અને ફક્ત થોડા ક્ષેત્રોમાં થોડો ઘટાડો થયો છે. ટેકનોલોજી મજબૂત ગતિ સાથે ઉપસી આવે છે, જે એકંદર સેન્ટિમેન્ટને સુધારવામાં મદદ કરે છે. ફાઇનાન્શિયલ, હેલ્થકેર અને કન્ઝ્યુમર સેન્ટ્રિક સેગમેન્ટ્સ સહાયક તાકાત ઉમેરે છે, જ્યારે પસંદગીના સાઇક્લિકલ પોકેટ્સમાં નબળાઈ મર્યાદિત અને સ્થિર રહી છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ થોડો વધ્યો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪૦ ટકા ઘટ્યો હતો.

દરમિયાન, ઓક્ટોબરમાં ભારતની નિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાથી વેપાર ખાધ વધીને ૪૧.૬૮ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ ઓક્ટોબરમાં ભારતની નિકાસ ૧૧.૮ ટકા ઘટીને ૩૪.૩૮ અબજ ડોલર થઈ છે, જ્યારે આયાત ૧૬.૬૩ ટકા વધીને ૭૬.૦૬ અબજ ડોલર નોંધાઈ છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે અહીં અહેવાલોને જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં દેશની યુનાઇટેડ સ્ટેટ્સમાં નિકાસ ઘટીને ૬.૩ અબજ ડોલર થઈ છે જે ગયા વર્ષના સમાન મહિનામાં ૬.૯ અબજ ડોલર નોંધાઈ હતી. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ઓક્ટોબર દરમિયાન, નિકાસ ૦.૬૩ ટકા વધીને ૨૫૪.૨૫ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે. તે જ સમયે, આયાત ૬.૩૭ ટકા વધીને ૪૫૧.૦૮ અબજ ડોલર થઈ છે.

## માર્કેટ કેપમાં ₹૧.૧૨ લાખ કરોડની વૃદ્ધિ

મુંબઇઃ આઈટી અને ટેક શેરો સર્વાધિક વધ્યા અને એનર્જી અને ઓઈલ એન્ડ ગેસ શેરો ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૧.૧૨ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૪ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૯ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૨ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૦ ટકા વધ્યો હતો.

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૪,૬૭૩.૦૨ના બંધથી ૫૧૩.૪૫ પોઈન્ટ્સ (૦.૬૧ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૪,૬૪૩.૭૮ ખૂલી નીચામાં ૮૪,૫૨૫.૯૮ સુધી અને ઊંચામાં ૮૫,૨૩૬.૭૭ સુધી જઈ ૮૫,૧૮૬.૪૭ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૪.૬૨ લાખ કરોડથી રૂ.૧.૧૨ લાખ કરોડ વધીને રૂ.૪૭૫.૭૪ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૩.૦૮ ટકા, આઈટી ૨.૯૨ ટકા, ટેક ૨.૨૧ ટકા, બેન્કેક્સ ૦.૫૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૬ ટકા, હેલ્થકેર ૦.૨૫ ટકા, ઓટો ૦.૨૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૨ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૦.૧૯ ટકા, એફએમસીજી ૦.૧૨ ટકા મેટલ ૦.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે એનર્જી ૦.૪૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૩૮ ટકા, રિયલ્ટી ૦.૩૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૩ ટકા, પાવર ૦.૨૭ ટકા અને કેપિટલ ગુડ્સ ૦.૨ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૪૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૮૪૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૩૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૨૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૦૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૯ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એચસીએલ ટેક્નોલોજી ૪.૩૨ ટકા, ઈન્ફોસિસ ૩.૭૪ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૯૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૫૪ ટકા, સન ફાર્મા ૧.૩૯ ટકા, ટાઈટન ૧.૨૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૦૨ ટકા, ટેક મહિન્દ્ર ૦.૮૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૮૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૭૧ ટકા, કોટક બેન્ક ૦.૭૦ ટકા અને બીઈએલ ૦.૬૧ ટકા વધ્યા હતા, જ્યારે ટાટા મોટર પેસેન્જર ૨.૭૯ ટકા, મારુતિ ૧.૨૮ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૮૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૬૭ ટકા, એશિયન પેઈન્ટ ૦.૬૬ ટકા,, એનટીપીસી ૦.૫૮ ટકા અને આઈટીસી ૦.૫૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૨.૬૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૨૦૦ સોદામાં ૧,૩૬૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૩,૦૧,૦૦૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૧,૫૮,૯૫,૭૬૨.૫૫ કરોડનું રહ્યું હતું.

## ફેડરલની મિનિટ્સની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનામાં એક ટકાનો ઉછાળો
## સ્થાનિક સોનામાં ₹ ૧૭૦૪નો અને ચાંદીમાં ₹ ૪૪૧૪નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની ગત ઑક્ટોબર મહિનાની નીતિવિષયક બેઠકની મિનિટ્સની જાહેરાત અને આવતીકાલે નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોના અને ચાંદીમાં ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં ભાવ અનુક્રમે ૧.૧ ટકા અને ૩.૧ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૯૭થી ૧૭૦૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૪૧૪નો ચમકારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૪૧૪ના ઉછાળા સાથે રૂ. ૧,૫૮,૧૨૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ હાજર



સોનામાં પણ તેજીનો કરંટ જોવા મળ્યો હતો અને વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૯૭ વધીને રૂ. ૧,૨૩,૩૮૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૦૪ વધીને રૂ. ૧,૨૩,૮૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં તેજીનું વલણ રહેતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદક તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૧૧૨.૫૦ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૧.૧ ટકા વધીને ૪૧૧૨.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૧ ટકા વધીને ઔંસદીઠ ૫૨.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.


એકંદરે ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મનોવૈજ્ઞાનિક સપાટીએથી રિબાઉન્ડ જોવા મળ્યા બાદ આજે સાવચેતીના માનસ વચ્ચે પણ ભાવમાં ચમકારો જોવા મળ્યો હોવાનું એફએક્સટીએમના વિશ્લેષક લુકમાન ઑટુન્ગાએ જણાવતાં ઉમેર્યું હતું કે રોકાણકારો આજે મોડી સાંજે જાહેર થનારી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સની અને આવતીકાલે જાહેર થનારા સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની રાહ જોઈ રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં અર્થશાસ્ત્રીઓએ સપ્ટેમ્બર મહિનામાં નોન ફાર્મ પૅ રૉલ ડેટામાં ૫૦,૦૦૦ રોજગારનો ઉમેરો થવાનો અંદાજ મૂક્યો હતો. તેમ જ રોજગારીના ડેટાની જાહેરાત પશ્ચાત્ સોનાના ભાવ ઔંસદીઠ ૪૧૩૦થી ૪૨૦૦ ડૉલર આસપાસ જોવા મળે તેવી ધારણા મૂકવામાં આવી રહી છે. તેમ છતાં જો ડેટા અપેક્ષા કરતાં વધુ સારા આવ્યા તો ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ અખત્યાર કરે તેવી શક્યતા પ્રબળ બનતાં સોનાના ભાવમાં પીછેહઠ જોવા મળી શકે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૪૬ ટકા શક્યતા જોઈ રહ્યા છે.

## ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો જોવા મળ્યો હોવાના અહેવાલ અને અમેરિકા સાથે ટૂંક સમયમાં ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાના સુધારા સાથે ૮૮.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.



બજારનાં સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૬૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૫૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૫૯ અને ઉપરમાં ૮૮.૪૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસા વધીને ૮૮.૫૬ના મથાળે બંધ રહ્યો હતો.

હાલમાં અમેરિકા સાથેની ટ્રેડ ડીલના આશાવાદ અને વૈશ્વિક બજારમાં સુધારાતરફી વલણના નિર્દેશો સાથે ડૉલર સામે સુધારાતરફી વલણ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે શક્યતઃ ડૉલરમાં આયાતકારોની લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે. તેમ છતાં અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૮.૨૫થી ૮૮.૭૦ની રહે તેમ જણાય છે.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૧૩.૪૫ પૉઈન્ટનો અને ૧૪૨.૬૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૪.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારની ઈક્વિટીમાં રૂ. ૭૨૮.૮૨ કરોડની ચોખ્ખી વેચવાલીના તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૮ ટકા વધીને ૯૯.૬૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધાતુના અગ્રણી વપરાશકાર દેશ ચીનની આર્થિક ડેટા નબળા આવતા ગઈકાલે વૈશ્વિક બજારમાં ધાતુનાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૫નું અને રૂ. ૧૦નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. વધુમાં ટીન અને નિકલની આગેવાની હેઠળ કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ તથા ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગે એલ્યુમિનિયમ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પંચાવન વધીને રૂ. ૩૩૭૩ અને રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૧૫ના મથાળે રહ્યા હતા. વધુમાં ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ પાંચ વધીને રૂ. ૧૦૨૧, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૪૦, રૂ. ૯૦૬ અને રૂ. ૩૧૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૬૫૦ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૯૨૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૮૮ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૨૧૬ અને રૂ. ૨૬૯ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૫૨ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હતા.

## મથકોથી વિપરીત ખાંડમાં આગળ ધપતી પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦નો સુધારો આવ્યો હતો અને વેપાર રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ, રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા મથકોથી વિપરીત હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ રહેતાં ભાવ નીચલા મથાળેથી વધુ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૮૮૬થી ૩૯૬૨ આસપાસ રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહી હતી.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આયાતી તેલમાં ₹ ૧૦થી ૨૦ વધ્યા, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૭ રિંગિટ વધી આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૦૩ સેન્ટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ખાસ કરીને આયાતી તેલમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ અને આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે દેશી તેલમાં મથકો પાછળ એકમાત્ર સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જ્યારે અન્ય દેશી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, જીવનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૧, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦થી ૧૨૬૫ તથા રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ બજારમાં સુધારાતરફી વલણ જોવા મળતા વેપારો પણ ગોઠવાયા હતા.

દરમિયાન આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૩૫,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૭૫,૦૦૦ ગૂણી મળી કુલ ૧.૧૦ લાખ ગૂણીની આવક હતી, જ્યારે રાજકોટમાં શેષ ૧૭ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૩.૮૦ લાખ ગૂણી સોયાબીનની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૭૫થી ૪૭૭૫માં થયાના અહેવાલ હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૪૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ગાંધીધામ નજીક એલ.સી.બી અને સ્થાનિક પોલીસે ૩૭.૨૧ લાખના શરાબના જથ્થાને ઝડપી પાડ્યો

## આરોપી બુટલેગર અને તેનો સાગરીત પોલીસ પાર્ટીને ચકમો આપીને ફરાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છમાંથી માદક દ્રવ્યો પકડાવવાનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહેતો હોય તેમ ગાંધીધામ-કંડલા નજીકના ભારાપર ગામના પાદરેથી ગાંધીધામ પોલીસ અને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ રાત્રી દરમ્યાન બે ઓપરેશન પાર પાડીને ૩૭.૨૧ લાખના શરાબ-બિયરના જથ્થાને પકડી પાડ્યો હતો, અલબત્ત કુખ્યાત બુટલેગર અને તેનો સાગરીત પોલીસ પાર્ટીને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હતા.

કાર્યવાહી અંગે એલસીબીના પી.આઈ એન.એન ચુડાસમાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીધામ શહેરના ગણેશ નગર વિસ્તારમાં રહેતા ધીરજ પ્રેમજી ઘેડા નામના શખસે ભારાપર ગામના સીમાડે શરાબ-બિયરનો જથ્થો ઉતાર્યો હોવા અંગે મળેલા ઈન્પુટના આધારે મધરાત્રે પૂર્વ કચ્છ એલસીબીએ દરોડો પાડ્યો હતો. આ વેળાએ પોલીસ પાર્ટીને આવતી જોઈને આરોપી અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો. આ સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડના શરાબ-બિયરની ૪૩ જેટલી પેટી મળી કુલ ૨૨.૩૯ લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કરી કંડલા મરીન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ, એલસીબીની આ કાર્યવાહી અંધારાનો લાભ લઈને ભાગી છૂટેલો ધીરજ અને તેનો સાગરીત બે કારમાં શરાબની પેટીઓ લઈને ભારાપરથી કંડલા ઝોન તરફ આવી રહ્યા હોવાની બાતમીના આધારે ગાંધીધામ બી ડિવિઝન પોલીસે વોચ ગોઠવી હતી.

પોલીસને જોઈ સ્વિફ્ટ કાર હંકારી રહેલો ધીરજ ઘેડા કારને રોડની સાઈડમાં નીચે ઉતારી અંધારામાં બાવળની ઝાડીઓમાં સતત બીજી વખત ચકમો આપીને નાસી છૂટ્યો હતો, જયારે પાછળ ઈનોવા કારમાં આવી રહેલો ધીરજનો સાગરીત પણ કારને પડતી મૂકીને અંધારામાં ઓઝલ થઈ ગયો હતો.

પોલીસે કારમાંથી વ્હિસ્કીની ૩૦ પેટી અને બીજી કારમાંથી વ્હિસ્કીની ૬૫ પેટી મળી કુલ ૧૪.૮૨ લાખ રૂપિયાનો શરાબ જપ્ત કર્યો હતો. દારૂ ઉપરાંત ૩-૩ લાખની કિંમતની બંને કાર જપ્ત કરી ધીરજ ઘેડા અને તેના અજાણ્યા સાગરીત વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ■



અમિત શાહ તેમજ નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ૨૦ નવેમ્બર ૨૦૨૫ ગુરુવારે ભાવનગરની ધરતી પર પધારી રહ્યા છે ત્યારે તેમના અભિવાદન સમારોહ સ્થળ પર વ્યવસ્થાપન અને આગમનની તૈયારી માટે પરષોત્તમ સોલંકીએ ભાવનગરના મીરાં કુંજ ખાતે આગેવાનો-કાર્યકરો સાથે ખાસ મીટિંગ યોજી હતી. તેમણે આગેવાનો અને કાર્યકરોને અભિવાદન સમારોહ હાજર રહેવા હાકલ કરી હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# કપરો રણમાર્ગ પગપાળા પાર કરીને કચ્છ ભાગી આવેલા પાકિસ્તાની પ્રેમી યુગલ વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: ભારત-પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલી 'કોલ્ડ વોર'ની ગંભીર પરિસ્થિતિ વચ્ચે ગત ૮મી ઓક્ટોબરના રોજ પાકિસ્તાનના થરપારકર જિલ્લામાંથી અત્યંત સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય સરહદનો કપરો રણમાર્ગ પગપાળા ઓળંગીને કચ્છના વાગડના ખડીર પંથકના રતનપર ગામમાં કથિત રીતે શરણ માટે આવી ચડેલાં બે પ્રેમીઓ વિરુદ્ધ ખડીર પોલીસ મથકમાં ઘૂસણખોરી સબબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

આ અંગે ખડીરના પી.આઈ એમ.એન દવેએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, રતનપર ગામના પાદરે આવેલા સાંગવારી માતાજીના મંદિર પાસે શંકાસ્પદ દેખાતાં યુગલને જાગૃત ગ્રામજનોએ રોક્યા હતા અને તેમની પૂછપરછ શરૂ કરી હતી જેમાં સ્થાનિક ભાષાને બદલે તેઓ સિંધી ભાષામાં વાત કરતા હોઈ, પોલીસને જાણકારી આપી હતી.

પોલીસે તેમની પૂછપરછ હાથ ધરતાં તોતો ઉર્ફે તારા આમળ ચૂડી (ભીલ) અને મીના ઉર્ફે પૂજા કરશન ચૂડી (ભીલ) પાકિસ્તાનના થરપાકર જિલ્લાના ઇસ્લામકોટના બસરી ગામના રહેવાસીઓ હોવાનું બહાર આવ્યું હતું. આ બંને એક બીજાને પ્રેમ કરતા હોવાનું અને અને તેમનો આ સંબંધ પરિવારજનોને મંજૂર ન હોઈ, તેઓ ઘરેથી ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

તરુણીએ પાકિસ્તાનમાં આત્મહત્યા કરવાની કોશિશ કરી હતી, પરંતુ તેના પ્રેમીએ તેને બચાવી લીધી હતી. પી.આઈ એમ. એન. દવેએ વધુમાં જણાવ્યું કે, તેમના પરિવાર તેમના પ્રેમ સંબંધનો સ્વીકાર કરવા રાજી ન હોવાથી પાકિસ્તાનમાં મરવા કરતાં ભારતમાં શરણ મેળવવાનો પ્રયાસ કરવો અને જો તે દરમિયાન મૃત્યુ મળે તો તેને મંજૂર રાખવું એવો નિર્ણય લઈને નીકળી પડેલાં સોળેક વર્ષનાં આ તરુણ-તરુણી, જેને પાર કરવું ખૂબ મુશ્કેલ ગણાય છે તે કચ્છનું મોટું રણ વીંધી સહીસલામત રીતે કચ્છ પહોંચી આવ્યાં હતાં.

બંનેની ઉમર જાણવા માટે તબીબી પરીક્ષણ કરાવાતાં નોનો ૨૦ અને મીના ૧૮થી ૨૦ વર્ષની હોવાનું બહાર આવ્યું હતું. અત્યારસુધીની તપાસમાં આ બંને પુખ્ત વયના પ્રેમીઓ પાસેથી કાંઈ શંકાસ્પદ મળ્યું નહોતું. તેમની ભુજ ખાતેના સંયુક્ત પૂછપરછ કેન્દ્રમાં વિવિધ સુરક્ષા એજન્સીઓએ ઊલટ તપાસ હાથ ધરી હતી, જેમાં પણ તેમણે પ્રેમની વાત જ કરી હતી. આ બંનેના એફ.એસ.એલ. (બ્રેઈન મેપિંગ તથા પોલિગ્રાફ) કરાવવા ખડીર પોલીસે તપાસ હાથ ધરી છે અને હાલ પાસપોર્ટ અધિનિયમની કલમો તળે ગુનો નોંધાયો છે. ■

# ભાવનગરમાં ગૃહપ્રધાન અમિતભાઈ શાહના કાર્યક્રમને અનુલક્ષીને શહેરના કેટલાંક સ્થળ/વિસ્તારને 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કરાયા

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તા.૨૦/૧૧/૨૦૨૫ના રોજ ભાવનગર એરપોર્ટ ખાતે આવી શ્રી કમલમ ભાજપ કાર્યાલય, નાની ખોડિયાર પાસે તેમજ નારી ચોકડી પાસે જાહેર સભા સ્થળ ખાતેનાં કાર્યક્રમમાં પધારનાર છે. ગૃહપ્રધાન ઝેડ પ્લસ સી. આર. પી. એફ પ્રોટેક્ટી મુજબનું સુરક્ષા કવચ ધરાવે છે. ભાવનગર જિલ્લો લાંબો દરિયા કિનારો ધરાવે છે. જેથી અમિત શાહના ભાવનગર જિલ્લાના સમગ્ર પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન તેઓની સુરક્ષા અને સલામતીને ધ્યાને લઇ, પ્રવાસ રૂટ ઉપર તથા અન્ય જરૂરી સ્થળ ખાતે નો ડ્રોન તથા અન્ય યુએવી (અનઆર્મેડ એરિયલ વ્હિકલ)નો ફલાય ઝોન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાની જરૂર જણાતાં ભાવનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન. ડી. ગોવાણીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) હેઠળ મળેલ અધિકારની રુએ ભાવનગરમાં આગામી તા.૨૦/૧૧/૨૦૨૫ ના કલાક ૦૮/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી નીચે જણાવેલ સ્થળ/વિસ્તારને નો ડ્રોન તથા અન્ય યુએવીનો ફલાય ઝોન જાહેર કર્યો છે.

જેમાં ભાવનગર એરપોર્ટ તથા તેની આસપાસનો ૧ કિ.મી.નો એરીયા, શ્રી કમલમ ભાજપ કાર્યાલય, નાની ખોડિયાર અને તેની આસપાસનો ૧ કિ.મી.નો એરીયા, નારી ચોકડી પાસે જાહેર સભા સ્થળ અને તેની આસપાસનો ૧ કિ.મી.નો એરીયા, કોન્વોય રૂઢ ભાવનગર એસ્પોર્ટ રૂવા ગામ- બાલા હનુમાન ત્રણ રસ્તા- નેચરલ પાર્ક- સુભાષનગર ચોક- લાલ બહાદુરશાસ્ત્રી સર્કલ મહિલા કોલેજ- આંબાવાડી સર્કલ-ઘોઘા સર્કલ- રૂપાણી સર્કલ- આતાભાઇ ચોક- સેન્ટ્રલ સોલ્ટ ત્રણ રસ્તા- કાળીયાબીડ પાણીની ટાંકી- જવેલ્સ સર્કલ- આર.ટી.ઓ. સર્કલ- દેસાઇનગર- ચિત્રા મસ્તરામ મંદિર- માર્કેટીંગ યાર્ડ- નારી ચોકડી- સભા સ્થળ તથા તેની આસપાસનો ૧ કિ.મી.નો એરીયા ને નો ફલાય ઝોન જાહેર કરેલ છે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે. જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલનાં પગલાં લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીને અધિકાર રહેશે. ■

# કચ્છમાં તસ્કરોનો રંજાડ જારીઃ ભુજમાં ધોળા દિવસે બંધ ઘરમાંથી ₹ ૧.૮૦ લાખની મતાની ચોરી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છમાં પડી રહેલી હાડ થીજાવતી ઠંડીને લઈને લદાઈ જતી સ્વયંભૂ સંચારબંધી વચ્ચે હાઇપર એક્ટિવ થયેલા તસ્કરોની રંજાડ જારી રહ્યા હોય તેમ ભુજ શહેરના ખારીનદી માર્ગ પરની સર્વોદય નગર નામના રહેણાક વિસ્તારમાં ધોળા દિવસે ત્રાટકેલા તસ્કરો એક બંધ ઘરમાંથી ૧.૮૦ લાખની મતાની ચોરી કરી જતાં આસપાસના રહેવાસીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો.

આ ઘરફોડ અંગે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે મૂળ દિલ્હીના હાલે સર્વોદય નગર રહેતા ગીતાબેન સફલરાયે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૧૬-૧૧ના સવારે ૧૧.૩૦ વાગ્યાના સુમારે ઘરને તાળું મારીને નિત્યકર્મ મુજબ નોકરી અર્થે બહાર ગયા હતા. તેઓ સાંજે સાતેક વાગ્યે પરત આવતાં ઘરનું તાળું તૂટેલું અને સામાન વેર-વિખેર જોવા મળ્યો હતો. અંદર જઈને તપાસ કરતાં કબાટના ખાનામાંથી સોનાના મંગળસૂત્રના બે પેંડલ, ચેન તેમજ અન્ય બે પેંડલ તથા બે વીંટી, બે જોડી સોનાની બુટ્ટી એમ કુલ ૧.૨૦ લાખના સોનાના દાગીના તથા ચાંદીના બે જોડી પાયલ, વાટકી, ચમકી, બે કડાં કિં. રૂા.૧૫,૦૦૦ તેમજ રોકડા રૂા. ૪૫,૦૦૦ એમ કુલ ૧,૮૦,૦૦૦ની માલમતાની તસ્કરી થઇ હોવાનું ધ્યાને આવ્યું હતું. સવારથી સાંજ દરમ્યાન ધોળા દિવસે થયેલી આ ઘરફોડ અંગે પોલીસે અજ્ઞાત તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ આદરી છે. ■

# ગાંધીધામ શહેરમાં એમ.ડી ડ્રગ્સનું જાહેરમાં વેચાણ કરતો વૃદ્ધ ઝડપાયોઃ ૨૪.૮૧ ગ્રામ માદક પદાર્થ જપ્ત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓ માટે ટ્રાન્સિસ્ટ પોઇન્ટ બની ચૂકેલા સીમાવર્તી જિલ્લા કચ્છમાંથી લગભગ દરરોજ માદક પદાર્થ પકડાતા રહે છે તેવામાં પંચરંગી ગાંધીધામ શહેરના કલેક્ટર રોડ પર એક ખુલ્લી જગ્યામાં ખાટલા પર બેસીને સરાજાહેર મેફેડ્રોન (એમ.ડી) ડ્રગ્સનું છૂટક વેચાણ કરતા ૬૫ વર્ષીય વૃદ્ધને પોલીસે ઝડપી પાડયો હતો.

આ અંગે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. ચૌધરીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પૂર્વ બાતમીના આધારે આરોપી સલીમ હુસેન મોવરની અંગજડતી દરમ્યાન જમણા પગમાં પહેરેલા ઈલાસ્ટિક બેન્ડ (મેડિકલ બેલ્ટ)માં ૭૪ હજાર ૪૩૦ રૂપિયાની કિંમતના ૨૪.૮૧ ગ્રામ એમ.ડી ડ્રગ્ઝની છુપાવેલી પડીકી મળી આવી હતી.

સલીમ કલેક્ટર રોડ પરના સુલભ શૌચાલયની આસપાસ બપોરથી મોડી રાત સુધી ખાટલાં પર બેસીને માદક દ્રવ્યોની પડીકીઓ વેચતો હોવાનું બહાર આવ્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં સલીમે જણાવ્યું હતું કે, રાજસ્થાનના પ્રતાપગઢનો મુબારક નામનો શખસ તેને ગાંધીધામમાં આવીને ડ્રગ્સ આપી જતો હતો અને એક ગ્રામના એક હજાર રૂપિયા લેખે તેનું છૂટક વેચાણ કરતો હતો.

સલીમ પાસેથી ૧૦ હજાર ૪૯૦ રોકડા રૂપિયા, ઝીપ લોકવાળી પ્લાસ્ટિકના ચાર ખાલી પાઉચ, એમ.ડી ડ્રગ્સનું વજન કરવા માટેનો પોકેટ ડિજિટલ વજનકાંટો, મોબાઈલ ફોન, બીડી-સિગારેટ વગેરે મળી આવ્યા હતા. સલીમ અને મુબારક સામે એન.ડી.પીએસ.ની કલમો તળે ગુનો નોંધવામાં આવ્યો હોવાનું એમ.ડી. ચૌધરીએ ઉમેર્યું હતું. ■

# કચ્છના વાગડ વિસ્તારની પૌરાણિક ધોરેશ્વર જાગીર પાસેથી મહાભારત કાળની ગુફા મળી આવી


(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છના વાગડ પંથકના ભુટકિયા ખાતે આવેલી પૌરાણિક ધોરેશ્વર જાગીર પાસે એક દટાઈ ગયેલી મહાભારત કાળની કહેવાતી પ્રાચીન ગુફા મળી આવતાં ઇતિહાસ પ્રેમીઓ રોમાંચિત બન્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વાગડના ચમત્કારી કહેવાતાં આ પૌરાણિક સ્થળની આસપાસ નદીની કોતરો વચ્ચે ક્યાંક ગુફા દટાયેલી હોવાની વાર્તાને પગલે ગ્રામજનોએ ભેગા થઈને ગુફા શોધવાનું કાર્ય હાથ ધર્યું હતું જેમાં ખોદકામ કરતાં આ પાંડવોની કહેવાતી ઐતિહાસિક ગુફા મળી આવી હતી.

કેટલાક ગ્રામજનોના કહેવા મુજબ, ઉપરવાસમાં આવેલાં માયાગર તળાવના પાણી કોતરોમાંથી વહેતાં હોઈ, રેતીકાપ દ્વારા આ મહાભારત કાળની ગુફા દટાઈ ગઈ હતી જેને ગ્રામજનો દ્વારા ખોદકામ કરતાં મળી આવી છે. ગુફા વિશે લોકવાયકા એવી છે કે, પાંડવો તેમના અજ્ઞાતવાસ દરમ્યાન અહીં રહેતા હતા. આ ગુફામાં એક મોટું ત્રિશૂલનું નિશાન પથ્થરમાં કોતરવામાં આવેલું છે. બાજુમાં તપ કરવા માટે બેઠક વ્યવસ્થા છે તેમજ અન્ય ગુફાનું સુંદર પ્રવેશદ્વાર છે.

આ રહસ્યમયી સ્થળનું પુરાતત્ત્વ વિભાગ દ્વારા તાત્કાલિક સર્વેક્ષણ કરવામાં આવે તો આ ગુફા કેટલી જૂની છે, પથ્થરોમાં કોતરવામાં આવેલાં ભીતચિત્રો, સિંહનાં ચિત્ર સાથે મૂર્તિઓના ઇતિહાસ, પાંડવોની હાજરી અંગે સચોટ માહિતી મળી શકે તેમ ગ્રામજનોએ ઉમેર્યું હતું. ■



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

# રાજકોટમાં ખેતલાબાપા મંદિરમાંથી મળ્યા બાવન સાપ, વનવિભાગે કરી કાર્યવાહી



(તસ્વીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા ખેતલાબાપા મંદિરમાં સેન્ડબુઆ સાપ રાખવામાં આવ્યા હોવાની વનવિભાગને જાણકારી મળી હતી. વનવિભાગે અહીં તપાસ કરી ત્યારે તેઓ ચોંકી ગયા હતા કારણ કે અહીં તેમને એક પછી એક એમ કુલ બાવન સાપ મળ્યા હતા. વનવિભાગે મંદિરના મહંતની વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ ૧૯૭૨ હેઠળ ગુનો નોંધી અટકાયત કરી હતી અને નિવેદન લીધા બાદ જામીન પર મુક્ત કર્યા હતા. મહંત પોતે સ્નેક હેન્ડલર છે અને સાપના જાણકાર હોવાનું બહાર આવ્યું હતું. આ સાથે સાપની તસ્કરી ન થતી હોવાનું પણ જાણવા મળ્યું હતું. જોકે તેમ છતાં વનવિભાગે તપાસ ચાલુ રાખી છે. આ સાથે સાપને જંગલ વિસ્તારમાં છોડવાની કામગીરી પણ હાથ ધરી હતી. મંદિરના મહંત મનુભાઈ દૂધરેજિયા વર્ષોથી મંદિરમાં સેવા પૂજા કરી રહ્યા છે. વર્ષ ૨૦૦૬માં આ મંદિર ખાતે ખેતલાબાપાની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ત્યારથી અહીં કોમન સેન્ડબુઆ સાપ રાખવામાં આવ્યા છે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ■

# ભાવનગરના ફોરેસ્ટ અધિકારીએ પ્રેમિકાને પામવા પત્ની અને બે માસૂમ બાળકોની હત્યા કર્યાનો ખુલાસો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: શહેરમાં ચકચાર બચાવનાર ટ્રીપલ હત્યા કેસના આરોપી ફોરેસ્ટ અધિકારી શૈલેષ ખાંભલાએ પોલીસ રિમાન્ડ દરમિયાન પોતાની પત્ની અને બાળકોની હત્યા પ્રેમિકાને પામવા કરી હોવાનું જણાવ્યું હતું.

ભાવનગર શહેરના ફોરેસ્ટ કોલોનીમાં વન વિભાગના અધિકારીએ તેની પત્ની અને બે બાળકોને હત્યા કરી લાશ ખાડામાં નાખી દીધી હતી. પોલીસે હત્યારા શૈલેષ ખાંભલાને ઝડપી કોર્ટમાંથી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા છે. શૈલેષ ખાંભલાની પૂછપરછ કરતા એક મોટો ખુલાસો બહાર આવ્યો છે. જેમાં શૈલેષ ખાંભલાને વન વિભાગમાં ફરજ બજાવતી એક યુવતી સાથે છેલ્લાં ચાર વર્ષથી પ્રેમ સંબંધ હોય જેના કારણે યુવતીને પામવા આ હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં ખુલવા પામ્યું છે. ભાવનગરની પોલીસે આ યુવતીની અટક કરી તેની પૂછપરછ હાથ ધરી છે. આમ ભાવનગરના ક્લાસ વન અધિકારીએ પ્રેમિકાને પામવા પોતાની પત્ની તેમજ બે માસૂમ બાળકોની હત્યા કરી હતી. પોતાની માતા ક્યાં છે તે સવાલનો જવાબ આપવાનો ન પડે તે માટે પત્ની બાદ બે માસુમ બાળકોનો પણ ભોગ લીધો હતો. આ બનાવે રબારી સમાજમાં પણ ભારે ફિટકાર વરસાવ્યો છે. સુરત ખાતે પણ આરોપી વિરુદ્ધ કડક પગલાં ભરવા અંગે રેલી યોજાઇ હતી. ■

# મોરબી-માળિયા હાઈ વે પર બે યુવાનનાં અકસ્માતમાં મોત, ત્રીજો મિત્ર ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના મોરબી-માળિયા હાઈ વે પર બે નવયુવાન મિત્રનું લોહી રેડાયું હતું. ત્રિપલ સવારીમાં જતા ત્રણ મિત્રોમાંથી બેનાં મોત નિપજ્યાં હતાં જ્યારે ત્રીજો મિત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

અહીંના ભરતનગર નજીક એક ટ્રક ચાલકે ત્રિપલ સવારીમાં જતી બાઈકને હડફેટે લીધી હતી અને બે બાવીસ વર્ષીય યુવાન મિત્ર અમિતભાઈ રમેશભાઈ વિશ્વકર્મા (ઉં. વ. ૨૨) અને શિવરામભાઈ ભેરુસિંહ ભાભર (ઉં. વ. ૨૨)નાં મોત નિપજ્યાં હતાં જ્યારે એક મિત્ર ગંભીર રીતે ઘાયલ થયો હોવાનું જાણવા મળ્યું છે.

મોરબી-માળિયા હાઈવે પર ભરતનગર ગામ નજીક રાત્રિના સમયે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક ટ્રક ચાલકે ત્રિપલ સવારી બાઇકને હડફેટે લેતા બે યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો, જેને વિશેષ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ■

# ડિસેમ્બર મહિનામાં સૂર્યકિરણ ટીમ રાજકોટના આકાશમાં બતાવશે કરતબો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વધુ એક શહેરમાં 'સૂર્યકિરણ' એરોબેટિક ટીમનો જબરદસ્ત એર શો યોજાશે. મળતી વિગત પ્રમાણે, ૭ ડિસેમ્બરના રોજ રાજકોટવાસીઓને એક અદ્ભુત અને સાહસિક હવાઈ પ્રદર્શન જોવાનો મોકો મળશે. આ એર શોમાં ભારતીય વાયુસેનાની પ્રખ્યાત 'સૂર્યકિરણ' ટીમ દ્વારા રાજકોટના આકાશમાં અવનવા અને રોમાંચક સ્ટન્ટ રજૂ કરવામાં આવશે. આ એર શોનો મુખ્ય ઉદ્દેશ બાળકો અને યુવાનોને ભારતની સશસ્ત્ર સેનાઓ (આર્મી, નેવી, એરફોર્સ)માં જોડાવવા માટે પ્રેરણા આપવાનો છે.

સૂર્યકિરણ ટીમે આ પહેલા પણ ગુજરાતમાં શૌર્ય બતાવ્યું છે. તાજેતરમાં ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી વખતે કેવડિયાના આકાશમાં ટીમે અદ્ભુત શૌર્ય પ્રદર્શન કર્યું હતું. આ પહેલાં મહેસાણામાં પણ ઇતિહાસમાં પહેલીવાર 'સૂર્યકિરણ' એરોબેટિક એર શો યોજાયો હતો, જ્યાં વિમાનોએ ચોકસાઈના રંગો આકાશમાં પાથરી લોકોનાં દિલ જીતી લીધાં હતાં.

૧૯૯૬માં રચાયેલી એસકેએટી એશિયાની એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ છે, જે સર્વદા સર્વોત્તમના સૂત્ર સાથે શ્રેષ્ઠતા અને શિસ્તનું પ્રતીક છે. અત્યાર સુધીમાં ટીમે ભારત સહિત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, સિંગાપોર અને યુએઈમાં ૭૦૦ થી વધુ પ્રદર્શનો કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે. આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં વડોદરા, જામનગર, નલિયા અને ભુજમાં યોજાયેલા એસકેએટી શોએ ગુજરાતીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ■